સુરતમાં ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ

ગુજરાતના આંગણે સ્વાસ્થ્ય ચિંતન શિબિર

ભરૂચમાં એકસાથે 13 હજાર લાભાર્થીઓને મળ્યો લાભ

આઝાદી કા અમૃત મહોત્સવ

વર્ષ : ૬૨ ■ અંક : ૧૦ ■ તા.૧૬-૫-૨૦૨૨


# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક

# જનસેવાની નિષ્ઠા અપાર ગૌરવદિને વિકાસ અપરંપાર



# પાટણના રિજિયોનલ સાયન્સ સેન્ટરની તસવીરી ઝલક...











# Gujarat

The Reliable fortnightly of Gujaratis

**Year : 62 ▪ Issue : 10 ▪ Date 16 - 5 - 2022**

**તંત્રી** : આર. કે. મહેતા

**સહતંત્રી** : અરવિંદ પટેલ

**કાર્યવાહક તંત્રી** : પુલક ત્રિવેદી

**સંપાદક** : મિનેશ ત્રિવેદી

**સહસંપાદક** : દેવાંગ મેવાડા, હર્ષદ રૂપાપરા

**કલાનિર્દેશક** : જસ્મીન દવે

**વિતરણ વિભાગ** : એન. એમ. રાઠોડ, ગીતા દેસાઇ, બી. કે. પરમાર

ગુજરાત પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

**વિતરણ વિભાગ** : ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦, ૨૩૨૫૩૪૪૨

**ઈ-મેઇલ એડ્રેસ** : gujaratmagazine@gmail.com

**ફેસબુક લિંક** : gujaratinformation.official

**તંત્રી વિભાગ**

'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦, ૨૩૨૫૪૪૧૨

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**



રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.



માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. તથા ગુજરાત ઓફસેટ પ્રા. લિ., અમદાવાદ દ્વારા મુદ્રિત

**48 + 4 Cover = Total 52 Pages**

આ અંક નીચેની વેબસાઈટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે
**www.gujaratinformation.gujarat.gov.in**

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઈઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ્ડ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી નિયામકશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લોટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેઇલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ગુજરાત પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.




# શબ્દશ:

- રાજ્ય સરકારે વિકાસનું પર્વ લોકો વચ્ચે જઈને ઊજવી તેના લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડ્યા છે.
- ગુજરાત વિકાસની એવી ઊંચાઈ પર છે કે વિશ્વઆખું ગુજરાત તરફ આકર્ષાયું છે.
- ગુજરાતની અવિરત વિકાસયાત્રાથી વિકસિત રાષ્ટ્રોના નિષ્ણાતો, અર્થશાસ્ત્રીઓ પ્રભાવિત થયા છે.
- ગુજરાત જનભાગીદારીથી વિકાસનું રોલ-મોડેલ બન્યું છે.
- વડાપ્રધાનશ્રીના ભારતને પાંચ ટ્રિલિયન ડોલર ઈકોનોમી બનાવવાના વિઝનને સિદ્ધ કરવા ગુજરાત પ્રતિબદ્ધ છે.
- ગુજરાતમાં સાડા આઠ હજારથી વધુ સ્ટાર્ટઅપ કાર્યરત છે, તથા ૧૨૫ જેટલી પેટન્ટ ફાઈલ કરવામાં આવી છે.
- છેલ્લાં ત્રણ વર્ષથી ગુજરાત દેશમાં સૌથી વધુ ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ મેળવીને ટોચ પર રહ્યું છે.
- આદિજાતિ બાળકો ઘરઆંગણે શિક્ષણ મેળવી ડૉક્ટર-ઈજનેર-પાઈલોટ બન્યાં છે.
- ગુજરાત સરકારે 'PMJAY-મા યોજના' હેઠળ ૨.૨૫ કરોડ નાગરિકોને ૫ લાખ રૂપિયાનું આરોગ્ય કવચ આપ્યું છે.
- ગુજરાતમાં ટુરીઝમનો ગ્રોથ બે દાયકા પહેલાં 1.25 ટકા હતો, આજે આ ગ્રોથ વધીને 18 ટકા પહોંચી ગયો છે.
- રાજ્યનો કોઈપણ સમાજ વર્ગ વિકાસથી વંચિત ન રહે તે માટે રાજ્ય સરકારે શ્રેષ્ઠ આયોજન કર્યું છે.

(મુખ્યમંત્રીશ્રીએ આપેલાં વિવિધ વક્તવ્યોના સંકલિત અંશો)

આકર્ષણ




6 સમિટ
સુરતમાં 'ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ-૨૦૨૨'

8 સુશાસન
ભરૂચમાં ચાર યોજનાના 13 હજાર લાભાર્થીઓને એકસાથે લાભ

11 ઉજવણી
ભાવનગર શહેરનો ૩૦૦મો સ્થાપના દિવસ ઊજવાયો

12 સુવિધા
રાજકોટમાં વંચિતોને મળ્યું કાયમી સરનામું

14 રોડ-મેપ
ભારતને પાંચ ટ્રિલિયન ડોલર ઇકોનોમી બનાવવાના વિઝનને સિદ્ધ કરવા ગુજરાત પ્રતિબદ્ધ

16 ચિંતન
સ્વાસ્થ્ય ચિંતન શિબિરનું ફળદાયી મંથન દેશના આરોગ્ય ક્ષેત્રમાં નવી ચેતના લાવશે

18 ગૌરવ દિન
જનસેવાની નિષ્ઠા અપાર, ગૌરવદિને વિકાસ અપરંપાર

25 નિર્ણય

26 પ્રવાસન
કંથારપુર વડ પ્રવાસનધામ

27 સંવેદના
ગિયોડમાં જનનાયકનો જનસંવાદ

28 વિકાસગાથા
આદિજાતિઓના વિકાસ માટે સરકાર કૃતનિશ્ચયી

30 સાગરમાલા પ્રોજેક્ટ : ગુજરાતમાં ૫૭ હજાર કરોડના ૭૫ પ્રોજેક્ટ પ્રગતિમાં

31 સમાચાર વિશેષ

40 આસપાસ

45 સંભાળ
૧૦૮ની એર એમ્બ્યુલન્સ સેવા - રાજકુમાર

46 સાફલ્યગાથા
નંદઘરોના બાળકોને શુદ્ધ ઘીની સુખડીનો પૂરક આહાર - દર્શન ત્રિવેદી

47 વડોદરામાં પ્રથમ ખાનગી દંત સંગ્રહાલય - સુરેશ મિશ્રા

48 શાકભાજી વેચતી મહિલાના ગળાની ગાંઠ દૂર કરાઇ - ટીમ ગુજરાત

49 'માન્યતા' નહીં 'માનવતા' મહેકે છે - હિમાંશુ ઉપાધ્યાય

50 પ્રેરણા
આદિવાસી અબળાને "સબળા" બનાવનાર પદ્મશ્રી રમીલાબહેન - વૈશાલી પરમાર

# મુખ્યમંત્રીશ્રીની મૃદુતા અને મક્કમતાના સમન્વયની છબી જન-જનના હૃદયમાં અંકિત

મક્કમ નિર્ણય લેવાની ક્ષમતા અને મૃદુતાપૂર્ણ વ્યવહારની શૈલી જે વ્યક્તિત્વમાં હોય તેનાથી સમાજ અને પ્રદેશને જે મળે એ અવર્ણનીય હોય. ગુજરાતની ખુશકિસ્મતી એ છે કે, ગુજરાતના સુકાની શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વ્યક્તિત્વમાં મૃદુતા અને મક્કમતા બંને સદ્‌ગુણોનો સુપેરે સમન્વય જોવા મળે છે. મુખ્યમંત્રીશ્રીના મક્કમ મનોબળ અને નિર્ણાયકતાનો વધુ એક પ્રસંગ એમણે તાજેતરમાં મહેસૂલી ક્ષેત્રે લીધેલા પરિણામલક્ષી નિર્ણયો દ્વારા જોવા મળ્યો છે. વર્ષો જૂના નાબુદ થયેલા 24 જેટલા વિવિધ મહેસૂલી કાયદાઓથી ઉદ્‌ભવતા પ્રશ્નોનું નિરાકરણ હવેથી જિલ્લા કક્ષાએ લાવવાનો મહત્ત્વનો નિર્ણય તેમણે કર્યો છે. સરળ, સહજ અને સૌમ્ય સ્વભાવની મુખ્યમંત્રીશ્રીની છબી ગુજરાતની જનતાના હૃદયમાં અંકિત થઈ છે. ગાંધીનગર જિલ્લાના કંથારપુર વડની મુલાકાત વેળા મુખ્યમંત્રીશ્રીની સરળતા અને સાહજિકતાનો વધુ એક વખત અનુભવ થયો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને ‘કોમન મેન’ની જેમ લોકો સાથે સહજતાથી ભળી જઈને ઘરના વડીલની જેમ આત્મીયતાપૂર્વક તેમની સમસ્યાનું નિરાકરણ લાવતા જોઈને હાજર સૌ કોઈના મનમાં મુખ્યમંત્રી માટેનો આદર બેવડાઈ ગયો હતો.

સર્વસમાવેશક વિકાસના સંસ્કાર વારસાની ગુજરાતમાં સુવાસ છે. ગુજરાત રાજ્યના 62મા સ્થાપના દિવસની પાટણમાં ગરિમાપૂર્ણ ઉજવણી થઈ ત્યારે ગૌરવવંતી ગુજરાતની ભોમકાના ઈતિહાસના ગૌરવગાનનો અદ્‌ભુત નજારો જોવા મળ્યો. પાટણ જિલ્લામાં રૂ. 140 કરોડનાં વિકાસકામોથી સમગ્ર જિલ્લો નવપલ્લવિત બન્યો. ઉત્તર ગુજરાત માટેના અલાયદા રિજિયોનલ સાયન્સ સેન્ટર સહિત પાણી-ડ્રેનેજનાં વિવિધ કામો અને અન્ય માળખાકીય સુવિધાઓનો પાટણવાસીઓને લાભ મળતો થશે.

વિકાસને વધુ વેગવંતો બનાવતી અમદાવાદ, ગાંધીનગર, વડોદરા અને જામનગરની કુલ ૭ ટાઉન પ્લાનિંગ સ્કીમને મંજૂરી આપવામાં આવી છે. આના પરિણામે આ ચાર શહેરોના નગરજનોની સુખાકારીમાં નિ:સંદેહપણે વધારો થશે. અહીં એ પણ ઉલ્લેખનીય રહે કે, ગુજરાતની વિકાસયાત્રાને આગળ ધપાવતા ભગવાન પરશુરામ પ્રાગટ્યોત્સવ પ્રસંગે અમદાવાદમાં રૂ. ૧૪૩ કરોડનાં વિવિધ વિકાસકામો એકસાથે આરંભાયાં. જેમાં બોપલમાં ૭૦ આવાસો તેમ જ ઝુંડાલના ૧૧૨૦ આવાસોનો સમાવેશ થાય છે. નગરો અને મહાનગરોનો આધુનિક વિકાસ કેવો હોય તે દેશ અને દુનિયાને ગુજરાતનાં નગરોએ બતાવી આપ્યું છે. ૩૦૦મી સ્થાપના દિવસની ઉજવણી કરી રહેલું ભાવનગર તેના અલંગ શિપબ્રેકિંગ યાર્ડથી જગતભરમાં જાણીતું છે. ભારત સરકારની રિસાઈકલિંગ પોલિસીને પગલે રિસાઈકલિંગ ક્ષેત્રે અલંગ ઉત્તરોત્તર પ્રગતિનાં નવાં સોપાનો સર કરી રહ્યું છે.

આદિજાતિ બહુલ છોટાઉદેપુરમાં જૂથ પાણીપુરવઠા યોજના, પશુદવાખાનાં, ગ્રામ્ય માર્ગો અને નવી આંગણવાડીઓ સહિત રૂ. ૧૩૧ કરોડનાં વિકાસકાર્યોના લોકાર્પણ-ખાતમુહૂર્તથી નાગરિકોના મુખ ઉપર સ્મિત છવાયું. ગુજરાત સરકારની સ્ટાર્ટઅપ, ઈનોવેશન, MSME માટેની પ્રોત્સાહક નીતિઓના પરિણામે દેશ અને દુનિયાના ઉદ્યોગકારો, મૂડીરોકાણકારો ગુજરાતમાં આવવા ઉત્સુક છે. અમદાવાદમાં યુવા ઉદ્યોગસાહસિકોના પરિસંવાદમાં સેંકડો યુવાનોએ ભાગ લઈને ગુજરાતમાં મૂડીરોકાણની સંભાવનાઓ અને ઉદ્યોગવિકાસ સંદર્ભે ફળદાયી વિમર્શ કર્યો. આજે પ્રત્યેક ગુજરાતી ગૌરવ સાથે કહી શકે છે કે, છેલ્લાં ત્રણ વર્ષથી ગુજરાત દેશમાં સૌથી વધુ ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ મેળવીને દેશભરમાં અગ્રસ્થાને છે. દેશને પાંચ ટ્રિલિયન યુએસ ડોલરની અર્થવ્યવસ્થા બનાવવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બનાવેલા રોડમેપ ઉપર મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં ઊર્જાવાન સરકારે પ્રતિબદ્ધતા સાથે એક ઉચ્ચસ્તરીય ટાસ્ક ફોર્સની રચના કરી છે. આ ટાસ્કફોર્સની ભલામણના આધારે વિવિધ ક્ષેત્રોના વિકાસ ઉપર ભાર મૂકવામાં આવશે.

તાજેતરમાં યોજાયેલી સ્વાસ્થ્ય ચિંતન શિબિરમાં દેશનાં ૨૫ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના આરોગ્યમંત્રીઓ અને સચિવોની યજમાની કરવાનો અવસર ગુજરાતને મળ્યો. આરોગ્ય ક્ષેત્રે ગુજરાત સરકારનું કામ દેશ-વિદેશમાં દીવાદાંડીરૂપ બની રહ્યું છે. રાજ્યમાં અંગદાન અંગે લોકજાગૃતિમાં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે. પ્રસ્તુત અંકમાં સમાવિષ્ટ ગુજરાતના વિકાસની ગાથાઓ ઉપરાંત રાજ્યની પ્રગતિને વર્ણવતા વિશેષ અહેવાલો ગુજરાત પાક્ષિકના સુજ્ઞ વાચકોને ગમશે એવી મને શ્રદ્ધા છે.

જય જય ગરવી ગુજરાત...

**માહિતી નિયામક**

## સુરતમાં 'ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ-૨૦૨૨'

# ગ્રામ્ય અર્થકારણને ધબકતું રાખવા વડાપ્રધાનનું આહ્વાન







ગુજરાતના આર્થિક અને ઔદ્યોગિક પાટનગર તરીકે જાણીતા એવા સુરતને પાટીદારોએ સખત પરિશ્રમ અને સાહસિકતાના ગુણોથી સમૃદ્ધિના શિખરે પહોંચાડ્યું છે. મિશન ૨૦૨૬ હેઠળ રાજ્યમાં સર્વ ક્ષેત્રમાં ઉદ્યોગ/વ્યાપારનો વિકાસ થાય, નવા ઉદ્યોગ-સાહસિકો મળે, અને તે દ્વારા રાજ્યમાં ઔદ્યોગિક ક્ષેત્રે વધુ રોજગારીના અવસરો પેદા થાય, સાથોસાથ યુવા ઉદ્યોગસાહસિકોને પ્રગતિ માટે ગ્લોબલ પ્લેટફોર્મ મળે તેવા ઉદ્દેશ સાથે ગ્લોબલ પાટીદાર સમિટનું સુરતમાં આયોજન કરાયું હતું. સરદારધામ આયોજિત SRK ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ અને એક્ઝિબિશનનો વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ચ્યુઅલ પ્રારંભ કરાવ્યો હતો.

વડાપ્રધાનશ્રીએ વીડિયો કોન્ફરન્સથી સંબોધન કરતાં પાટીદાર ઉદ્યોગકારોને ગ્રામ્ય વિસ્તારોમાં રોકાણ કરીને ગ્રામ્ય અર્થકારણને ધબકતું રાખવાનું કહ્યું હતું. વડાપ્રધાનશ્રીએ જણાવ્યું કે, સંપત્તિવાન જરૂર બનવું જોઈએ, પણ ગામડાં અને ખેતીને ક્યારેય ન ભૂલવાં, કારણ કે ગ્રામીણ અને કૃષિસંસ્કૃતિ આપણી જડ છે. એગ્રોબેઝ્ડ ઇન્ડસ્ટ્રીઝ, પ્રાકૃતિક ખેતી અને ફૂડ પ્રોસેસિંગમાં અપાર સંભાવનાઓ રહેલી છે. યુવાધન આ તકો ઝડપીને ગ્રામ્ય પ્રગતિમાં ભાગીદાર બને એવી અપીલ પણ તેમણે કરી હતી.

તેમણે સરદારસાહેબનું સ્મરણ કરતાં જણાવ્યું કે, દેશને આઝાદી મળી ત્યારે સરદારસાહેબે કહ્યું હતું કે ભારતમાં સંપત્તિની કોઈ કમી નથી. આપણે ફક્ત આપણા દિમાગ અને સંસાધનોનો શ્રેષ્ઠ ઉપયોગ કરવો પડશે. દેશના દરેક જિલ્લામાં ૭૫ અમૃત સરોવર બનાવવા સંકલ્પબદ્ધ બનવાનો અનુરોધ કરતાં વડાપ્રધાનશ્રીએ ઉમેર્યું કે, સરકારે કરોડો રૂપિયાની આર્થિક સહાય કરીને MSME ક્ષેત્ર સહિતની લાખો નોકરીઓ બચાવી હતી અને ફળસ્વરૂપે આજે આ ક્ષેત્ર ઝડપથી નવી રોજગારીનું સર્જન કરી રહ્યું છે.

વડાપ્રધાનશ્રીએ પાટીદાર ગ્લોબલ સમિટના આયોજનને વધાવતાં કહ્યું કે, રોજગાર, વ્યાપારવૃદ્ધિ અને નવા બિઝનેસની તકો આપતા સરદારધામની 'સમાજનિર્માણથી રાષ્ટ્રનિર્માણ'ની





ભાવના સરાહનીય છે. તેમણે સમિટમાં કૃષિને આધુનિક બનાવવા અને કૃષિમાં રોકાણને આકર્ષવા માટે રચનાત્મક માર્ગો શોધવા અને ખેતીની નવી રીતો, નવા પાકો, એગ્રિબિઝનેસ અને મૂલ્યવર્ધન, ગુજરાતની જમીનનો અભ્યાસ જેવાં ઘણાં ક્ષેત્રોનો સર્વાંગી વિકાસ કરવા વિવિધ ટીમો બનાવવાનું સૂચન કર્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વીડિયો સંદેશ દ્વારા સમિટની સફળતાની શુભેચ્છા પાઠવતાં જણાવ્યું કે, સરદારસાહેબના જીવનના ઉચ્ચ આદર્શોમાંથી પ્રેરણા લઈ સરદારધામે સમાજસેવા, શિક્ષણસેવાના અનેકવિધ આયામોથી સમાજનિર્માણથી રાષ્ટ્રનિર્માણની ભાવના મજબૂત બનાવી છે.

મુખ્યમંત્રીશ્રીએ આ પ્રકારની સમિટ આત્મનિર્ભરતાની ભાવના વિકસાવી યુવા ઉદ્યોગસાહસિકોને ગ્લોબલ બનાવે છે એવો મત વ્યક્ત કરતાં ઉમેર્યું કે, કેન્દ્ર અને રાજ્ય સરકારે પણ આ સમિટમાં MSME ક્ષેત્ર, સ્ટાર્ટઅપ અને ઇનોવેશન પોલિસી, મેક ઇન ઇન્ડિયા, સ્કિલ ઇન્ડિયા તેમજ અનેકવિધ સરકારી વિભાગોના સ્ટોલ થકી સહભાગિતા કરી છે. આગામી ૨૦૨૪માં રાજકોટ અને ૨૦૨૬માં યુ.એસ.એ.માં બિઝનેસ સમિટ યોજવાની જાહેરાત પણ કરવામાં આવી હતી.

આ વેળાએ સરદાર પટેલ ઇન્ટરનેશનલ બિઝનેસ ઓર્ગેનાઇઝેશન ડિજિટલ પ્લેટફોર્મનું લોન્ચિંગ કરાયું હતું. મહાનુભાવોના હસ્તે 'સરદારધામ સમાજરત્નો' કોફી ટેબલ બુકનું વિમોચન કરાયું હતું.

આ પ્રસંગે સરદારધામના પ્રમુખ સેવક શ્રી ગગજીભાઈ સુતરિયા, શ્રી રામકૃષ્ણ ગ્રુપના ચેરમેન અને સમિટના મુખ્ય સ્પોન્સર શ્રી ગોવિંદભાઈ ધોળકિયા, પદ્મશ્રી મથુરભાઈ સવાણી, સૌરાષ્ટ્ર પાટીદાર સમાજ-સુરતના પ્રમુખ શ્રી કાનજીભાઈ ભાલાળા, પાટીદાર અગ્રણી શ્રી મનહરભાઈ સાસપરા, ઉદ્યોગજગતના અગ્રણીઓ, ઉદ્યોગસહાસિકો તેમજ દેશ-વિદેશમાંથી ડેલિગેટ્સ પણ ઉપસ્થિત રહ્યા હતા.

ત્રિદિવસીય SRK ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ અને એક્ઝિબિશનના બીજા દિવસે કેન્દ્રીય રેલવે અને ટેક્સટાઇલ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન જરદોશ, ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી, શહેરી ગૃહનિર્માણ અને શહેરી વિકાસ રાજ્યમંત્રીશ્રી વિનોદભાઈ મોરડિયાએ મુલાકાત લઈ વિવિધ વિષયો પરના સેશનમાં જોડાયા હતા. પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના રૂપપુર ગામની ૨૨ વર્ષીય દીકરી પૂજા પટેલે સરદારધામને રૂ. ૫૧ લાખનું દાન આપી સ્થાપક ટ્રસ્ટી બન્યાં હતાં, જેઓનું મંત્રીશ્રી દર્શનાબહેનના હસ્તે સન્માન કરાયું હતું.

આ પ્રસંગે ગૃહ રાજ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતુ કે, સરદારધામની યુવાટીમની જહેમતથી સફળ બનેલી આ સમિટ અનેક લોકોને નવો રાહ ચીંધશે. મહત્તમ પાટીદાર ઉદ્યોગપતિઓ ગામડાંની પૃષ્ઠભૂમિ સાથે જોડાયેલા છે, ત્યારે તેમનાં સમાજકાર્યો ગ્રામ્ય વિસ્તારોના નવલોહિયા યુવાનોને પણ પ્રેરણા આપશે.

ગુજરાતને પ્રગતિશીલ બનાવવા પ્રજાનાં રચનાત્મક સૂચનો આવકાર્ય છે એમ જણાવતાં ઉમેર્યું કે, ગુજરાતી પ્રજા શાંતિપ્રિય અને સભ્ય પ્રજા છે, ત્યારે કાયદો અને વ્યવસ્થાનું રાજ જળવાઈ રહે એ માટે ગૃહ વિભાગ સતત સક્રિય છે. રાજ્યમાં ડ્રગ્સના દૂષણને નાથવામાં પોલીસ વિભાગની કામગીરી સરાહનીય છે. કારણ કે રાજ્ય પોલીસ ગુજરાતની બોર્ડરમાં ડ્રગ્સ ઘૂસે એ પહેલાં જ ડ્રગ્સ અને તેની સાથે સંકળાયેલા અપરાધીઓને ઝડપવા તૈયાર હોય છે એમ જણાવી રાજ્યમાં ડ્રગ્સના દૂષણને જડમૂળથી દૂર કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. શહેરી વિકાસ રાજ્યમંત્રીશ્રી વિનોદભાઈ મોરડિયાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં કહ્યું કે, આ સમિટને માત્ર પાટીદાર જ નહીં, પણ સર્વ સમાજનો ઉમળકાભર્યો આવકાર અને સહકાર મળ્યો છે. રાજ્ય અને કેન્દ્ર સરકારની બહોળી ભાગીદારી ઊડીને આંખે વળગે છે.

સરદારસાહેબના વિચારો પણ લોખંડી હતા એટલે જ સરદાર પટેલ નેતૃત્વનો પર્યાય બન્યા છે એમ જણાવતાં આત્મનિર્ભર ભારતની વિભાવનાને અપનાવી સુરત અને ગુજરાતે નેતૃત્વ કર્યું છે. સુરતના હજીરામાં બનતી સ્વદેશી વજ્ર ટેન્ક તેનું ઉત્તમ ઉદાહરણ છે એમ જણાવી એક બિઝનેસ સમિટને નિહાળવા સામાન્ય જનતાનો ઉત્સાહ કાબિલેદાદ ગણાવ્યો હતો.

સરદારધામના પ્રમુખ સેવક શ્રી ગગજીભાઈ સુતરિયાએ સૌ મંત્રીશ્રીઓને સ્મૃતિચિહ્ન અને શાલ અર્પણ કરી આવકાર્યા હતા. આ પ્રસંગે ધારાસભ્યશ્રી વિવેકભાઇ પટેલ, બિઝનેસમેનો, તજજ્ઞ વક્તાઓ, ટેક્નોક્રેટ તેમજ યુવા સાહસિકો સ્થિત રહ્યા હતા. ●



# સરકારનો છે નિર્ધાર
# ગરીબ પરિવારને મળે કલ્યાણ યોજનાનો લાભ





જનકલ્યાણ માટે અમલમાં મૂકવામાં આવેલી સરકારી યોજનાના તમામ લોકોને લાભ મળવાથી અનોખુ પરિવર્તન પણ આવે છે. ગરીબોને લાભ મળવાથી ગરીબ યાચકની ભાવનામાંથી બહાર આવે છે. સરકારની ગરીબલક્ષી જનહિતની યોજનાઓ હેઠળ સો ટકા લાભાર્થીઓને આવરી લઈ પંથ કે વર્ગના ભેદભાવ વિના સૌના સાથ, સૌના વિકાસ અને સૌના વિશ્વાસ સાથે ગરીબ કલ્યાણની દરેક યોજનાઓથી કોઈ લાભાર્થી વંચિત ના રહે તેવા દૃઢ સંકલ્પ સાથે દેશ આગળ વધી રહ્યો છે. તાજેતરમાં ભરૂચ ખાતે ચાર યોજનાના 13 હજાર લાભાર્થીઓને સરકારી યોજનાના લાભ વિતરણ કરવા માટે યોજાયેલા ઉત્કર્ષ કાર્યક્રમમાં વર્ચ્યુઅલી ઉપસ્થિત રહેલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, સરકારની યોજનાઓનો લાભ, પાત્રતા ધરાવતા તમામ હકદારને મળવાથી સામાજિક ભેદભાવ દૂર થાય છે.

લાભાર્થીઓને સમયસર અને ઘરઆંગણે યોજનાના લાભ મળવાથી લાંબી લાઈનમાં ઊભા રહેવું પડતું નથી. સરકાર તેમના ઘરે પહોંચે અને લાભ આપે ત્યારે તેમનામાં કર્તવ્યભાવનાનાં પણ બીજ પણ રોપાય છે. તૃષ્ટિકરણની રાજનીતિનો પણ અંત આવે છે અને સમાજના છેવાડે રહેલી વ્યક્તિને પણ સરકાર તેમની સાથે છે, તેવી અનુભૂતિ થાય છે.

સરકારી યોજનાને સો ટકા પરિપૂર્ણ કરવાના વડાપ્રધાનશ્રીએ આપેલા કોલનો પ્રતિસાદ આપતા ભરૂચ જિલ્લા પ્રશાસન દ્વારા શરૂ કરાયેલી ઉત્કર્ષ પહેલ અંતર્ગત સામાજિક સુરક્ષાની મુખ્ય ચાર યોજનાના સો ટકા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યા હતા.

ગંગાસ્વરૂપા બહેનોને રાજ્ય સરકારની નાણાકીય સહાય માટે કાર્યરત યોજના, રાષ્ટ્રીય વૃદ્ધ સહાય યોજના, નિરાધાર વૃદ્ધ નાણાકીય સહાય યોજના અને રાષ્ટ્રીય પરિવાર સહાય યોજનામાં દેશમાં સૌપ્રથમ વખત ૧૦૦ ટકા લાભાર્થીઓને આવરી લેવામાં આવ્યા છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા ભરૂચ ખાતે આવી યોજનાઓના કુલ ૧૩ હજાર લાભાર્થીઓને વિવિધ લાભ આપવામાં આવ્યા હતા. આ યોજનાના લાભાર્થીઓ સાથે વડાપ્રધાનશ્રીએ સંવાદ પણ કર્યો હતો.

વડાપ્રધાન શ્રી મોદીએ જણાવ્યું કે, ગરીબને સરકારી યોજનાનો લાભ મળવાથી તેનામાં આત્મવિશ્વાસનો સંચાર થાય છે અને મુશ્કેલીઓનો સામનો કરવાની શક્તિ મળે છે. આ શક્તિ મળવાથી મુશ્કેલી પણ મજબૂર બને છે અને ગરીબ પોતે સમસ્યાનો સામનો કરવા મજબૂત બને છે.

અત્યાર સુધી એવું બનતું હતું કે, કોઈ યોજનાની જાણકારીના અભાવે લોકો તેના લાભથી વંચિત રહેતા હતા અને તે યોજના કાગળ ઉપર રહેતી હતી. અમારી સરકારે સ્પષ્ટ ઈરાદા, સાફ નીયત અને નેકીથી કામ કરી સૌના સાથ, સૌના વિકાસ અને સૌના વિશ્વાસ, સૌના પ્રયાસથી યોજનાનો લાભ સો ટકા લોકો સુધી પહોંચાડવા સંકલ્પ કર્યો છે.

તેમણે ઉમેર્યું કે, સરકારનાં છેલ્લાં આઠ વર્ષ સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણને સમર્પિત રહ્યા છે. ગરીબ કલ્યાણ યોજનાઓની પાત્રતા ધરાવતો કોઈ પણ લાભાર્થી વંચિત ન રહે તે માટે સરકાર પ્રતિબદ્ધ છે. કોઈ પણ યોજનામાં સો ટકા લક્ષ્ય પ્રાપ્ત કરીએ, તે માત્ર આંકડો નથી, પરંતુ, શાસન, પ્રશાસન ગરીબો

**ગુજરાતની આગવી સિદ્ધિ : ચાર યોજનાના 13 હજાર લાભાર્થીઓને એકસાથે લાભ**

પ્રત્યે સંવેદનશીલ છે, સુખદુઃખનો સાથી છે, તેનું મોટું પ્રમાણ છે.

વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, અમારી સરકાર આઠ વર્ષના સુશાસનના અનુભવ સાથે નવા સંકલ્પો, નવી ઊર્જા સાથે આગળ વધી રહી છે. વર્ષ ૨૦૧૪ પહેલાં દેશની અડધી વસતિને શૌચાલય, રસીકરણ, વીજળીકરણ, બેંકિંગ વગેરેની સુવિધા પૂરતી મળતી નહોતી. અમે સૌના સહિયારા પ્રયાસોથી ગરીબ કલ્યાણની અનેક યોજનાઓ સો ટકા પરિપૂર્ણ થવાની નજીક લાવી શક્યા છીએ. દેશની ૫૦ કરોડ જેટલી વસતિને આયુષ્યમાન ભારત હેઠળ નિઃશુલ્ક આરોગ્ય સારવાર, પ્રધાનમંત્રી જીવન સુરક્ષા યોજના હેઠળ રૂ. ૪ લાખનું વીમાકવચ, પેન્શન, પાકા આવાસો, વીજળી અને પાણી કનેક્શન આપી ગરીબોના જીવનમાં ઉન્નતિનો નવો ઉજાસ પાથર્યો છે.

આઝાદીના અમૃતકાળે દેશના નાગરિકોને મૂળભૂત સુવિધાઓ અને યોજનાઓનો લાભ આપવો એ સામાજિક ન્યાયનું મોટું માધ્યમ છે. ગરીબોને ગરિમા આપી ગુજરાત સરકાર ગરીબોના સર્વાંગી કલ્યાણ માટેના સંકલ્પને સિદ્ધ કરવા મૃદુ છતાં મક્કમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં નિષ્ઠાથી કામ કરી રહી છે તેની તેમણે સરાહના કરી હતી.

તેમણે ઉમેર્યું હતું કે, દેશમાં સૌપ્રથમ વાર ૯૦ ટકા નાના અને સીમાંત ખેડૂતોને પ્રધાનમંત્રી કિસાન સન્માનનિધિ યોજના, માછીમારો માટે ક્રેડિટ કાર્ડ ઉપરાંત શેરી ફેરિયાઓ માટે પીએમ સ્વનિધિ યોજના હેઠળ લોનસહાય ચૂકવવામાં આવી રહી છે. તેનાથી આ વર્ગના લોકો આર્થિક રીતે સક્ષમ બની રહ્યા છે.

ભરૂચ સાથેના પોતાનાં સંસ્મરણો વાગોળતાં વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, એક જમાનામાં ભરૂચમાં રસ્તા ઉપર રેંકડી લઈ ચાલો તો તેમાંથી વસ્તુ નીચે પડી જાય એવી સ્થિતિ હતી. આજે તે જ ભરૂચ યુવાનોનાં સપનાં અને આકાંક્ષાઓનો જિલ્લો બની ગયો છે. મા નર્મદા અને સ્ટેચ્યૂ ઓફ યુનિટીના નિર્માણથી ભરૂચ અને રાજપીપળા જિલ્લાની વૈશ્વિક ઓળખ બની છે. ઔદ્યોગિક વિકાસ સાથે ફ્રેઈટ કોરિડોર, બુલેટ ટ્રેન, એક્સપ્રેસ વેની સુવિધા મળતાં ભરૂચને મોટો લાભ થશે. બ્લ્યુ ઇકોનોમીમાં ભરૂચ જિલ્લો મહત્ત્વનું યોગદાન આપી શકે છે. ભાડભૂત બેરેજ યોજનાથી ભરૂચને ફાયદો થશે.

વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, ઉત્કર્ષ સમારોહ સાચા અર્થમાં ઉત્તમ સમારોહ છે. સરકાર પ્રામાણિક્તાથી સંકલ્પ લઈ લાભાર્થી સુધી પહોંચે તો તેનાં કેવાં સાર્થક પરિણામો મળે એ ગુજરાત સરકાર અને ભરૂચ જિલ્લા પ્રશાસને આ સમારોહથી સાબિત કરી બતાવ્યું છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનાં પદચિહ્નો ઉપર ચાલીને ગુજરાતમાં અંત્યોદયનો ઉત્કર્ષ કર્યો છે. ગુજરાતે વંચિત વર્ગોને આત્મનિર્ભર બનાવવા લોકહિત અને લોકકલ્યાણની યોજનાઓમાં સામાન્ય માનવી, ગરીબ વંચિતને કેન્દ્રમાં રાખીને સુશાસનની દિશા વધુ મજબૂત બનાવી છે.

તેમણે ઉમેર્યું હતું કે, નાનામાં નાના માણસ, અબળા એવી ગંગાસ્વરૂપ બહેનો, નિરાધારો, વંચિતોને સામે ચાલીને યોજનાના લાભ આપવાની ઉત્કર્ષ પહેલથી ભરૂચે દેશને દિશાદર્શન કર્યું છે.

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લાલ કિલ્લાથી રાષ્ટ્રને કરેલા સંબોધનમાં સરકારી યોજનાનો લાભ છેવાડાના તમામ લોકો સુધી પહોંચડવાનો કોલ આપ્યો હતો. ભરૂચ જિલ્લા વહીવટી તંત્રે આ કોલને ઝીલીને લાભાર્થીઓને જિલ્લાના ખૂણેખૂણેથી માત્ર ત્રણ જ માસમાં શોધી કાઢી યોજનાકીય લાભો પહોંચાડી ઘેર બેઠાં ગંગા આવી એ કહેવતને સાચા અર્થમાં સાર્થક કરી બતાવી છે.

તેમણે એમ પણ કહ્યું કે, શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં સરકારે તમામ વર્ગના લોકોની ચિંતા કરી છે. જન-ધનથી બેંક ખાતા, ઉજ્જવલાથી ગેસ કનેક્શન આપી બહેનોને ધુમાડામાંથી મુક્તિ, ઉજાલા દ્વારા વીજળી, પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજના દ્વારા ગરીબ વર્ગના લોકોને રૂ. ૫ લાખની કેશલેસ આરોગ્ય સેવા, કોરોના દરમિયાન ગરીબોને મફત અનાજ અને તમામને વિનામૂલ્યે રસીકરણ તથા વિધવા, નિરાધાર અને દિવ્યાંગોને યોજનાકીય સહાય તથા લાભો આપી આત્મનિર્ભર કર્યા છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે, ગંગાસ્વરૂપા મહિલાઓને આપવામાં આવતી નાણાકીય સહાય વધારીને રૂ.



૧૨૫૦ કરવામાં આવી છે. એટલું જ નહીં, યોજનામાં લાભાર્થીનો પુત્ર ૨૧ વર્ષનો થાય એટલે તેમને સહાય મળતી નહોતી, પણ એ બાધ સરકારે દૂર કર્યો છે, જેના પરિણામે લાભાર્થીઓની સંખ્યા ૩.૭૦ લાખ હતી, જે વધીને ૧૧.૩૬ લાખ સુધી પહોંચી છે. અત્યાર સુધીમાં રૂ. ૧૫૩૦.૭૬ કરોડની સહાય આ યોજનામાં ચૂકવવામાં આવી છે.



વડીલો, દિવ્યાંગોનો સહારો રાજ્ય સરકાર બની છે, તેની ભૂમિકા આપતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ૧૩૦ લાખ વૃદ્ધો અને દિવ્યાંગોને રૂ. ૧૦૩ કરોડ પેન્શન સહાય, પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ૮.૯૦ લાખ પરિવારોને ઘરનાં ઘર આપવામાં આવ્યાં છે. રાજ્યમાં ૧.૬૮ કરોડથી વધુ લોકોના જન-ધન ખાતાં ખોલવામાં આવ્યાં છે, જેમાં રૂ. ૭૪૦૦ કરોડની બચત જમા થઈ છે. એક એક નાગરિકને શોધી સરકારી લાભ આપવામાં આવે છે. આ બાબત વડાપ્રધાનશ્રીના દિશાદર્શનમાં ગુજરાતમાં એક સર્વગ્રાહી, ઈન્ક્લુઝિવ ઈકોસિસ્ટમ ઊભી થઈ છે, તે સૂચવે છે.

રાજ્યમાં ગરીબ કલ્યાણમેળાના માધ્યમથી ૧.૪૭ કરોડ લાભાર્થીઓને રૂ. ૨૬,૬૭૬ કરોડની સહાય હાથોહાથ આપવામાં આવી છે, તેમ તેમણે ઉમેર્યું હતું. રાજ્ય સરકારે માનવતાપૂર્ણ અભિગમ દાખવી જનકલ્યાણની ફરજ નિભાવી સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસના વડાપ્રધાનશ્રીના કાર્યમંત્રને અપનાવ્યો છે, એમ કહી મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, હજુ જે લોકો સરકારી સેવાના લાભથી વંચિત રહી જતા હોય એવા લોકો માટે ઉત્કર્ષ યોજનાની પહેલ કરી છે.

શ્રી પટેલે કહ્યું કે, વડાપ્રધાનશ્રીના ડિજિટલ ઈન્ડિયાના વિચારને મૂર્તિમંત કરવા સરકારની કાર્યપદ્ધતિમાં ટેક્નોલોજીનો વિનિયોગ કરવો આવશ્યક છે. ભરૂચ જિલ્લો ડિજિટલ ઈન્ડિયાના નિર્માણ તરફ આગળ વધતાં ઈ-સંકલન અને વિઝિટર્સ મેનેજમેન્ટ સિસ્ટમ પ્રજાજનોને સમર્પિત કરી છે, જે જનપ્રતિનિધિઓ અને નાગરિકોની સમસ્યાના નિવારણમાં અમૃત અભિગમ બની રહેશે. આ અભિગમ અન્ય માટે પ્રેરણારૂપ છે.

ભરૂચની દૂધધારા ડેરી દ્વારા જિલ્લાનાં ૫૪૦૦ કુપોષિત બાળકોને પોષણક્ષમ બનાવવા અપાનારાં ચણા, મગ અને દૂધનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા વિતરણ કરવામાં આવ્યું હતું.

માર્ગ અને મકાન મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદીએ કહ્યું કે, રાજ્ય પ્રજાના સુખે સુખી અને પ્રજાના દુ:ખે દુ:ખી હોય છે. આ સરકાર દ્વારા સુશાસનની પહેલ કરવામાં આવી છે. નાગરિકોની આશા અને અપેક્ષા પૂર્ણ કરવાનું કામ તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી કરી રહ્યા છે. અનેક પ્રકારની યોજનાઓ અમલમાં મૂકી સમાજના શોષિતો, પીડિતો, ગરીબો, વંચિતોનું જીવન સુશાસન થકી અમૃતમય બને તે દિશામાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ કાર્ય કરી રહ્યા છે.

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમારે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના કુશળ નેતૃત્વમાં દેશ છેવાડાની વ્યક્તિની ચિંતા કરી અંત્યોદયથી સર્વોદય તરફ જઈ રહ્યો છે.

મહિલા અને બાળવિકાસ રાજ્ય મંત્રી શ્રીમતી મનીષાબહેન વકીલે જણાવ્યું કે, ઉત્કર્ષ પહેલ હેઠળ કેન્દ્ર અને રાજ્ય સરકારની મહિલા ઉત્કર્ષલક્ષી યોજનાઓ લાભાર્થીઓના ઘર સુધી પહોંચાડી તંત્ર દ્વારા સરાહનીય પ્રયાસ કરવામાં આવ્યો છે. સરકારની યોજનાઓ તો બનાવવામાં આવે છે, પણ તેનો લાભ તેના લાભાર્થી સુધી પહોંચે તે ખૂબ જ જરૂરી છે. આ કામ ભરૂચમાં કરવામાં આવ્યું છે. નાયબ મુખ્ય દંડક શ્રી દુષ્યંતભાઈ પટેલે જણાવ્યું કે, આ સરકાર છેવાડાના માનવીની સાચા અર્થમાં ચિંતા કરવાવાળી સરકાર છે. કોરોના મહામારીમાં પણ કેન્દ્ર અને રાજ્ય સરકારે ગરીબોને વિનામૂલ્યે અનાજ વિતરણ કરવા સાથે નાગરિકોનું રસીકરણ પણ વિનામૂલ્યે કર્યું છે.

ભરૂચના સાંસદ શ્રી મનસુખભાઈ વસાવાએ જણાવ્યું કે રાજ્ય સરકાર ગુજરાતની પ્રજાની સુખાકારી માટે સતત કામગીરી કરી રહી છે. ભરૂચ જિલ્લાને કેન્દ્ર અને રાજ્ય સરકારની અનેકવિધ યોજનાઓનો લાભ મળી રહ્યો છે, જેને પરિણામે ભરૂચ જિલ્લાનો સર્વાંગી વિકાસ થઈ રહ્યો છે. આ પ્રસંગે સાંસદ શ્રી સી. આર. પાટીલ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી અલ્પાબહેન પટેલ, ધારાસભ્યો સર્વ શ્રી ઈશ્વરસિંહ પટેલ, અરુણસિંહ રણા, મુખ્ય સચિવ શ્રી પંકજ કુમાર, કલેક્ટર શ્રી તુષાર સુમેરા, પદાધિકારીઓ, અધિકારીઓ અને વિશાળ સંખ્યામાં લાભાર્થીઓ સહિત નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. ●

## મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં

# ભાવનગર શહેરનો ૩૦૦મો સ્થાપના દિવસ ઊજવાયો



ભાવનગર શહેરે ૨૯૯ વર્ષ પૂર્ણ કરી તેના ૩૦૦મા વર્ષમાં મંગળ પ્રવેશ કર્યો છે. ભાવનગરના 300મા સ્થાપના દિન પ્રસંગે ત્રિ-દિવસીય ઉત્સવનું આયોજન કરાયું હતું. આ ઉત્સવમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઉપસ્થિત રહી જણાવ્યું હતું કે, કલા, સંસ્કૃતિ, સાહિત્યની નગરી વિકાસ નગરી બને તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. ભાવનગર તેના ભવ્ય સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસા માટે ખ્યાત છે. અનેક કલાવિદો, શિક્ષણવિદો તથા નાટ્યકારો ભાવનગરે આપ્યા છે, ત્યારે આ નગર તેનો વારસો-વૈભવ ટકાવીને આગળ વધે. વડાપ્રધાનશ્રીએ શહેર અને ગામના જન્મદિવસને જનભાગીદારીથી ઊજવવા કરેલા આહ્વાનને પગલે ભાવનગર શહેરના ૩૦૦મા વર્ષમાં પ્રવેશની ઉજવણી થઈ રહી છે તેનો આનંદ છે.

ભાવનગરના રાજવીઓ શહેરના ઊર્ધ્વગામી વિકાસ માટે તે જમાનામાં વિશ્વવિખ્યાત ઈજનેરશ્રી વિશ્વસરૈયા પાસે ડિઝાઈન તૈયાર કરાવીને બોરતળાવ બનાવડાવ્યું હતું તે આજે પણ ભાવનગરની શાન બની રહ્યું છે. મુખ્યમંત્રીશ્રીએ ભાવનગર શહેરના ૩૦૦મા વર્ષના પ્રવેશની શુભકામનાઓ પાઠવતાં જણાવ્યું કે, ભાવનગર તેના અલંગ શિપબ્રેકિંગ યાર્ડ દ્વારા રિસાઈકલિંગ માટે વિશ્વભરમાં ખ્યાત છે. આગામી સમયમાં તે કેન્દ્ર સરકારની રિસાઈકલિંગ પોલિસીને પગલે રિસાઈકલિંગ ક્ષેત્રે ધમધમતું થવાનું છે.

મહાત્મા ગાંધીજીએ જેમાં અભ્યાસ કર્યો હતો તેવી શામળદાસ કોલેજ તથા બાર્ટન લાઈબ્રેરી આ શહેરની શોભા છે તેમ જણાવી તે જમીનમાં રાજાએ શહેરની વચ્ચે વિક્ટોરિયા ગાર્ડનના નિર્માણ દ્વારા પર્યાવરણની રક્ષાનું પણ કાર્ય કર્યું છે. ભાવનગર રાજ્ય સરકારની નીતિઓને કારણે મીઠા અને હીરાઉદ્યોગ ક્ષેત્રે મહત્ત્વનું કેન્દ્ર બની ચૂક્યું છે. આ ક્ષેત્રે મીઠા સંશોધનની અગ્રિમ એવી સોલ્ટ એન્ડ મરીન રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ આ શહેરમાં છે. ૧૭૨૩માં આ શહેરનું તોરણ બંધાયું ત્યારથી આ શહેર વિકસતું, ફૂલતું-ફાલતું રહ્યું છે તેમ જણાવી આ શહેરના વિકાસ માટે તે જમાનામાં રાજાઓમાં પ્રજા કલ્યાણની ભાવના રહેલી છે.

મુખ્યમંત્રીશ્રીએ શહેરના પ્રફુલ દવે, પાર્થિવ ગોહિલ, રવિશંકર રાવળ, વિનોદ જોશી, ગિજુભાઈ બધેકા, નાનાભાઈ ભટ્ટ, મનુભાઈ પંચોળીથી માંડીને ચેતન સાકરિયા સુધીનાં ભાવનગરનાં રત્નોને આ અવસરે યાદ કર્યા હતાં.

શિક્ષણમંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ ભાવનગરના જન્મોત્સવની ઉજવણીની સફળતા જોઈને સમગ્ર વર્ષ દરમિયાન તેની ઉજવણી વિવિધ વિષયો અને થીમ સાથે કરવાની જાહેરાત કરી હતી. આ પ્રસંગે શિક્ષણમંત્રીશ્રીએ મહત્ત્વપૂર્ણ જાહેરાત કરતાં જણાવ્યું કે, ભાવનગર શહેરના જન્મોત્સવની ઉજવણી સમગ્ર વર્ષ દરમિયાન વિવિધ વિષયો સાથે કરવામાં આવશે. તેમણે જણાવ્યું કે, જે રીતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી વિઝન સાથે કાર્ય કરે છે. તેવા વિઝન સાથે તે જમાનાના રાજાઓએ ભાવનગરની તૃષા છિપાવવા બોરતળાવ બનાવ્યું હતું. રાજ્ય સરકારે પણ બોરતળાવના વિકાસ માટે રૂ. ૧૨ કરોડ ફાળવ્યા છે. હૃદયના ભાવથી ઉજવણી થતી હોય ત્યારે તે સફળ થતી હોય છે. ભાવનગરના કૃષ્ણકુમારસિંહજીએ એક જ ઝટકે પોતાનું રજવાડું દેશ માટે સમર્પિત કરી દીધું હતું.

મુખ્યમંત્રીશ્રીની સરળતા છે કે ભાવેણાના જન્મદિવસે સહજ ભાવે ઉપસ્થિત રહ્યા છે. આ ઉજવણી નહીં, પરંતુ પોતાનાપણાના ભાવ સાથે જોડાવાનો અવસર છે. રૂ. ૨૯૬ કરોડના રિંગરોડની મંજૂરી આપીને મુખ્યમંત્રીશ્રીએ નવા ભાવનગરની સંકલ્પના સાકાર કરવાનો માર્ગ ખોલી આપ્યો છે. સૌરાષ્ટ્રને જોડતાં રૂ. ૨૪૦૦ કરોડના ખંભાત રોડને મુખ્યમંત્રીશ્રીએ મંજૂરી આપી છે. તેનાથી ભાવનગરનો વિકાસ વધુ ઝડપથી થશે.

મુખ્યમંત્રીશ્રી ૨૯૯ કિલોની લાડવાની પ્રસાદી સાથેના મા ખોડિયારની આરતીમાં પણ જોડાયા હતા. આ લાડુ મા ખોડિયારની પ્રસાદી તરીકે ભાવનગરનાં કુપોષણ બાળકો વચ્ચે વહેંચવામાં આવશે. તે રીતે રાજ્ય સરકારના કુપોષણ અભિયાનમાં એક રીતે બળ મળશે. આ અવસરે 'પ્રેમ યોગ' પુસ્તકના લેખક શ્રી રણધીરસિંહ ઝાલા દ્વારા પુસ્તકની પ્રથમ બે હજાર નકલની આવકને મુખ્યમંત્રીશ્રીને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનાં બાળકોના અભ્યાસ માટે અર્પણ કરી હતી. મુખ્યમંત્રીશ્રીના હસ્તે ભાવનગર ખાતે કાર્યરત સેવાભાવી સંસ્થાઓ તથા વ્યક્તિવિશેષોનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. ●

### ‘વગડામાંથી વ્હાલપની વસાહત’

# રાજકોટમાં વિચરતી જાતિના પરિવારને મળ્યું કાયમી સરનામું



ગુજરાત સરકાર રાજ્યના તમામ નાગરિકોની સુખ, સુવિધા અને સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ છે. મહિલાઓ, બાળકો, ખેડૂતો, વંચિતો, પીડિતોના વિકાસ માટે વિશેષ પ્રયાસ થઈ રહ્યા છે. વિચરતી અને વિમુક્ત જાતિના લોકો સહિત વંચિત, છેવાડાના માનવી, અંત્યોદય પરિવારોને વિકાસની મુખ્ય ધારામાં લાવવાની વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રતિબદ્ધતા સાકાર કરવામાં ગુજરાત અગ્રેસર રહી કાર્ય કરી રહી છે. ત્યારે તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજકોટ જિલ્લાના રામપરા બેટીમાં વિચરતી અને વિમુકત જાતિના ૬૫ પરિવારોને ‘વગડામાંથી વ્હાલપની વસાહત’ અંતર્ગત આવાસોની ફાળવણી કરી ઘરના ઘરનું સપનું સાકાર કરાવ્યું હતું.

રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં ૧૯ પ્લોટધારકોને સનદ વિતરણ અને ૩૦૦થી વધુ લાભાર્થીઓને ૪૦ ચોરસ મીટર જમીનના પ્લોટ આવાસ બાંધકામ માટે તેમણે અર્પણ કર્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, વિચરતી જાતિઓને પાણી, લાઈટ, રસ્તાની સુવિધા સાથે પાકા આવાસ, તેમનાં બાળકોને શિક્ષણ અને અન્ય માળખાકીય સુવિધા આપવામાં સરકાર સદાય તત્પર છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને નેતૃત્વમાં સરકારની કોઈ પણ યોજનામાં નાનામાં નાના, ગરીબ, વંચિત, છેવાડાના અંતરિયાળ વિસ્તારોના લોકોને સરળતાથી લાભ પહોંચાડવાનું આયોજન કેન્દ્રસ્થાને હોય છે.

ખાસ કરીને એવી જાતિઓ, જેની પાસે પોતાનું કોઈ કાયમી આવાસ-રહેઠાણ નથી તેમને પાકું આવાસ મળે, તેમનાં બાળકો આવી આવાસ વસાહતોમાં રહીને સારું શિક્ષણ મેળવી શકે તેની શ્રી નરેન્દ્રભાઈના દિશાદર્શનમાં રાજ્ય સરકારે સતત ચિંતા કરી છે તેની પણ વિસ્તૃત ભૂમિકા મુખ્યમંત્રીશ્રીએ આપી હતી.

નાનામાં નાના માનવીને પાયાની સગવડો આપવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ ૨૦૦૫થી આવી આવાસોની અને વિનામૂલ્યે જમીન પ્લોટ ફાળવણી યોજના શરૂ કરાવેલી છે. વિચરતી જાતિના લોકોને કોઈના ઓશિયાળા રહેવું ન પડે તે માટે આવાસ સાથે ગરિમા પણ આપી છે. તેમણે આવા આવાસ ફાળવણી, સનદ વિતરણના કાર્યક્રમોને છેવાડાના માનવીની સુખ-સુવિધાની ખેવના કરતા અને તેમના માટે કંઈક કરી છૂટવાના આત્મસંતોષના કાર્યક્રમ ગણાવી રાજકોટ જિલ્લા વહીવટી તંત્રને આ કામગીરી માટે અભિનંદન પાઠવ્યાં હતાં.

મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ગરીબ, વંચિત, શોષિત અને છેવાડાના વર્ગો પ્રત્યેની સેવાભાવનાનું દૃષ્ટાંત આપતાં કહ્યું કે, કોરોના મહામારીમાં કોઈ ગરીબને ભૂખ્યા સૂવું ન પડે તે માટે વિનામૂલ્યે અનાજ અને આરોગ્ય રક્ષા માટે વ્યાપક વેક્સિનેશન માટે તેમણે તંત્રને સતત પ્રેરિત કર્યું હતું. તેમણે શિક્ષણને રાજ્ય-રાષ્ટ્રના વિકાસનો પાયો ગણાવતાં એમ પણ ઉમેર્યું કે, કાયમી આવાસ સુવિધા મળવાથી હવે વિચરતી જાતિના પરિવારોનાં સંતાનો પણ સ્થાયી શિક્ષણ મેળવી શકશે.

ગુજરાત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈની પ્રેરણાથી ગ્રોથ એન્જિન બન્યું છે તેને શિક્ષણ, સ્વાસ્થ્ય અને સુરક્ષાના વ્યાપથી વધુ તેજ ગતિએ વિકાસ રાહે દોડાવવાની નેમ તેમણે દર્શાવી હતી. મુખ્યમંત્રીશ્રીએ આવાસ લાભાર્થીઓને સુખમય ભાવિની શુભેચ્છા આપતાં એમ પણ જણાવ્યું હતું કે, શિક્ષણ માટે શાળા, આવાસ માટે સહાય



વગેરે સગવડો આપવા માટે રાજ્ય સરકાર સદાય તેમની પડખે ઊભી છે.

રાજ્ય સરકાર વિચરતી વિમુક્ત જાતિઓના ઘરવિહોણા લોકો સહિત સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, આર્થિક પછાત વર્ગને મકાન બાંધકામ માટે પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના અન્વયે રૂ. ૧.૨૦ લાખની સહાય આપે છે. રાજયમાં વિચરતી-વિમુક્ત જાતિના ૨૪,૩૫૨ લાભાર્થીઓને આવી આવાસ સહાયના કુલ ૧૧૦ કરોડ રૂપિયા અત્યાર સુધીમાં ચૂકવવામાં આવ્યા છે. રાજકોટમાં ‘વગડામાંથી વ્હાલપની વસાહત’માં જે ૬૫ આવાસો નિર્માણ થયા છે તેમાં પણ આવાસદીઠ રૂ. ૧.૨૦ લાખની આવી સહાય આપવામાં આવેલી છે.

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઉજ્જવલા યોજના અન્વયે ૨૯ જેટલી ગેસ સિલિન્ડર કિટ ઉપરાંત આટકોટ ખાતે પોલીસ માટે રૂ. ૬૪૮.૭૦ લાખના ખર્ચે નવનિર્મિત આવાસો તેમજ રાજકોટ ગ્રામ્ય પોલીસ મવડી હેડક્વાર્ટર ખાતે રૂ. ૧૪૪૩.૬૦ લાખના ખર્ચે નિર્મિત આવાસોનું ઈ-લોકાર્પણ કર્યું હતું. આ સાથે તેમણે રામપરા બેટી ખાતે સેનિટરી પેડનું વિતરણ કરતા વેન્ડિંગ મશીનનું લોકાર્પણ અને શુદ્ધ પાણી પૂરું પાડતા ૬૫૦ આર.ઓ. મશીનનું પણ લોકાર્પણ કર્યું હતું.

શિક્ષણમંત્રીશ્રી તથા જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ આજના કાર્યક્રમને સમાજોપયોગી અને સંવેદનાસભર ગણાવતાં કહ્યું હતું કે, વ્યવસાયની કુશળતા ધરાવતા નાગરિકોને કાયમી સરનામું તથા જીવનજરૂરી સગવડો આપીને મુખ્યમંત્રીશ્રી વિચરતી જાતિના નાગરિકોના આશીર્વાદના અધિકારી બન્યા છે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે આ સુવિધાનો લાભ લઈને વિચરતી જાતિના લોકો મુખ્ય પ્રવાહમાં સામેલ થઈ શકશે. શિક્ષણમંત્રીશ્રીએ એવી જાણકારી આપી હતી કે આવા પરિવારોનાં બાળકો-દીકરીઓના શિક્ષણ માટે ૨૦૦




**મુખ્યમંત્રીશ્રી દ્વારા મહાનગરપાલિકાના ૩૧ મીની ટીપરવાન તથા સોલીડ વેસ્ટના બે બંધ બોડીના ટ્રકનું લોકાર્પણ.**

રૂમની હોસ્ટેલ બનાવવા પણ જિલ્લાતંત્રને મુખ્યમંત્રીશ્રીએ જરૂરી સૂચનાઓ આપી છે.

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના રાજ્યમંત્રી શ્રી આર. સી. મકવાણાએ વિચરતી જાતિના લોકો માટે રાજ્ય સરકારે આદરેલી વિકાસ યોજનાની વિગતો રજૂ કરી હતી અને મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના ગરીબો અને વંચિતો માટે કરેલા વિકાસકામોની ટૂંકી વિગતો આપી હતી. મંત્રીશ્રી મકવાણાએ વિચરતા સમુદાય સમર્થન મંચની પ્રવૃત્તિઓની સરાહના કરી હતી. જિલ્લા કલેક્ટર શ્રી અરુણ મહેશ બાબુએ સ્વાગત પ્રવચનમાં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ તેમજ રાજકોટના મંત્રીશ્રી અને જિલ્લા પંચાયત પ્રમુખ દ્વારા રાજકોટના વિવિધ પ્રશ્નોના નિરાકરણ માટે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

વિવિધ ગામોના સરપંચોએ મુખ્યમંત્રીશ્રીનું સ્વાગત કર્યું હતું. વિચરતા સમુદાયના અગ્રણી શ્રી અજયભાઈ સોરાણીએ મુખ્યમંત્રીશ્રી કન્યાકેળવણી નિધિમાં રૂ. ૫૧૦૦૦નો ચેક મુખ્યમંત્રીશ્રીને અર્પણ કર્યો હતો. વી.એસ.એસ.એમ. સંસ્થાના અગ્રણી મિત્તલ પટેલે મુખ્યમંત્રીશ્રી આ પ્રસંગે પધાર્યા તે બદલ અત્યંત ખુશી સાથે તેમનો આભાર માન્યો હતો. વિચરતી જાતિઓને વસાહત સાથે પાણી, વીજળી મળવા બદલ તેઓના જીવનમાં ખૂબ મોટો બદલાવ આવી રહ્યો છે અને રાજ્ય સરકારની વિવિધ સહાય માટે તેઓ પાત્રતા ધરાવતા થયા છે.

આ કાર્યક્રમમાં વાહનવ્યવહાર વિભાગના રાજ્યમંત્રી શ્રી અરવિંદભાઈ રૈયાણી, સંસદસભ્ય શ્રી મોહનભાઈ કુંડારિયા તથા શ્રી રામભાઈ મોકરિયા, ધારાસભ્ય સર્વેશ્રી કુંવરજીભાઈ બાવળિયા, ગોવિંદભાઈ પટેલ, લાખાભાઈ સાગઠિયા, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી ભૂપતભાઈ બોદર સહિત મોટી સંખ્યામાં વિચરતી જાતિના લોકો જોડાયા હતા. ●



# ભારતને પાંચ ટ્રિલિયન ડોલર ઇકોનોમી બનાવવાના વિઝનને સિદ્ધ કરવા ગુજરાત પ્રતિબદ્ધ



ગુજરાતના પનોતાપુત્ર અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતને પાંચ ટ્રિલિયન ડોલર ઇકોનોમી બનાવવાનો લક્ષ્યાંક નિર્ધારિત કર્યો છે. વડાપ્રધાનશ્રીએ આપેલા આ વિઝનને સાકાર કરવા ગુજરાતે આગવી પહેલરૂપ રણનીતિ બનાવી તેનો રોડમેપ ઘડ્યો છે. આ અંતર્ગત ગુજરાત સરકારે રચેલા ટાસ્કફોર્સના અધ્યક્ષ ડૉ. હસમુખ અઢિયાએ તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને આ રોડમેપ ગાંધીનગરમાં સુપરત કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીને આ રોડમેપ-રણનીતિની વિસ્તૃત વિગતો આપતાં ટાસ્કફોર્સના અધ્યક્ષ ડૉ. હસમુખ અઢિયાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે રચેલી આ ટાસ્કફોર્સ દ્વારા માત્ર ત્રણ જ મહિનાના ટૂંકા ગાળામાં આ રોડમેપ તૈયાર કરવામાં આવ્યો છે. એટલું જ નહિ, રાજ્ય સરકારના બધા જ વિભાગોનાં સૂચનો તથા ૧૫ જેટલા સ્ટોક હોલ્ડર્સના સુઝાવો પણ આ રોડમેપ તૈયાર કરવા માટે મેળવીને તેનો સમાવેશ રણનીતિમાં કરવામાં આવ્યો છે.

વડાપ્રધાનશ્રીએ પાંચ ટ્રિલિયન ડોલર ઇકોનોમીના વિઝનને સાકાર કરવા દરેક રાજ્યો પણ પોતાના રોડમેપ-રણનીતિ તૈયાર કરે તેવી અપેક્ષા દર્શાવી હતી. આ અપેક્ષાને ગુજરાતે આગવી પહેલ કરીને પૂર્ણ કરી છે તેમ પણ ડૉ. હસમુખ અઢિયાએ ઉમેર્યું હતું. તેમજ આ રોડમેપ પ્રધાનમંત્રી કાર્યાલય, નીતિ આયોગ અને ભારત સરકારમાં સબમિટ કરવા પણ સૂચવ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ રોડમેપ-રણનીતિમાં સૂચવાયેલી બાબતોના અમલીકરણ માટે એક સઘન માળખું વિકસાવવાની નેમ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, ભારતને પાંચ ટ્રિલિયન ડોલર ઇકોનોમી બનાવવાના વડાપ્રધાનશ્રીના વિઝનને સિદ્ધ કરવા ગુજરાત પ્રતિબદ્ધ છે.

ડૉ. હસમુખ અઢિયાએ આ રોડમેપનું વિગતવાર પ્રેઝન્ટેશન પણ પ્રસ્તુત કર્યું હતું. તેઓએ જણાવ્યું કે, જો ભારતને ૫ ટ્રિલિયન યુ.એસ. ડોલર ઇકોનોમીના લક્ષ્યાંકો નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ સુધીમાં સિદ્ધ કરવા હોય તો, ગુજરાતે તેના આર્થિક વિકાસને વધુ વેગ આપવાની જરૂરિયાત છે. રાષ્ટ્રીય અર્થતંત્રમાં વર્ષ ૨૦૨૧માં ગુજરાતનો હિસ્સો ૮.૩૬ % છે તે વધારીને ૧૦% સુધી લઈ જવાનો રહે. તેનો અર્થ એ થાય છે કે ગુજરાતમાં વૃદ્ધિદર હવે પછીના ૫ વર્ષનો કંપાઉન્ડ એન્યુઅલ ગ્રોથ રેટ ૧૪.૫ % હોવો જરૂરી છે જે છેલ્લા દાયકામાં આશરે ૧૨.૩ % જેટલો રહેવા પામ્યો છે.

રાજયના અર્થતંત્રમાં મેન્યુફેક્ચરિંગ ક્ષેત્ર મુખ્ય પાસું છે. ટાસ્કફોર્સ દ્વારા કુલ ૯ નવાં આર્થિક ક્ષેત્રોની વૃદ્ધિ પર ધ્યાન કેન્દ્રિત કરવા સૂચન થયું છે, જેમાં, ગ્રીન અને સ્માર્ટ મેન્યુફેક્ચરીંગ, ટેક્નોલોજીનો ઉપયોગ, સચોટ પદ્ધતિ અને કાર્યરીતિ જે સપ્લાય ચેઈન મેનેજમેન્ટ માટે જરૂરી છે તેની ઉપર ખાસ ભાર મૂકવાનું સૂચન કરવામાં આવ્યું છે.

સેવાવિષયક ક્ષેત્રોનો હિસ્સો અર્થતંત્રમાં વધારવા, આઈ.ટી., ફિન્ટેક, પ્રવાસન ક્ષેત્ર કે જેમાં તબીબી પ્રવાસનનો પણ સમાવેશ થાય છે, તેમાં મૂડીરોકાણ મળે અને આ ક્ષેત્રોનો વિકાસ થાય તેમજ સેવાવિષયક ક્ષેત્રો માટે ઉચ્ચ ગુણવત્તાવાળી માળખાકીય સુવિધા ઊભી કરવા અંદાજપત્રીય સંશાધનોની જરૂરિયાત અને આયોજન પર ખાસ લક્ષ્ય આપવા સૂચન કરવામાં આવ્યું છે.

ડૉ. અઢિયાએ વધુમાં જણાવ્યું કે, ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્રમાં સ્ટેચ્યૂ ઓફ યુનિટીનો જે રીતે વિકાસ થયો છે તે રીતે કુલ પથી ૬ પ્રવાસન ક્લસ્ટરને વિકસાવવા સૂચન કરવામાં આવ્યું છે. રાજ્યમાં આઈ.ટી., પ્રવાસન અને અન્ય ક્ષેત્રોમાં મૂડીરોકાણ આકર્ષવા, જથી ૫ મુખ્ય એરપોર્ટની આંતરાષ્ટ્રીય કનેક્ટિવિટી સુધારવા માટે પ્રયત્નો કરવા માટે પણ તેઓ દ્વારા આ રોડમેપમાં સૂચન કરવામાં આવ્યું છે.

રાજયનાં સેવાવિષયક ક્ષેત્રોને શહેરી વિસ્તારમાં વિકસાવવા માટે, રાજ્યે ગિફ્ટ સિટીની જેમ જ અન્ય વર્લ્ડક્લાસ શહેરી કેન્દ્રો વિકસાવવાની પણ જરૂરિયાત રહેશે. તેઓ દ્વારા સૂચન કરવામાં આવ્યું કે, શહેરી ક્ષેત્રોના વિકાસ માટે મેટ્રો રેલ, રિંગ રોડ, અર્બન માસ ટ્રાન્સપોર્ટ અને અર્બન હાઉસિંગ જેવાં ક્ષેત્રોમાં વ્યાપક પ્રમાણમાં મૂડીરોકાણની જરૂરિયાત રહેશે.

ગુજરાતી લોકોની ઉદ્યોગસાહસિકતાનો કાર્યક્ષમ રીતે ઉપયોગ કરવા સ્ટાર્ટઅપને પ્રમોટ કરવાની જરૂરિયાત રહેશે તેવું સૂચન તેઓ દ્વારા કરવામાં આવ્યું છે. ગુજરાત રાજ્ય ઉત્પાદિત વસ્તુઓની નિકાસ માટે ઘણું અગ્રેસર છે, તેઓ દ્વારા સૂચન કરવામાં આવ્યું કે, સેવાવિષયક નિકાસ માટે નેતૃત્વ પૂરું પાડવું જરૂરી છે, તેને અમલી બનાવવાના મહત્ત્વનાં સૂચન ટાસ્કફોર્સના રિપોર્ટમાં દર્શાવવામાં આવ્યાં છે. ડૉ. અઢિયાએ વધુમાં જણાવ્યું કે, ગુજરાત દેશમાં સ્ટ્રેટેજિક લોકેશન ધરાવે છે અને કોસ્ટલ ડેવલપમેન્ટ અને બ્લ્યુ ઇકોનોમીના વિકાસ માટે વ્યાપક પ્રમાણમાં મૂડીરોકાણ જરૂરી છે. તે કોસ્ટલ કોમ્યુનિટીના આર્થિક ઉત્કર્ષ માટે વ્યાપક તક પૂરી પાડશે અને પ્રવાસન અને પોર્ટ કનેક્ટિવિટીના વિકાસની વ્યાપક શક્યતાઓને પ્રોત્સાહિત કરશે.

રોડમેપ-રણનીતિની અન્ય બાબતો અંગે તેમણે ઉમેર્યું કે, ગુજરાત રિન્યુએબલ એનર્જીના ક્ષેત્રમાં અગ્રેસર છે. લાંબા ગાળા સુધી ઊર્જાની જરૂરિયાતને સંતોષવા રાજ્યે વ્યાપક પ્રમાણમાં રિન્યુએબલ એનર્જી, માઇક્રો ગ્રીડ્સ અને ઇલેક્ટ્રિક મોબિલિટી પર ખાસ ભાર મૂકવો પડશે. ગ્રીન હાઇડ્રોજન અને સેમી-કન્ડક્ટરનું ઉત્પાદન કરવા રાજ્ય સરકારે પહેલ કરવી ખૂબ જરૂરી છે તેમ પણ તેમણે વધુમાં જણાવ્યું હતું.

રાજ્યના કૃષિ ક્ષેત્રના વિકાસ માટે ફાર્મિંગની વિકસિત પદ્ધતિએ ટેક્નોલોજીની મદદ થકી કૃષિ ઉત્પાદન વધારવું ખૂબ અગત્યનું બની ગયું છે. વધુમાં તેઓએ જણાવ્યું કે, ગ્રામ્ય ક્ષેત્રે લોકોની આવક વધારવા માટે પશુપાલન, બાગાયાત, મત્સ્યઉદ્યોગ અને પોલ્ટ્રી ફાર્મિંગ જેવાં ક્ષેત્રોનો વિકાસ હાથ ધરવો જરૂરી છે. રાજ્ય દ્વારા તમામ આર્થિક અને ઔદ્યોગિક ક્ષેત્રોના વિકાસ માટે જરૂરી માનવબળ મળી રહે, તે માટે ઉચ્ચ શિક્ષણ અને લોકોના કલા-કૌશલ્ય વધારવાનાં ક્ષેત્રોમાં પણ એક અદ્યતન અને કાર્યક્ષમ ઇકો સિસ્ટમ વિકસાવવી પડશે. ડૉ. અઢિયાએ જણાવ્યું કે, ટાસ્કફોર્સનો આ રિપોર્ટ તમામ સ્ટોક હોલ્ડર સરકારના અધિકારીઓ, ખાનગી ક્ષેત્ર અને શૈક્ષણિક સંસ્થાઓના પરામર્શમાં રહીને તૈયાર કરાયો છે. આ રિપોર્ટમાં દર્શાવેલી તમામ રણનીતિ રાજ્યના આર્થિક વિકાસ માટે અને ૫ ટ્રિલિયન યુ.એસ. ડોલર ઇકોનોમીને સિદ્ધ કરવા ખૂબ ઉપયોગી બની રહેશે તેવો વિશ્વાસ તેમણે દર્શાવ્યો હતો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ટાસ્કફોર્સ દ્વારા ખૂબ ટૂંકા સમયમાં સઘન પ્રયત્નો કરી, જે રણનીતિ અને તેના અમલીકરણ માટેનું આયોજન, અહેવાલ સ્વરૂપે તૈયાર કરવાના કાર્યને અભિનંદન આપી બિરદાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ એવી ખાતરી આપી કે, વડાપ્રધાનશ્રીના ૫ ટ્રિલિયન યુ.એસ. ડોલર ઇકોનોમીના વિઝનને સિદ્ધ કરવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે અને ટાસ્કફોર્સના રિપોર્ટમાં સૂચવવામાં આવેલાં તમામ સજેશનના અમલીકરણ માટે એક સઘન અમલીકરણનું માળખું રાજ્ય દ્વારા વિકસાવવામાં આવશે.

આ શિબિરમાં નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર, અધિક મુખ્ય સચિવશ્રીઓ ડૉ. રાજીવકુમાર ગુપ્તા, મુકેશ પુરી, પંકજ જોશી, કમલ દયાની, મનોજ દાસ, નાણાવિભાગના અગ્ર સચિવ શ્રી જે. પી. ગુપ્તા તથા વરિષ્ઠ અગ્ર સચિવશ્રીઓ, સચિવશ્રીઓ આ વેળાએ ઉપસ્થિત રહ્યા હતા. ●



# સ્વાસ્થ્ય ચિંતન શિબિરનું ફળદાયી મંથન દેશના આરોગ્ય ક્ષેત્રમાં નવી ચેતના લાવશે

ભારત સરકારની સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ હેલ્થ એન્ડ ફેમિલી વેલ્ફેરની ૧૪મી બેઠક અંતર્ગત એકતાનગર ખાતે ત્રિ-દિવસીય સ્વાસ્થ્ય ચિંતન શિબિરનો પ્રારંભ કરાવતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, સ્વાસ્થ્ય ચિંતન શિબિરમાંથી પ્રાપ્ત થનારું મંથન-ચિંતનરૂપી અમૃત દેશના આરોગ્ય ક્ષેત્રમાં નવા પ્રાણ પૂરશે. કેન્દ્રીય આરોગ્યમંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયાના અધ્યક્ષસ્થાને આ ત્રણ દિવસીય શિબિરમાં દેશનાં ૨૫ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના આરોગ્ય મંત્રીઓ, સચિવો, તબીબી નિષ્ણાતો સહભાગી બન્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ શિબિરના ઉદ્ઘાટન સત્રને સંબોધતાં જણાવ્યું હતું કે, આઝાદીનો અમૃત મહોત્સવ સમગ્ર દેશમાં ઊજવાઈ રહ્યો છે, જેના ઉપલક્ષ્યમાં એકતાનગર ખાતે તમામ રાજ્ય સરકારો, કેન્દ્ર સરકારના આરોગ્ય વિભાગના પ્રતિનિધિઓ, રાજ્ય અને કેન્દ્રીય મંત્રીગણ, તજજ્ઞો દ્વારા દેશની આરોગ્ય સેવા, સ્વાસ્થ્ય ચિકિત્સા પદ્ધતિઓ, આયુર્વેદ, આયુષ, યોગને વ્યાપક અને બહેતર બનાવવા વિચારમંથનના સંયુક્ત પ્રયાસો હાથ ધરાયા છે. બદલાતા સમય સાથે ગુજરાતના આરોગ્ય માળખાને સુદૃઢ કરી આરોગ્ય સેવાઓમાં આમૂલ પરિવર્તન કરવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે એમ જણાવતાં મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, ગુજરાતમાં અનેકવિધ યોજનાઓના અસરકારક અમલીકરણથી વર્ષ ૨૦૨૦-૨૧માં સસ્ટેઇનેબલ ડેવલપમેન્ટ ગોલ, નીતિ આયોગ ઈન્ડેક્ષ- આરોગ્ય અને સુખાકારીમાં ગુજરાત રાજ્ય ૮૬ સ્કોર સાથે સમગ્ર દેશમાં મોટાં રાજ્યોમાં પ્રથમ ક્રમે છે.

નવજાત શિશુથી માંડીને વરિષ્ઠ નાગરિક સુધીના તમામ લોકો સ્વસ્થ-તંદુરસ્ત રહે તેવી સઘન આરોગ્ય સુવિધા સેવાઓ માટે આ વર્ષના બજેટમાં રૂ. ૧૨,૨૪૦ કરોડ ફાળવ્યા છે.

ગુજરાત સરકારે આરોગ્ય સંસ્થાઓમાં ટેલિ-રેડિયોલોજી, ટેલિ-આઇ.સી.યુ., ટેલિ-મેડિસિન અને ટેલિ-મેન્ટલ હેલ્થની સેવાઓ માટે બજેટમાં રૂ. ૨ કરોડની જોગવાઈ કરી છે, એમ જણાવી ગુજરાત સરકાર ગરીબમાં ગરીબ માનવીને પણ શ્રેષ્ઠતમ આરોગ્ય સેવા મળે તે માટે પ્રતિબદ્ધ હોવાનું મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે કહ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાત સરકારે PMJAY (પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજના-આયુષ્માન ભારત) અને મા તથા મા-વાત્સલ્ય યોજનાને જોડીને 'PMJAY-મા યોજના' હેઠળ ગુજરાતના અંદાજિત ૨.૨૫ કરોડ નાગરિકોને આરોગ્ય કવચ આપ્યું છે.

દેશને એક કરનારા સરદારસાહેબની વિશાળ પ્રતિમાના સાંનિધ્યમાં પ્રથમ વખત સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ હેલ્થ એન્ડ ફેમિલી વેલફેરની ૧૪મી બેઠક અંતર્ગત ત્રિ-દિવસીય સ્વાસ્થ્ય ચિંતન શિબિરનું ગુજરાત રાજ્ય યજમાન બન્યું છે તેનો હર્ષ વ્યક્ત કરતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, બેસ્ટ પ્રેક્ટિસીસના સત્ર થકી આપણે સૌ રાજ્યોએ આરોગ્ય ક્ષેત્રમાં કરેલાં ઉત્તમ કાર્યોથી અને વિચારોના આદાન-પ્રદાનથી હેલ્થ સેક્ટરમાં ફળદાયી પરિણામો મેળવી શકીશું. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'સૌના સાથ, સૌના વિકાસ અને સૌના પ્રયાસ'ને સાર્થક કરતાં આયુષ્માન ભારત યોજના, પ્રધાનમંત્રી આયુષ્માન ભારત ગ્લોબલ



ઈન્ફ્રાસ્ટ્રકચર મિશન થકી દેશને આરોગ્ય સેવાઓમાં આત્મનિર્ભર બનાવવાનું લક્ષ્ય સેવ્યું છે.

કેન્દ્રીય આરોગ્યમંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયાએ કહ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્યોના સંયુક્ત પ્રયાસથી સ્વસ્થ ભારતના નિર્માણ તરફની પહેલ ચિંતન શિબિરમાં હાથ ધરવામાં આવી છે. મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયાએ ચિંતન શિબિરમાં દેશનાં વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી આવેલા આરોગ્યમંત્રીશ્રી તેમજ આરોગ્ય અગ્રણીઓને આરોગ્ય વિષયક સેવાઓ - સુવિધાઓ પર પરસ્પર સુમેળ સાધીને રાજ્ય અને સમગ્ર દેશમાં આરોગ્ય ક્ષેત્રે શ્રેષ્ઠ વ્યવસ્થાપનના વિચારોનું ચિંતન કરીને તેનું મંથન કરવા આહ્વાન કર્યું હતુ.

અગાઉ સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ હેલ્થ એન્ડ ફેમિલી વેલ્ફેરની બેઠકનું આયોજન દિલ્હીમાં થતું હતુ, તે પરંપરામાં બદલાવ લાવીને અને ગુજરાતના આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલના આમંત્રણને માન આપીને એકતાનગરમાં પ્રથમ વખત ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે તે બદલાવની શરૂઆત છે, તેમ તેમણે કહ્યું હતું. દેશની આરોગ્ય સેવાઓની માળખાગત સુવિધાઓને વધુ સુદૃઢ બનાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં ૬૪,૦૦૦ કરોડ રૂપિયાનું વિશેષ પેકેજ જાહેર કરવામાં આવ્યું છે, જેમાં પાંચ વર્ષ માટે એક જિલ્લામાં ૧૦૦ કરોડના ખર્ચે આરોગ્યલક્ષી વિવિધ માળખાગત સુવિધાઓનો વિકાસ કરવામાં આવશે.

આ પ્રકલ્પોમાં મેડિકલ કોલેજ ટર્શરી કેર સુવિધાઓ, અત્યાધુનિક લૅબ, તકનીકી સેવાઓ ઉપકરણો આવશે તેમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની 'ટોકન નહીં, પરંતુ ટોટલ વિકાસ'ની વિચારધારાનો સંદર્ભ આપતાં મંત્રીશ્રીએ કહ્યું કે, દેશમાં આરોગ્ય માળખાને કેટલાક લોકો અને વિસ્તાર પૂરતા સીમિત ન રાખીને સર્વગ્રાહી બનાવવા તાજેતરમાં બ્લોક સ્તરે આરોગ્ય મેળાની શરૂઆત કરવામાં આવી છે.

**શિબિરમાં મુખ્યમંત્રીશ્રી અને કેન્દ્રીય આરોગ્ય મંત્રીશ્રીના હસ્તે NQAS પોર્ટલ, પ્રધાનમંત્રી નેશનલ ડાયાલિસીસ પોર્ટલ(PMNDP)નું લોન્ચિંગ, નેશનલ ફેમિલી હેલ્થ સર્વે રિપોર્ટ, રૂરલ હેલ્થ સ્ટેટીસ્ટીક્સ(RHS) રિપોર્ટ અને ગુજરાત હેલ્થ એટલાસ રિલીઝ કરવામાં આવ્યા.**

દેશના ૬૦૦૦ જેટલા તાલુકાઓ અને ગ્રામ્ય સ્તરે સફળતાપૂર્વક આવા આરોગ્યમેળાઓ યોજીને નાગરિકોને આરોગ્યવિષયક સુવિધાઓ અને સેવાઓ સરળતાથી પહોંચાડવામાં આવી છે.

કોરોનાકાળનો ઉલ્લેખ કરતાં મંત્રીશ્રીએ કહ્યું હતું કે, કોરોનાની વિષમ પરિસ્થિતિઓમાં કેન્દ્ર અને રાજય સરકારના સહિયારા પ્રયાસોના પરિણામે આજે દેશમાં કોરોનાની પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ આવી છે.

૧૩૫ કરોડની વસ્તી ધરાવતા ભારતદેશમાં ૯૭.૫ ટકા નાગરિકોને કોરોના રસીકરણનો પ્રથમ ડોઝ આપવામાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આપણે સફળ રહ્યા છીએ તેમ જણાવીને ભારતનું કોરોના વ્યવસ્થાપન અને રસીકરણનું 'ભારત મોડેલ' અન્ય દેશો માટે અભ્યાસનો વિષય બન્યું છે તેમ મંત્રીશ્રીએ ગૌરવભેર કહ્યું હતું.

કેન્દ્રીય સ્વાસ્થ્ય રાજ્યમંત્રી ડૉ. ભારતી પ્રવીણ પવારે જણાવ્યું કે, ભારતના ઇતિહાસમાં ગુજરાતની ભૂમિકા ચાવીરૂપ રહી છે. આરોગ્યક્ષેત્રે દાયકાઓથી જે ત્રુટિઓ હતી, તેને દૂર કરવાની દિશામાં સરકારે નવતર અભિગમ દાખવીને 'આત્મનિર્ભર ભારત'ના સૂત્રને સાર્થક કરવાના સહિયારા પ્રયાસ હાથ ધર્યા છે. કોરોનાની પરિસ્થિતિઓમાં ગણતરીના મહિનાઓમાં અસરકારક હેલ્થ મેનેજમેન્ટ થકી સ્વદેશી વેક્સિનનું ઉત્પાદન કરીને દેશ અને દુનિયાને ભારતની વૈજ્ઞાનિકોની સંશોધન તાકાતનો પરચો કરાવ્યો છે.

શિબિરમાં મુખ્યમંત્રીશ્રી અને કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રીશ્રીના હસ્તે નેશનલ ક્વોલિટી એસ્યોરન્સ સર્વિસ NQAS પોર્ટલ, નેશનલ હેલ્થ મિશન અંતર્ગત પ્રધાનમંત્રી નેશનલ ડાયાલિસિસ પોર્ટલનું લોન્ચિંગ તેમજ નેશનલ ફેમિલી હેલ્થ સર્વે રિપોર્ટ અને રૂરલ હેલ્થ સ્ટેટિસ્ટિક્સ રિપોર્ટ અને ગુજરાત હેલ્થ એટલાસ રિલીઝ કરવામાં આવ્યા હતા.

શિબિરમાં દેશનાં ૨૫ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના આરોગ્યમંત્રીશ્રીઓ, કેન્દ્રીય સચિવશ્રી રાજેશ ભૂષણ, નીતિ આયોગના સભ્ય ડો. વી. કે. પોલ, અધિક આરોગ્યસચિવશ્રી વિકાસશીલ સહિત વિવિધ રાજ્યોના આરોગ્ય સચિવશ્રીઓ, આરોગ્ય કમિશનરશ્રીઓ તેમજ અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●



# જનસેવાની નિષ્ઠા અપાર, ગૌરવદિને વિકાસ અપરંપાર

## પાટણ જિલ્લાને રૂ. 140.68 કરોડના વિકાસ કામોની ભેટ

**ભારતની ભોમમાં ઝાઝેરી ગુજરાત**
**ગુજરાત મોરી મોરી રે**
**મળતાં મળી ગઈ મોંઘેરી ગુજરાત**
**ગુજરાત મોરી મોરી રે**
**- ઉમાશંકર જોશી**

કવિઓ, શાયરો, લેખકોએ ગુજરાત, ગુજરાતની કલા સંસ્કૃતિ તથા ગુજરાતીઓને પોતાના શબ્દોના માધ્યમથી પોંખણા કર્યા છે. ગુજરાત શબ્દ આજે વિકાસનો પર્યાય બન્યો છે. ગુજરાત ઔદ્યોગિક અને કૃષિ ક્ષેત્રે એકસરખા વિકાસદર સાથે આગળ વધી રહ્યો છે. રાજયના જી.ડી.પી.માં કૃષિનું યોગદાન અંદાજે 1.70 લાખ કરોડ જેટલું છે. ભૌગોલિક દ્રષ્ટિએ આપણો દેશ વિશ્વના કુલ વિસ્તારના ૨.૪ ટકા જેટલો વિસ્તાર ધરાવે છે. પરંતુ વિશ્વની ૧૭.૫ ટકા વસ્તીનો સમાવેશ કરે છે. ગુજરાત રાજય દેશના કુલ ભૌગોલિક વિસ્તારનાં માત્ર ૬ ટકા જેટલો હિસ્સો ધરાવે છે, તેમ છતાં દેશના અગત્યનાં પાકો જેવા કે કપાસ, મગફળી, દિવેલા, તલ, જીરૂ, ઈસબગુલ તેમજ દૂધ ઉત્પાદનમાં પ્રથમ હરોળમાં હોવાનું ગૌરવ અનુભવે છે. ગુજરાતમાં વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન અનાજનું કુલ ઉત્પાદન ૯૩.૨૮ લાખ ટન, કપાસનું ઉત્પાદન ૮૮.૦૧ લાખ ગાંસડી, મગફળીનું ઉત્પાદન ૪૬.૪૩ લાખ ટન અને તેલીબીયાનું ઉત્પાદન ૬૬.૬૪ લાખ ટન થયું છે.

ગુજરાત વિશ્વકક્ષાએ કેળા, જીરૂ, ઈસબગુલ, વરિયાળી અને દિવેલાના ઉત્પાદનમાં પ્રથમ સ્થાન ધરાવે છે. રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાત કપાસમાં ૩૬ ટકા, મગફળીમાં ૪૨ ટકા, દિવેલામાં ૮૦ ટકા, વરીયાળીમાં ૭૦ ટકા અને જીરૂમાં ૬૦ ટકા ફાળો ધરાવે છે. ગુજરાતમાં બટાટાની ઉત્પાદકતા ૩૧ ટન અને ચણાની ૧૬૬૩ કિલો/હે. છે, જે રાષ્ટ્રીય કક્ષાએ સૌથી વધુ છે. ગુજરાતમા સૌથી ઓછો બેરોજગારી દર છે. ગુજરાતમાં સૌથી ઓછો ક્રાઈમ રેટ છે. ગુજરાતની આવી સિદ્ધિથી સૌ કોઈ ગુજરાતની છાતી ગદગદ ફુલે છે.

આઝાદી બાદ બૃહદ મુંબઈ રાજ્યમાંથી 1 મે, 1960ના રોજ ગુજરાત રાજ્યની સ્થાપના થઈ. દર વર્ષ 1 મે,ના રોજ ગુજરાતના સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવે છે. ગુજરાતના પનોતાપુત્ર અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ



મોદીએ રાષ્ટ્રીય પર્વો રાજ્યના પાટનગરમાં ઉજવવાના બદલે જુદા જુદા જિલ્લા મથકે ઉજવવાની પરંપરા શરૂ કરી હતી. જેના ભાગ રૂપે ઉત્તર ગુજરાતના મહત્વના શહેર એવા પાટણ જિલ્લામાં રાજ્યના ૬૨મા સ્થાપના દિવસે ગુજરાત ગૌરવ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

રાજ્યના સ્થાપના દિવસની ઉજવણીના ભાગરૂપે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વિવિધ વિકાસકામોની પાટણને ભેટ આપતાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ છેલ્લા 2 દાયકાથી વિકાસની રાજનીતિનો યુગ શરૂ કર્યો છે તેની પ્રતીતિ જનસમૂહને પણ થઈ છે. શ્રી નરેન્દ્રભાઈએ રાજયના વિકાસમાં જનભાગીદારીને જોડવાના કરેલા અભિયાનને ગુજરાત વધુ તેજ ગતિથી આગળ વધારી રહ્યું છે. તેના પગલે ગુજરાત જનભાગીદારીથી વિકાસનું રોલ-મોડેલ બન્યું છે. વિકાસનું પર્વ લોકો વચ્ચે જઈને ઊજવવા સાથે તેના લાભ છેવાડાના માનવી સુધી પહોંચતા થયા છે.

ગુજરાત ગૌરવ દિવસ ઉજવણીના ઉપલક્ષ્યમાં પાટણ જિલ્લામાં રૂપિયા 140.68 કરોડનાં વિકાસનાં કામો હાથ ધરવાની જાહેરાત કરી હતી. આ સાથે રાજયના કર્મચારીઓ માટે મોંઘવારી ભથ્થામાં 3 ટકાના વધારાની પણ મુખ્યમંત્રીશ્રીએ જાહેરાત કરી હતી. ગુજરાત સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં કેન્દ્ર સરકારના ધોરણે ત્રણ ટકાનો વધારો તા-૦૧-૦૭-૨૦૨૧ની અસરથી આપવાનો કર્મયોગી-હિતકારી નિર્ણય મુખ્યમંત્રીશ્રી કર્યો છે. આ વધારાનો લાભ જે કર્મચારીઓને સાતમા પગારપંચનો લાભ અપાયેલો છે, તેમને જ મળવાપાત્ર થશે, તેવું પણ નિયત કરવામાં આવ્યું છે.

મુખ્યમંત્રીશ્રીના આ નિર્ણય અનુસાર રાજ્ય સરકારના, પંચાયત સેવાના તથા રાજ્ય સરકારના અન્ય કર્મચારીઓ અને






પેન્શનર્સ મળી કુલ ૯.૩૮ લાખ લોકોને મોંઘવારી ભથ્થાનો આ વધારાનો લાભ મળશે. રાજ્ય સરકારના ૬ઠ્ઠા પગાર પંચનો લાભ મેળવતા કર્મચારીઓ અને પેન્શનર્સના મોંઘવારી ભથ્થામાં કેન્દ્ર સરકારના ધોરણે ૭ ટકાનો વધારો તા-૦૧-૦૭-૨૦૨૧ની અસરથી આપવાનો સ્તુત્ય નિર્ણય પણ કર્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ વિકાસના કામોની જાહેરાત કરતા જણાવ્યું હતુ કે, પાટણ જિલ્લાના નગરોમાં પાણી પુરવઠા, ડ્રેનેજ લાઈન તથા તળાવોના નવીનીકરણનાં 8 કામો સહિત જનસુખાકારીના કામો માટે રૂપિયા 140.68 કરોડ 'અમૃત - 2.0' યોજનામાંથી ફાળવવામાં આવશે. તે પૈકી એટલા પાટણ શહેરમાં જ પાણીપુરવઠા અને ડ્રેનેજનાં કામો માટે રૂપિયા 127 કરોડ વપરાશે. પાટણ જિલ્લામાં સિદ્ધપુર નગરપાલિકામાં પાણીપુરવઠાનાં કામો માટે રૂપિયા 86 લાખ, ચાણસ્મા નગરપાલિકામાં પાણીપુરવઠાનાં કામો માટે રૂપિયા 6.41 કરોડ, તથા તળાવના નવીનીકરણ માટે રૂપિયા 1 કરોડ હારીજ નગરપાલિકામાં પાણીપુરવઠાનાં કામો માટે રૂપિયા 3.94 કરોડ તેમજ તળાવના નવીનીકરણ માટે રૂપિયા 1 કરોડ મળી કુલ રૂપિયા 140.68 કરોડનાં વિકાસકામોની જાહેરાત કરી હતી.

ઉપરાંત, આ કામોમાં ફાયર અને સેફ્ટી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત કરી ફાયર ફાયટિંગની સંભવિત ઘટનાઓ સામે પાટણ જિલ્લાને આત્મનિર્ભર બનાવવા રૂપિયા 5 કરોડના ખર્ચે મોડેલ ફાયર સ્ટેશનનું નિર્માણ કરાશે. પાટણ જિલ્લાના લોકોને તેમનાં રોજિંદાં કામો સરળતાથી થઈ શકે તે માટે રૂપિયા 38 લાખના ખર્ચે પાટણ નગરપાલિકામાં સિવિક સેન્ટર બનાવવાનાં કામોનો પણ સમાવેશ થાય છે.

મુખ્યમંત્રીશ્રીએ સમગ્ર રાજયના લોકોને ગુજરાત ગૌરવ દિવસની શુભેચ્છા પાઠવતાં જણાવ્યું હતું કે, ગુજરાતની અલગ રાજ્ય તરીકે સ્થાપના થઈ ત્યારથી આજ સુધીમાં ગુજરાતે વિકાસના નવા

આયામો પ્રસ્થાપિત કર્યા છે. પથ્થરમાંથી પાણી કાઢવાનું સામર્થ્ય ધરાવતા ગુજરાતમાં તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં વિકાસની નવી કેડી કંડારી છે. ગુજરાત સમગ્ર દેશનું ગ્રોથ એન્જિન છે, વિકાસમાં હંમેશા અગ્રેસર રહેલા ગુજરાતને હજુ વધુ આગળ લઈ જવા આપણે સૌ સંકલ્પબંધ બનીએ તે સમયની માગ છે. મુખ્યમંત્રીશ્રીએ સ્થાપના દિવસની ઉજવણીના ઉપલક્ષમાં પાટણ જિલ્લામાં 75 તળાવો બનાવવા આહ્વાન કરી લોકોને સંકલ્પબદ્ધ થવા અનુરોધ કર્યો હતો.

છેલ્લા બે દાયકામાં વિકાસ કેવો હોય? અને વિકાસ કોણે કહેવાય તે શ્રી નરેન્દ્રભાઇ મોદીએ સમગ્ર વિશ્વને બતાવ્યું છે. અગાઉની સરખામણીમાં વિકાસની ગતિ વધુ વેગવાન બનાવતા સંખ્યાબંધ નિર્ણયો રાજ્ય સરકારે લીધા છે તેને પગલે ગુજરાત વિકાસની નવી ઊંચાઈઓ પ્રસ્થાપિત કરી શક્યું છે તે આપણા સૌ માટે ગૌરવની બાબત છે. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, આજથી 20 વર્ષ પહેલા રાજ્યમાં 360 કિલોમિટર લાંબી બલ્ક લાઇન હતી આજે રાજ્યમાં 2685 કિલોમિટર લાંબી બલ્ક લાઇન કાર્યાન્વિંત કરી છે. જળ-ઉર્જા-જ્ઞાન શક્તિનો જે મહિમા શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ઉજાગર કર્યો હતો તેને વધુ પરિણામલક્ષી બનાવવા રાજ્ય સરકાર કાર્યરત છે. છેલ્લા બે દાયકામાં રાજ્યમાં 111 યુનિવર્સિટીઓ ઊભી કરી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ દેશ આખામાં ડિજિટલ ક્રાંતિના મંડાણ કર્યા છે તેને રાજ્ય સરકારે પણ મૂર્તિમંત કરવા કમરકસી છે. રાજ્યમાં ટેક્નોલોજીનો છેવાડાના માનવી સુધી પહોંચાડવાના ભાગરૂપે સંખ્યાબદ્ધ નિર્ણયો કર્યા છે. આવકના પ્રમાણપત્રની મર્યાદા 3 વર્ષની કરી છે, દિવ્યાંગો માટેનું પ્રમાણપત્ર આજીવન બનાવવા જેવા નિર્ણયોથી બહોળા સમુદાયને આવરી લેવાયો છે. પાટણમાં શરૂ કરવામાં આવેલા સાયન્સ સેન્ટર વિદ્યાર્થીઓ માટે આગવું આકર્ષણ બનશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે સહકાર મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું કે, સૌ ગુજરાતીને ગર્વ છે કે આ સ્થાપના દિવસની ઉજવણી પાટણ ખાતે થઈ રહી છે. ગુજરાતનો સ્થાપના દિવસ માત્ર ગાંધીનગર જ નહીં પરંતુ ગુજરાતના દરેક જિલ્લામાં ઉજવાય અને સાથે સાથે અનેક વિકાસના કર્યો થાય તેવા વિચારોને લઈને આ પરંપરા તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ શરૂ કરી હતી. ગૌરવ દિવસની ઉજવણી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના ઉપસ્થિતિમાં પાટણ જિલ્લામાં થઇ છે ત્યારે અનેક વિકાસ કામોની ભેટ પણ મુખ્યમંત્રીશ્રી પાટણના નાગરિકોને આપી



**સમરસતા ભોજનની આગવી પરંપરાનો પ્રારંભ કરાવતા CM**

મુખ્યમંત્રીશ્રીએ પાટણ જિલ્લાની સામાન્ય પરિવારોની મહિલાઓના હાથે બનાવેલા ભોજનનો તેમની સાથે બેસીને સ્વાદ માણ્યો હતો. પાટણ જિલ્લાના વિવિધ સમુદાય વર્ગની સામાન્ય પરિવારની મહિલાઓએ મુખ્યમંત્રીશ્રી માટે પોતાના ઘરે અને પોતાના હાથે વિવિધ વાનગીઓ બનાવીને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને હેતપૂર્વક જમાડ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ સ્થાપના દિવસની ઉજવણી દરમ્યાન 'સમરસતા ભોજન'ની નવી પરંપરાનો પ્રારંભ કરાવતા મહિલાઓના હાથે બનાવાયેલું ભોજન જનસમૂહ સાથે જમીને મુખ્યમંત્રીશ્રીએ અદના સેવકની પ્રતીતિ પણ કરાવી હતી. મુખ્યમંત્રીશ્રી સાથે અન્ય મહાનુભાવોએ ગુજરાતી વાનગીઓનો આસ્વાદ માણ્યો હતો.



છે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઇ વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજ્યનું શ્રેષ્ઠ સાયન્સ સેન્ટર પાટણમાં શરૂ કર્યું છે. વિજ્ઞાનની સમજ વધુ વ્યાપક બને તેવા પ્રયાસોના ભાગરૂપે આ કેન્દ્રની શરૂઆત કરવામાં આવી છે. અમદાવાદ સ્થિત સાયન્સ સિટી પણ આજે સમગ્ર ભારતનું આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પ્રત્યે રૂચિ વધે તેના માટે રાજ્ય સરકાર સતત કાર્યરત છે. આગામી સમયમાં 25 જિલ્લાઓમાં 'સાયન્સ સેન્ટર' શરૂ કરાશે. પાટણ 'પટોળા' અને 'રાણીની વાવ'ના પગલે આખા વિશ્વમાં પ્રખ્યાત છે. રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇના પટેલના નેતૃત્વમાં રાજ્ય વિકાસની રાજનીતિ સાથે આગળ વધી રહ્યું છે, તેના પગલે પાટણ સ્થિત સમગ્ર રાજ્યની પ્રતિભા નવી ઉંચાઇએ પ્રસ્થાપિત થઇ છે એમ તેમણે ઉમેર્યું હતું. આ અવસરે મુખ્યમંત્રી શ્રીએ 'અતુલ્ય વારસો પાટણ' પુસ્તકનું પણ વિમોચન પણ કર્યું હતું.

### તને ચાહું ગુર્જર માત !

કહું તારા કાનમાં, મનની મીઠડી વાત!
ચાહું તને હું દિલથી, ગરવી ગુર્જરી માત!

ઊગ્યું નવલ પ્રભાત, વીત્યાં ઘોર અંધાર!
કર્યાં રુગ્ણાં મ્હાત*, ગરવી ગુર્જરી માત!

એક મન એક કર્મ, કરુણા સેવા સ્નેહ;
જન જન ગુંજે નાદ, ગરવી ગુર્જરી માત!

ગાય નરસી ને મીરાં, મહાત્મા ને સરદાર;
વૈષ્ણવ જન બનીએ, ગરવી ગુર્જર માત!

તુજ થાને પોષંતાં ને, તુજ ખોળે ખેલંતાં;
સુણિયાં મધુરાં ગીત, ગરવી ગુર્જરી માત!

તવ બાળુડાં ચાલિયાં, ઉગમણાં અવકાશ;
સમર્થ ને સમરસ, ગરવી ગુર્જર માત!

(*કોરોના મહામારી પર સંઘશક્તિના વિજય સંદર્ભે)

- અશોક શર્મા, IAS

ગુજરાત સ્થાપના દિન, 1 મે 2022

## હસ્તકલા હાટ પ્રદર્શન

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વિવિધ કાર્યક્રમોમાં સહભાગી થયા બાદ ઈન્ડેક્ષ-સી ગાંધીનગર અને જિલ્લા ગ્રામવિકાસ એજન્સી, પાટણ તેમજ GLPCના સહયોગથી પાટણના પ્રગતિ મેદાનમાં યોજાયેલા હસ્તકલા હાટને ખુલ્લું મૂક્યું હતું. તેમણે 'વોકલ ફોર લોકલ'ની થીમ પર યોજાયેલા મહિલા સ્વસહાય જૂથો દ્વારા ઉત્પાદિત અનેકવિધ ચીજવસ્તુઓના પ્રદર્શનસહ વેચાણ સ્ટોલની મુલાકાત લઈ, ગુજરાતના અલગ અલગ જિલ્લાઓમાંથી આવેલી સખી મંડળની બહેનોને પ્રોત્સાહિત કરી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે હાથસાળ, હસ્તકલા, ભરતકામ, મોતીકામ, સુશોભનની વસ્તુઓ, માટીકામ - જ્વેલરી અને વાંસની બનેલી વસ્તુઓને નિહાળવા ખાસ્સો રસ દાખવ્યો હતો. પ્રદર્શનસહ વેચાણના કુલ ૭૬ જેટલા સ્ટોલ લગાવવામાં આવ્યા છે. '૨૦ વર્ષનો સૌનો વિશ્વાસ, ૨૦ વર્ષનો વિકાસ' - વંદે ગુજરાતની થીમ પર યોજાયેલા રાજ્ય સરકારની સિદ્ધિઓ આધારિત પ્રદર્શનને પણ રસપૂર્વક નિહાળ્યું હતુ.



મુખ્યમંત્રીશ્રીએ આ હસ્તકલા હાટમાં પાટણની વર્ષો જૂની પ્રખ્યાત મોરલી ટી સેન્ટરની ચાની મજા ઢોલિયા પર બેસીને માણી હતી. તેમણે પાટણના પ્રખ્યાત દેવડાનો પણ સ્વાદ માણ્યો હતો અને પાટણની રેવડી ચાખી હતી. એક કોમન મેનની જેમ મુખ્યમંત્રીશ્રીએ સખીમંડળની બહેનોના આગ્રહથી ફોટોસેશન પણ કર્યું હતું અને બધાનો ઉત્સાહ વધાર્યો હતો.

હસ્તકલા હાટમાં મુખ્યમંત્રીશ્રીએ પાટણનાં પ્રખ્યાત પટોળાં, કચ્છના ભરતકામ, મશરૂ વણાટની સાલ, હેન્ડલૂમ પર ખરડ વિવિંગ "હાથવણાટ"ના ભરતકામ જેવા સ્ટોલની મુલાકાત લઈ સખીમંડળની કારીગર બહેનો સાથે કોમન મેનની જેમ સંવાદ કરી તેમનો ઉત્સાહ વધાર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ હસ્તકલા હાટમાં 'ગુજરાત તને વંદન' થીમ આધારિત ચાર મિનિટની ટૂંકી ફિલ્મ નિહાળી હતી.

## ગુજરાત ગૌરવ દિવસ
# ગુજરાતના શ્રેષ્ઠીઓને સન્માનિત કરાયા




ગુજરાત ગૌરવ દિવસની ઉજવણી પ્રસંગે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત તથા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ગુજરાતના શ્રેષ્ઠીઓને ગરિમા એવોર્ડ તથા પાટણ જિલ્લાના 15 શ્રેષ્ઠીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. ગુજરાત ગરિમા એવોર્ડથી પાંચ વ્યક્તિવિશેષોનું રાજ્ય સન્માન કરાયું હતું, જ્યારે પાટણ જિલ્લામાં વિવિધ ક્ષેત્રે સેવા પ્રદાન કરનાર 15 લોકોનું સન્માન કરવામાં આવ્યું હતું. પાટણ ખાતે યોજાયેલા ગુજરાત સ્થાપના દિનની ઉજવણીની સંધ્યાએ શ્રેષ્ઠીઓના સન્માનની ગુજરાતની આગવી પરંપરાએ નવી ઊંચાઈ પ્રસ્થાપિત કરી છે. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ નગરપાલિકાઓના વિકાસ માટે રૂપિયા 2.5 કરોડ તથા જિલ્લાના વિકાસ માટે વધારાના રૂપિયા 2.5 કરોડની વિશેષ ગ્રાન્ટ ફાળવણીની જાહેરાત કરી હતી.

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે ગુજરાત ગૌરવ દિન-2022ની સંધ્યાએ યોજાયેલા ગુજરાત સ્થાપના દિનની ગુજરાત ગાશે પાટણ ગાન કાર્યક્રમમાં રાજ્યના નાગરિકોને શુભેચ્છાઓ પાઠવી જણાવ્યું હતું કે, ગુજરાતનો સર્વાંગી વિકાસ અન્ય રાજ્યો માટે પ્રેરણાસ્રોત છે.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, વિશ્વભરમાં પથરાયેલા ગુજરાતીઓએ તેમની સૂઝબૂઝ અને પુરુષાર્થ દ્વારા લોકોનાં દિલ જીત્યાં છે. આજે દુનિયાભરના દેશના પ્રતિનિધિઓ ગુજરાતના વિકાસ મોડેલની જાણકારી મેળવવા ગુજરાતની મુલાકાત લે છે. તેમણે જણાવ્યું હતું કે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના કર્મઠ નેતૃત્વમાં ગુજરાતે વિકાસની નવી ઊંચાઈ હાંસલ કરી છે, અને રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતે વણથંભી વિકાસયાત્રા દ્વારા છેવાડાના માનવી સુધી વિકાસનાં ફળ પહોંચાડ્યાં છે.

ગુજરાત સ્થાપના દિવસના પાવન પ્રસંગે રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારતના સંકલ્પને સાકાર કરવા રાજ્યના પ્રત્યેક નાગરિક પૂર્ણ સમર્પણભાવથી પુરુષાર્થ કરવાનો સંકલ્પ લે અને ગુજરાતને વિકાસના નૂતન આયામ પર પ્રસ્થાપિત કરે. તેમણે જણાવ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાષ્ટ્રીય તહેવારોને ગાંધીનગરમાં નહીં, પરંતુ જિલ્લા કક્ષાએ ઊજવવાની શરૂઆત કરી આ રાષ્ટ્રીય પર્વોને ખરા અર્થમાં લોકપર્વ અને વિકાસ ઉત્સવ બનાવ્યાં છે.

ગુજરાત મહાપુરુષોની ભૂમિ છે એ વાતનો ઉલ્લેખ કરતાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, મહાત્મા ગાંધીજી, સરદાર પટેલ, વિક્રમ સારાભાઈ અને મહર્ષિ દયાનંદ સરસ્વતીજી જેવા અનેક મહાપુરુષો એ આ ધરતી પર જન્મ લીધો છે. ગુજરાતે ભારતની સાંસ્કૃતિક વિરાસતની સંભાળ લીધી છે. રાજ્યપાલશ્રીએ જળ-જમીન પર્યાવરણની રક્ષા માટે દેશી ગાયના જતન-સંવર્ધન માટે, સ્વાસ્થ્યપ્રદ આહારની ઉપલબ્ધિ માટે અને ખેડૂતો તેમજ ખેતરની સમૃદ્ધિ માટે સૌને પ્રાકૃતિક કૃષિ અપનાવવા આ પ્રસંગે અનુરોધ કર્યો હતો. તેમણે આવનારા પેઢી વ્યસન મુક્ત બને, શિક્ષણ અને સંસ્કારોથી સમૃદ્ધ બને અને શ્રેષ્ઠ ભારતના નિર્માણમાં યોગદાન આપે તેવો પુરુષાર્થ કરવા આગ્રહ પણ કર્યો હતો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, વિકાસની રાજનીતિનો નવો યુગ છેલ્લા બે દાયકામાં ગુજરાતે વિકસાવ્યો છે તેના પાયામાં બે દાયકા પહેલા ગુજરાતની શાસનધૂરા સંભાળનાર શ્રી નરેન્દ્રભાઈ

મોદીનું દીર્ઘ-દૃષ્ટિપૂર્ણ નેતૃત્વ છે. તેમનાં મક્કમ પગલાંઓને પગલે ગુજરાત વર્ષ 1960થી 2000 સુધીના ચાર દાયકામાં ગુજરાત જ્યા હતું ત્યાંથી છેલ્લાં બે-અઢી દાયકામાં અનેક ગણું આગળ વધ્યું છે.

દેશ અને રાજ્યમાં આજે અનેક એવાં ક્ષેત્રો છે, જેમાં નરેન્દ્રભાઈ મોદીની આગવી સિદ્ધિની પહેલ પરિણામલક્ષી બની છે, તેના પગલે ગુજરાત પણ આજે વિકાસની એવી ઊંચાઈ પર છે કે વિશ્વ આખું ગુજરાત તરફ આકર્ષાયું છે. દેશ અને દુનિયાના વિકસિત રાષ્ટ્રોના નિષ્ણાતો કે અર્થશાસ્ત્રીઓ આજે ગુજરાતની અવિરત વિકાસયાત્રાથી પ્રભાવિત થયા છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, અણહિલપુર પાટણ, લોથલ અને ધોળાવીરાની પ્રાચીન ભૂમિ એવું ગુજરાત આઝાદી સંગ્રામના શૌર્યભર્યા ઇતિહાસની ભૂમિ પણ છે. આ ભૂમિએ ગાંધી-સરદાર-શ્યામજી કૃષ્ણાવર્મા- રવિશંકર મહારાજ અને ઈંદુચાચા જેવા લોકસેવકો આપ્યા છે. આવા સેવકોને યાદ કરવાનો અવસર એટલે ગુજરાત ગૌરવ દિવસ.

ગુજરાતને સતત અને અવિરત ધબકતું રાખવા અગ્રિમ વિકાસનો પથ શ્રી નરેન્દ્રભાઈ મોદીના પગલે કંડાર્યો છે તે જ માર્ગે ગુજરાત આજે આગળ વધી રહ્યું છે. ગુજરાતે શરૂ કરેલો ક્લાયમેન્ટ ચેન્જ વિભાગ, ચારણકામા સ્થપાયેલો સૌથી મોટો સોલાર પાર્ક, 24 કલાક વીજળી આપતી જ્યોતિગ્રામ યોજના તેના પુરાવા છે. પ્રવર્તમાન રાજ્ય સરકાર પણ તેજ ગતિથી વિકાસપથ પર આગળ વધી રહી છે. છેલ્લાં 20 વર્ષમાં રૂપિયા 11,815 કરોડનાં ખર્ચે 7.65 લાખ ખેડૂતોને વીજજોડાણો આપ્યાં છે, એ જ રીતે રૂપિયા 100 કરોડના ખર્ચે આગામી બે વર્ષમાં આદિવાસી વિસ્તારમાં 500 નવા મોબાઇલ ટાવર ઊભાં કરવાનો નિર્ણય પણ કર્યો છે.

લોકોને સ્પર્શતી રોજબરોજની બાબતોમાં પણ રાજ્ય સરકારે સંવેદનાપૂર્વક નિર્ણય કર્યા હોવાનો ઉલ્લેખ કરી મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ગ્રામ્યકક્ષાએ ઈ-ગ્રામ વિશ્વગ્રામ કેન્દ્ર પરથી કાઢી આપવામાં આવતાં આવકનાં પ્રમાણપત્રોની મર્યાદા એક વર્ષથી વધારીને 3 વર્ષની કરી છે. દિવ્યાંગતાનું પ્રમાણપત્ર આજીવન માન્ય રાખવાનું ઉપરાંત સરકારી કામ માટે એફિડેવિટમાંથી મુક્તિ આપીને સેલ્ફ ડેક્લેરેશનને પણ માન્ય રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. સાથે-સાથે નિરાધાર વૃદ્ધ પેન્શન યોજના અંતર્ગત માસિક પેન્શન રૂપિયા 750થી વધારીને રૂ. 1000 અને 80 વર્ષથી વધુના નિરાધારોને માસિક પેનશન રૂપિયા 1000થી વધારીને રૂપિયા 1250 કરવાનો સંવેદનાપૂર્વક નિર્ણય પણ રાજ્ય સરકારે કર્યો છે. આ સાથે મહિલાઓના સશક્તીકરણ માટે આ વર્ષના બજેટમાં 42 ટકાના નોંધપાત્ર વધારાની રૂપરેખા પણ મુખ્યમંત્રીશ્રીએ આપી હતી.

આ અવસરે સહકારમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, આપણું ગુજરાત તેના સ્થાપનાકાળથી તેના સંસ્કાર વારસાને સાચવીને બેઠું છે. પાટણની ઐતિહાસિક ધરાએ આપણને અનેક મહાનુભાવો આપ્યા છે ત્યારે રાષ્ટ્રીય પર્વને જિલ્લા કક્ષાએ ઉજવણી શૃંખલામાં પાટણ ખાતે સ્થાપના દિવસની ઉજવણી એક નહીં ઊંચાઈ પ્રસ્થાપિત કરશે. મૃદુ છતાં મક્કમ મનોબળ ધરાવતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર વિકાસની રાજનીતિમાં આગળ વધી રહી છે એમ તેમણે ઉમેર્યું હતું.

આ અવસરે પાટણ જિલ્લા વહીવટી તંત્રના માર્ગદર્શન હેઠળ જિલ્લા માહિતી કચેરી દ્વારા તૈયાર કરાયેલી વિકાસ વાટિકા તથા ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા બનાવાયેલ પુસ્તકનું મહાનુભાવોના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સાહિત્યકાર શ્રી વિષ્ણુભાઈ પંડ્યા, અગ્રણી ઉદ્યોગકાર શ્રી કરસનભાઈ પટેલ, શિક્ષણમંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણી, સાંસદ શ્રી ભરતસિંહ ડાભી, સર્વે ધારાસભ્યોશ્રીઓ, જિલ્લા કલેક્ટર શ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અને અધિકારીઓ પદાધિકારીઓ તેમજ ઉપસ્થિત રહ્યા હતા. ●



**'ગુજરાત ગરિમા એવોર્ડ-2022'**

*1) કૃષિ ક્ષેત્રમાં શ્રી પ્રફુલચંદ્ર મનસુખભાઈ સેજલીયા, 2) સાહિત્ય અને શિક્ષણ ક્ષેત્રમાં શ્રી ડો. પ્રતાપભાઈ પંડ્યા (મરણોત્તર), 3) સમાજ સેવા ક્ષેત્રમાં શ્રી નિલેશભાઈ માંડલેવાલ, 4) રમત ગમત અને યોગ ક્ષેત્રમાં કુ. અન્વી વિજય ઝાંઝરૂકીયા, 5) કલા ક્ષેત્રમાં શ્રી કિર્તીદાન ગઢવી.*

## 'રિજિયોનલ સાયન્સ સેન્ટર'નું લોકાર્પણ



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ટેક્નોલોજી વિકસાવવાની પરિકલ્પનાને ચરિતાર્થ કરતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રચાર અને પ્રસાર માટે રાજ્યમાં ચાર સ્થળોએ રિજિયોનલ સાયન્સ સેન્ટરનું નિર્માણ થઇ ચૂક્યું છે. 'ગુજરાત ગૌરવ દિવસ' નિમિત્તે વિશ્વ પ્રસિદ્ધ પાટણમાં 'રિજિયોનલ સાયન્સ સેન્ટર'નું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતુ. મુખ્યમંત્રીશ્રીએ સમગ્ર સેન્ટરની તમામ ગેલેરીઓને અત્યંત રસપૂર્વક નિહાળી હતી. સાથે સાથે બાળકો સાથે ફાઈવ-ડી થિયેટરની ગતિવિધિ પણ નિહાળી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, આ કેન્દ્ર વિજ્ઞાનના પ્રચાર - પ્રસાર, તકનિકી જાગૃતિ, અંગે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સામાન્ય જનતા માટે એક મહત્વનું સ્થળ બની રહેશે. એટલું જ નહીં, ૩૪ હજાર ચોરસ મીટર ક્ષેત્રફળમાં ફેલાયેલું અને અંદાજે રૂપિયા ૧૦૦ કરોડના ખર્ચે તૈયાર થયેલું 'રિજિયોનલ સાયન્સ સેન્ટર'ની રચના વિજ્ઞાન ટેકનોલોજી અને ગણિતના ક્ષેત્રને ધ્યાનમાં લઈને કરવામાં આવી છે. તેમજ અહીં આવેલ ગેલેરીઓ પાટણ જિલ્લાની વિશિષ્ટતાને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી છે. આ પ્રસંગે શિક્ષણ અને સાયન્સ એન્ડ ટેકનોલોજી મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણી તથા સહકાર મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના સચિવ શ્રી વિજય નેહરા, જિલ્લા કલેકટરશ્રી તેમજ જિલ્લા વિકાસ અધિકારીશ્રી ઉપરાંત અન્ય અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### સાયન્સ સેન્ટરના આકર્ષણ

સાયન્સ સેન્ટરમાં લેન્ડ ઓફ ડાયનાસોર ગેલેરી, હાઇડ્રોપોનિક્સ ગેલેરી, નોબેલ પ્રાઈઝ ગેલેરી, કેમેસ્ટ્રી, ઓપ્ટિક્સ ગેલેરી, હ્યુમન સાયન્સ ગેલેરીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત અન્ય આકર્ષણોમાં વર્કશોપ, ૩-ડી થિએટર, વિજ્ઞાનની થીમ આધારીત પાર્ક, વૈદ્યશાળા, સનડાયલ અને કાફેટેરિયાનો પણ સમાવેશ થાય છે. સાથો - સાથ ઓપ્ટિકલ ઇલ્લીયુઝનની રોમાંચક દુનિયા ઓપ્ટિક્સ ગેલેરીમાં જોવા મળશે. અહીં ઇલ્લીયુઝન ટનલ, ઇન્ફિનિટી પીટ, ટીલ્ટેડ રૂમ સાયન્સ પ્રેમીઓ માટે આકર્ષણનું કેન્દ્ર પણ બનશે. ઉપરાંત આ સાયન્સ સેન્ટરની મુલાકાત લેવા આવનારા સાયન્સ પ્રેમીઓને કરોડો વર્ષની જીવ સૃષ્ટિનો ઇતિહાસ ધરાવતા જુરાસિક યુગનો અહેસાસ થશે. ભારતનો સૌથી ઊંચો 57 ફૂટ ઊંચાઇ ધરાવતો બ્રેકીઓસૌરસ ડાયનાશોર પણ મુલાકાતીઓનું આકર્ષણનું કેન્દ્ર બનશે. આ સેન્ટર પાટણ જિલ્લા તથા આસપાસના જિલ્લાના સ્કૂલ, કોલેજ, આઇ.ટી. આઇ. યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે સાયન્સ અંગેની અભિરૂચી વધારવામાં પણ મદદરૂપ બનશે. ●

## શસ્ત્ર પ્રદર્શન

ગુજરાત ગૌરવ દિવસની ઉજવણી પાટણ ખાતે થઇ રહી છે ત્યારે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે પોલીસ હેડ ક્વાટર્સ ખાતે આયોજિત શસ્ત્ર પ્રદર્શનની મુલાકાત લીધી હતી. નિર્દશનમાં મૂકાયેલ શસ્ત્રોનું મુખ્યમંત્રીશ્રીએ રસપૂર્વક નિરીક્ષણ કરી સૈન્યના અધિકારીઓ પાસેથી માહિતી મેળવી હતી. પાટણના નાગરિકો સેન્યના શસ્ત્રોથી અવગત થાય તેમજ રાષ્ટ્રભાવના વિકસે તે માટે આ પ્રદર્શન આયોજન કરાયું છે, જેમાં બી.એસ.એફ. અને પોલીસ દ્વારા અત્યાધુનિક શસ્ત્રો પ્રદર્શનમાં મૂકવામાં આવ્યા હતા.



## પોલીસ જવાનો દ્વારા પરેડમાં દિલધડક કરતબો

ગુજરાત ગૌરવ દિવસની ઉજવણીના ઉપલક્ષ્યમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની ઉપસ્થિતિમાં પાટણ કોલેજ ગ્રાઉન્ડમાં નાગરિકોનો ઉત્સાહ જળવાઇ રહે તેમજ પોલીસની વિવિધ કામગીરીથી નાગરિકો અવગત થાય તે હેતુથી પોલીસ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. ગુજરાત ગૌરવ દિવસની ઉજવણીમાં પોલીસ વિભાગ પણ સહભાગી બન્યો છે. જિલ્લા પોલીસ અધિક્ષક વિજયકુમાર પટેલની આગેવાની અને માર્ગદર્શન હેઠળ વિવિધ કાર્યક્રમોનું આયોજન થયું હતું. આ કાર્યક્રમોમાં પરેડ, રાયફલ ડ્રિલ, મોટર સાયકલ સ્ટંટ શો, ડોગ શો, અશ્વ શો, બેન્ડ ડિસ્પલે સહિત સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન થયું હતું. આ પરેડમાં રાજ્યની વિવિધ પ્લાટુને પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પરેડમાં વિવિધ ટેબલો પણ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. કુલ ૭૧૦થી વધુ કર્મચારીઓએ પરેડમાં ભાગ લીધો હતો. ●

# વર્ષો જુના નાબુદ થયેલા મહેસૂલી કાયદાઓ અન્વયે પ્રશ્નોનું નિરાકરણ લાવતી રાજ્ય સરકાર



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યમાં મહેસૂલી પ્રક્રિયાના સરળીકરણ તથા વહીવટમાં પારદર્શીતાના મહત્વપૂર્ણ જનહિતકારી નિર્ણયો કર્યા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રસ્થાપિત કરેલી ગુડ-ગવર્નન્સ - સુસાશનની આગવી પરિપાટીને આગળ ધપાવતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના મહેસૂલ વિભાગના જુના પુરાણા વર્ષો જુના અને નાબુદ થયેલા ૨૪ જેટલા વિવિધ ઈનામ નાબૂદી કાયદાઓના સંદર્ભમાં નવી/જુની શરતની અસમંજસતાથી ઉદભવતા લોકોના પ્રશ્નોનું સરળ અને પારદર્શી નિરાકરણનો અભિગમ અપનાવ્યો છે.

મહેસૂલ મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વની વર્તમાન રાજ્ય સરકારે કરેલા આ મહત્વપૂર્ણ નિર્ણયની ભૂમિકા આપતા જણાવ્યું હતું કે, મહેસૂલી વહીવટમાં સરળીકરણની ભલામણો માટે રચાયેલી શ્રી સી.એલ.મીના સમિતિના અહેવાલનો મહદઅંશે સ્વીકાર કરતા મુખ્યમંત્રીશ્રીએ આ મહત્વપૂર્ણ નિર્ણયો કર્યા છે. અગાઉ આ સંદર્ભમાં કોઈ સ્પષ્ટ માર્ગદર્શિકા ન હોવાને કારણે આવા ઉભા થતા પ્રશ્નોના નિવારણ માટે અરજદારોને રાજ્ય કક્ષા સુધી આવવું પડતું હતુ. પરિણામે મહેસૂલ વિભાગની કામગીરીનું ભારણ વધતું અને જુદા-જુદા અર્થઘટનોને કારણે આવા પ્રશ્નોના નિવારણમાં ખૂબ વિલંબ થતો હતો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સમક્ષ આ વિષય આવતા તેમણે મક્કમતાપૂર્ણ ત્વરીત નિર્ણાયકતાથી આ સમગ્ર બાબતનું સુચારૂ નિરાકરણ લાવવા મહેસૂલ મંત્રીશ્રી અને મહેસૂલ વિભાગને દિશાનિર્દેશ આપ્યા હતાં. આના પરિણામ સ્વરૂપે મહેસૂલ વિભાગે આવા નાબૂદ થયેલા ૨૪ જેટલા કાયદાઓની બાબતમાં અગાઉ નવી અને જુની શરતની જમીનો બાબતે પ્રવર્તતી અસમંજસતા-દ્વિધા દૂર કરવા વિસ્તૃત કાર્ય આયોજન કર્યુ છે અને આ અંગેની વિગતવાર સૂચનાઓ મહેસૂલ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવશે. ●

## ખેડૂતો પાસેથી ટેકાના ભાવે ચણાની ખરીદી માટે વધારાનો જથ્થો મંજૂર



ગુજરાત સરકારે રાજ્યના ખેડૂતો પાસેથી ટેકાના ભાવે ચણાના વધારાના જથ્થાની ખરીદી કરવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારને દરખાસ્ત કરી હતી. તેને કેન્દ્ર સરકારે મંજૂર કરી છે. તે બદલ કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે રાજ્યના ખેડૂતો વતી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય કૃષિમંત્રી શ્રી નરેન્દ્રસિંહ તોમર અને કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયાનો આભાર વ્યકત કરતા જણાવ્યુ કે, રાજયમાં ચણાનુ મબલખ ઉત્પાદન થયુ હતુ. તેને ધ્યાને લઈને રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ખેડૂતોના હિતમાં વધારાના જથ્થાની ખરીદી કરવા માટે દરખાસ્ત કરી હતી. અગાઉ રાજ્યમાં ટેકાના ભાવે ચણાની ખરીદી માટે ભારત સરકારશ્રીએ ૪,૬૫,૮૧૮ મે. ટન ચણાની ખરીદી માટે મંજૂરી આપેલ. તે પ્રમાણે રાજ્યમાં તા.૦૧/૦૩/૨૨ થી સમગ્ર રાજ્યમાં ખેડૂતો પાસેથી ચણાની ટેકાના ભાવે ખરીદી શરૂ કરવામાં આવી. જેનો ખેડૂતોમાં ખૂબ જ સાનુકૂળ પ્રતિભાવ જોવા મળ્યો છે કૃષિમંત્રીશ્રીએ ઉમેર્યુ કે,રાજ્ય સરકારે કેન્દ્ર સરકારશ્રીને ચણાના વધારાના જથ્થાની ફાળવણી માટે વિનંતી કરતા, કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતના ખેડૂતોના હિતમાં ચણાનો જથ્થો વધારી કુલ ૫,૩૬,૨૨૫ મેટ્રિક ટનની મંજૂરી આપવામાં આવી છે. ●

## ગામ-તાલુકામાં નોટરીની સુવિધા ઉપલબ્ધ કરાવવા સરકારનો નિર્ધાર



નાગરિકોને પોતાના ગામ-તાલુકામાં વધુ સરળતાથી નોટરીની સુવિધા ઉપલબ્ધ કરાવવાના નિર્ધાર સાથે ગુજરાતમાં નોટરીની કુલ ૧,૬૬૦ જગ્યાઓ ભરવા માટેની પ્રક્રિયાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જે અંગે કાયદા મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, પ્રથમ તબક્કામાં બોટાદ, પોરબંદર, મોરબી, દેવભૂમિદ્વારકા, નર્મદા, ડાંગ, તાપી અને છોટાઉદેપુર એમ આઠ જિલ્લાના ધારાશાસ્ત્રીઓ-ઉમેદવારો માટે ઈન્ટરવ્યુ પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. ઈન્ટરવ્યુની સમગ્ર પ્રક્રિયા ઝડપી, સરળ અને ન્યાયિક થાય તે માટે કુલ ત્રણ બોર્ડની રચના કરવામાં આવી છે.

નોટરીની કુલ-૧,૬૬૦ જગ્યાઓ માટે ધારાશાસ્ત્રીઓ પાસેથી અરજીઓ મંગાવવામાં આવી હતી. રાજ્યભરમાંથી આવેલી અરજીઓની સ્ક્રુટીની કર્યા બાદ ૧૦,૪૨૭ જેટલા ઉમેદવારોને ઈન્ટરવ્યુ માટે લાયક ગણવામાં આવ્યા છે. આ સમગ્ર પ્રક્રિયા ખૂબજ ઝડપી પૂર્ણ કરીને રાજ્યભરમાં ૧,૬૬૦ જગ્યાઓ ઉપર નોટરીઓની નિમણૂક આપવામાં આવશે.●



# કંથારપુર મહાકાળી વડના વિકાસ પ્રોજેક્ટ કામોની સમીક્ષા કરતા CM

ગાંધીનગરના દહેગામ તાલુકાના કંથારપુર મહાકાળી વડનો યાત્રા-પ્રવાસનધામ વિકાસ પ્રોજેક્ટ અંતર્ગત સમાવેશ કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત ચાલતી વિવિધ કામગીરીની જાત-માહિતી મેળવવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કંથારપુર વડની મુલાકાત લીધી હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના દિશાદર્શનમાં આ કંથારપુર મહાકાળી વડનો ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા યાત્રા-પ્રવાસન ધામ તરીકે અદ્યતન સુવિધા સાથે વિકાસ કરવામાં આવી રહ્યો છે.

ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ આ હેતુસર રૂપિયા ૬ કરોડના ખર્ચે પ્રથમ તબક્કાના વિકાસકામોમાં આ સ્થળે નયનરમ્ય લેન્ડ સ્કેપિંગ, ધ્યાનયોગ માટેની જગ્યાઓ, એક્ઝિબિશન હોલ, પાથ-વે, ગેધરિંગ એરિયા તેમજ પાણીનો બોર, ઈલેક્ટ્રિકલ અને પ્લમ્બિંગ કામગીરી હાથ ધરી રહ્યું છે. મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના મુખ્ય સચિવ શ્રી પંકજ કુમાર, પ્રવાસન સચિવ શ્રી હારિત શુક્લ, યાત્રાધામ વિકાસ બોર્ડના સચિવ શ્રી રાવલ, અગ્ર મુખ્ય વનસંરક્ષક શ્રી રામકુમાર તેમજ ગાંધીનગર કલેક્ટર શ્રી કુલદીપ આર્ય અને અધિકારીઓ સાથે કંથારપુર મહાકાળી વડ પહોંચ્યા હતા. તેમણે નિર્માણાધીન વિવિધ કાર્યોની વિગતો મેળવી હતી તેમજ સાઈટ નિરીક્ષણ કરીને જરૂરી સૂચનો પણ કર્યાં હતાં.

મુખ્યમંત્રીશ્રીએ સ્થાનિક અગ્રણીઓ, ગ્રામજનો સાથે સહજ સંવાદ પણ કર્યો હતો અને ભૂલકાઓ સાથે સ્નેહભાવથી હળ્યા-મળ્યા હતા શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ પરિસરમાં યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા સમગ્રતયા અંદાજે રૂપિયા ૧૪.૯૬ કરોડના ખર્ચે જે કામો તબક્કાવાર રીતે હાથ ધરવાનાં છે, તે નિશ્ચિત સમયમર્યાદામાં અને ગુણવત્તા સાથે પૂરાં થાય તે માટે પણ માર્ગદર્શન આપ્યું હતું. અત્રે નિર્દેશ કરવો જરૂરી છે કે કંથારપુર વડ ૫૦૦ વર્ષ જૂનો હોવાનું કહેવાય છે. તે મિનિ કબીર વડ તરીકે પણ ઓળખાય છે. અહીં વડ નીચે મહાકાળી માતાનું મંદિર આવેલું છે અને ભક્તો મોટી સંખ્યામાં દર્શનાર્થે આવતા હોય છે. એટલું જ નહીં, અડધા એકરથી વધારે જગ્યામાં પ્રસરેલી આ મહાકાય વડની વડવાઈઓ પણ પ્રકૃતિ-પર્યાવરણ પ્રેમીઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમના મુખ્યમંત્રીના કાર્યકાળ દરમિયાન આ સ્થળની મુલાકાત લઈ તેને યાત્રા-પ્રવાસન ધામ તરીકે વિકસાવવાની નેમ દર્શાવી હતી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં આ નેમને સાકાર કરતા યાત્રાધામ પ્રવાસન વિકાસનાં કામો આ સ્થળે ઝડપભેર ઉપાડવામાં આવ્યાં છે. મુખ્યમંત્રીશ્રીએ પોતાની મુલાકાત દરમિયાન આ વિકાસકામોની તલસ્પર્શી માહિતી મેળવી હતી. ●

# ગિયોડમાં જનનાયકનો જનસંવાદ



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ મૃદુ-મિતભાષી, મક્કમ નેતૃત્વકર્તા સાથે પોતાની સાદગી અને સહજતા માટે પણ જન-જનમાં લોકપ્રિય થયા છે. મુખ્યમંત્રીશ્રીની આવી જ સાદગી અને સહજતાનો અનુભવ તાજેતરમાં ગાંધીનગર જિલ્લાના ગિયોડના ગ્રામજનોને થયો હતો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ કોઇ જ પૂર્વ નિર્ધારીત કાર્યક્રમ કે ગામમાં કોઇને ય જાણ કર્યા વિના ગિયોડ ગામે પહોચ્યા હતા. તેમણે ગિયોડ ગામે પહોચીને ગામના વૃદ્ધો-વડીલોને ગામમાં સફાઇ, શાળા શિક્ષણ વગેરે અંગે સહજ પૂછપરછ કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ ગિયોડ ગામના ભુલકાંઓ, બાળકો વચ્ચે જઇને ભૂપેન્દ્ર 'દાદા' તરીકેની તેમની છાપને આ બાળકો સાથે વ્હાલભર્યો સંવાદ કરીને વધુ ઉજળી બનાવી હતી. મુખ્યમંત્રીશ્રી ગામની બહેનો-માતાઓને પણ મળ્યા હતા તેમણે ગ્રામજનો સાથે વાતચીત કરતા કરતા ચાનો આસ્વાદ માણ્યો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ નિર્ધારીત કાર્યક્રમ મુજબ કંથારપૂર મહાકાળી વડના યાત્રા-પ્રવાસન ધામ તરીકે થઇ રહેલા વિકાસ કામોના નિરીક્ષણ માટે ગયા હતા. તેમણે ત્યાંથી આવતાં અચાનક જ પોતાના સલામતિ-સુરક્ષા અધિકારીઓને વાહનો ગિયોડ ગામમાં લઇ જવાની સૂચના આપી હતી અને કોઇ જ પૂર્વ નિર્ધારીત કાર્યક્રમ વિના સીધા ગિયોડ પહોચ્યા હતા.

ગિયોડના ગ્રામજનો, બાળકોએ મુખ્યમંત્રીશ્રીને પોતાના ગામમાં ઓચિંતા આવેલા જોઇને સુખદ આશ્ચર્ય અનુભવ્યુ હતું. મુખ્યમંત્રીશ્રી સાથે મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર, ગાંધીનગર જિલ્લા કલેક્ટર શ્રી કુલદીપ આર્ય વગેરે પણ આ મુલાકાતમાં જોડાયા હતા. ●



# આદિજાતિ વિસ્તારોના સર્વગ્રાહી વિકાસ માટે સરકાર કૃતનિશ્ચયી



વિકાસની ખૂટતી તમામ કડી પૂર્ણ કરી આદિજાતિ વિસ્તારોને પણ વિકાસની મુખ્યધારામાં લાવ્યા છીએ. હજુ પણ જરૂરિયાત મુજબના વિકાસ કામો પૂર્ણ કરવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે તેમ તાજેતરમાં છોટાઉદેપુર જિલ્લાને રૂ.131 કરોડનાં વિકાસકાર્યોની ભેટ ધરવાના કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું. આ સાથે, મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટ મત વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, હરેક સમાજ, જાતિ, વંચિત, પીડિત, શોષિત અને અંતરિયાળ વિસ્તારો સુધી સરકારની યોજનાઓનો લાભ સુપેરે પહોચાડી આપણે ગુજરાતને વિકાસનું ગ્રોથ એન્જીન બનાવ્યું છે.

છોટાઉદેપુરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રૂ. ૮૪.૫૬ કરોડના ખર્ચે નવનિર્મિત ત્રણ જૂથ પાણી પુરવઠા યોજનાઓના લોકાર્પણ સાથે બે પશુ દવાખાના, ૨ ગ્રામ્ય માર્ગો અને ૪૫ નવિન આંગણવાડીઓ આદિજાતિ જિલ્લાને ભેટ ધરી હતી. આ સાથે, વિવિધ લાભાર્થીઓને 'મા' કાર્ડ, ગંગાસ્વરૂપા બહેનોને પેન્શન સહાય ફાળવણી પત્ર, ભુલકાંઓને કિટ વગેરે અર્પણ કર્યા હતા. આ સંદર્ભમાં તેમણે કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને વિઝનરી લીડરશીપમાં વિકાસની રાહે તેજ ગતિએ દોડતું ગુજરાત આજે એટલે જ દેશ-દુનિયામાં વિકાસના ગ્રોથ એન્જીન સમું રોલ મોડેલ છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, વિકાસનો મુખ્ય આધાર પાણી છે. ગુજરાતે બે-અઢી દાયકા પહેલાં પાણીની યાતના જોઈ છે, તંગી ભોગવી છે. હવે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના દ્રષ્ટિવંત આયોજનથી ઘરે-ઘરે પાણી પહોચતું થયું છે, પુરતું પાણી લોકોને મળે છે.

આપણને આપણી આગલી પેઢીએ પાણી આપ્યું છે ત્યારે હવે આપણે પણ તેનો સુઆયોજિત અને વિવેકપૂર્ણ ઉપયોગ કરીને આવનારી પેઢી માટે પાણી સુરક્ષિત રાખવાનું છે" એવો સ્પષ્ટ મત મુખ્યમંત્રીશ્રીએ દર્શાવ્યો હતો.

તેમણે કહ્યું કે, મહાવીર સ્વામીએ આપણને પાણી 'ઘી'ની જેમ વાપરવા સૈકાઓ પહેલાં સલાહ આપેલી તો વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી પાણીને પારસમણિ સમાન ગણાવે છે ત્યારે એ પાણી વેડફાય નહિ, તેનો બગાડ થાય નહિં અને સૌને પુરતું પાણી મળી રહે તેવી સહિયારી જવાબદારી આપણે નિભાવવાની છે

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, પાણી, શિક્ષણ, આરોગ્ય, વીજળી, માર્ગો દરેક સુવિધા છેક અંતરિયાળ ગામો સુધી પહોચાડવાની સફળતા આપણે શ્રી નરેન્દ્રભાઈના દિશાદર્શનમાં મેળવી છે. આદિજાતિ બાળકો હવે ઘરઆંગણે શાળાઓમાં અંગ્રેજી માધ્યમમાં ભણતા થયા છે. એટલું જ નહિ, ડૉક્ટર, એન્જીનીયર, પાયલોટ જેવા ઉચ્ચ કારકીર્દી ક્ષેત્રોમાં પણ જોડાય છે.

તેમણે કહ્યું હતું કે, દેશમાં ૨૦ પરિવારો રહેતા હોય ત્યાં વીજળીનું કનેક્શન આપવાની જોગવાઇ છે, પણ રાજ્ય સરકારે આદિવાસી પરિવારોની નિવાસ પદ્ધતિને ધ્યાને રાખીને માત્ર ૧૦ ઘર હોય તેવા ફળિયા વિસ્તારોને પણ વીજ જોડાણથી આવરી લેવામાં આવે છે

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, આદિજાતિ વિસ્તારોના બાળકો, વિદ્યાર્થીને ઓનલાઇન અભ્યાસમાં કનેક્ટીવીટીની વધુ સુવિધા આપવા મોબાઇલ કનેક્ટીવીટી માટે ૫૦૦ નવા મોબાઇલ ટાવર ઊભા કરવાના છીયે. આ માટે બજેટમાં આ વર્ષે ૧૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે. મુખ્યમંત્રીશ્રીએ આઝાદીના અમૃત મહોત્સવ વર્ષે આદિજાતિ વિસ્તારના આ વિકાસ કામો અમૃત પર્વ બનશે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી.

તેમણે ઉમેર્યું હતું કે, આઝાદી માટે સ્વાતંત્ર્યવીરોએ લડત ચલાવી હતી અને આઝાદી પછી દેશની રક્ષા માટે સરહદે સૈનિકો રાષ્ટ્રસેવા કરે છે તેમ આપણે સૌ



## મુખ્યમંત્રીશ્રીએ લોકપ્રશ્નોની જાણકારી મેળવી

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની અધ્યક્ષતામાં છોટાઉદેપુરમાં જિલ્લાના અધિકારીઓ અને પદાધિકારીઓની સંયુકત બેઠક યોજાઇ હતી. બેઠક દરમિયાન મુખ્યમંત્રીશ્રીએ છોટાઉદેપુર જિલ્લાના લોકપ્રશ્નો અંગે જાણકારી મેળવી હતી. આ બેઠકમાં ઉપસ્થિત જિલ્લાના પદાધિકારીઓ દ્વારા મુખ્યમંત્રીશ્રીને વિવિધ મુદ્દે રજૂઆતો કરી જિલ્લાને સ્પર્શતી બાબતોના નિરાકરણની અપેક્ષા વ્યક્ત કરી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે પદાધિકારીઓ દ્વારા કરવામાં આવેલી રજૂઆતો પ્રત્યે હકારાત્મક અભિગમ દાખવતા જિલ્લાને સ્પર્શતી વિવિધ બાબતોના સકારાત્મક નિરાકરણની હૈયાધારણ આપી હતી. તેમણે જિલ્લાના સામાજિક, આર્થિક કે શૈક્ષણિક વિકાસ માટે સરકાર હંમેશા હકારાત્મકપણે કામ કરી રહી છે. પદાધિકારીઓ તરફથી આવેલી તમામ રજૂઆતોનું વહેલી તકે નિરાકરણ આવે એવી કામગીરી કરવામાં આવશે એમ તેમણે જણાવ્યું હતું.

છોટાઉદેપુરના પ્રભારી મંત્રી શ્રીમતી નિમિષાબેન સુથાર, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી મલકાબેન પટેલ, સંખેડાના ધારાસભ્ય શ્રી અભેસિંહ તડવીએ પદાધિકારીઓ તરફથી મળેલી રજૂઆતો અંગે કરેલી કામગીરી અંગે પણ મુખ્યમંત્રીશ્રીને અવગત કર્યા હતા. આ બેઠકમાં જિલ્લા કલેકટર શ્રીમતી સ્તુતિ ચારણ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી ગંગાસિંહ, રેન્જ આઇ.જી શ્રી એમ.એસ.ભરાડા, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી ધર્મેન્દ્ર શર્મા, તાલુકા પંચાયતોના પ્રમુખો, જિલ્લા પંચાયતની વિવિધ સમિતિના ચેરમેનો સહિત અન્ય પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પાણી-વીજળી બચાવી, પ્લાસ્ટિકનો ઓછો ઉપયોગ કરીને પણ દેશ સેવા કરી શકીએ.

સૌને સાથે મળીને વિકાસ કામોમાં આગળ વધવા અપીલ કરતાં મુખ્યમંત્રીશ્રીએ આ વિસ્તારને મળેલી પશુદવાખાના, આંગણવાડી, શાળાના ઓરડા વગેરેની વિકાસ ભેટથી વિકાસની ગતિમાં વધુ વેગ આવશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. તેમણે છોટાઉદેપુર જિલ્લા પંચાયતને ભારત સરકાર દ્વારા ૨૦૨૧ના વર્ષમાં દીનદયાળ સશક્તિકરણ પુરસ્કાર મળવા અંગે પણ સૌ કર્મીઓને અભિનંદન પાઠવ્યા હતા.

ઘરે- ઘરે પીવાનું ચોખ્ખું પાણી ઉપલબ્ધ કરાવવું એ રાજ્ય સરકારનું લક્ષ્ય છે એનો ઉલ્લેખ કરતાં આરોગ્ય અને પાણી પુરવઠા મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલે જણાવ્યું કે છોટાઉદેપુર જિલ્લામાં અંદાજે રૂ. ૨૫૦ કરોડના ખર્ચે પાણી પુરવઠાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. માતા નર્મદાનું પાણી આ વિસ્તારમાં આપવાનો વ્યાપક પ્રબંધ કર્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સ્વપ્ન રાજ્યના ૧૪ જિલ્લામાં વસતા આદિજાતિ પરિવારોને ઉન્નત સમાજની હરોળમાં મૂકવાનું હતું. તે રાજ્ય સરકાર સાકાર કરી રહી છે. ૨૦૦૧ પછી ગુજરાત અને ભારતના વિકાસનો સૂર્યોદય થયો, ગુજરાતના વિકાસનું મોડેલ આજે વિકાસનો પ્રેરણા સ્ત્રોત બન્યું છે. છોટાઉદેપુર જિલ્લાના તમામ ગામો અને તમામ ઘરો સુધી નળથી પાણી પહોંચાડવાનું આયોજન કર્યું છે, તેની સાથે સિંચાઇ સુવિધાનો પણ લાભ આપવામાં આવશે.

આદિવાસી ઉત્કર્ષ એ આ સરકારની પ્રથમ અગ્રતા છે તેવી લાગણી વ્યક્ત કરતા જિલ્લા પ્રભારી અને આરોગ્ય રાજ્યમંત્રી શ્રીમતી નિમિષાબેન સુથારે જણાવ્યું કે ડાયાલિસિસ સેન્ટર સહિત સૌને ઘરઆંગણે આરોગ્ય સુવિધાઓ આપવામાં આવી રહી છે. ડિજિટલ શિક્ષણનો વ્યાપ વધારવા રાજ્ય સરકારે અંબાજી થી ઉમરગામ સુધીની આદિવાસી પૂર્વ પટ્ટીમાં ૫૦૦ મોબાઈલ ટાવર ઊભા કરવાનું આયોજન કર્યું છે. તેમણે રાજ્ય સરકારના વિવિધ વિભાગો દ્વારા વિકાસલક્ષી આયોજનોની વિગતવાર જાણકારી આપી હતી. ●

## વિરોધ પક્ષના નેતાશ્રીને સાંત્વના પાઠવતાં CM

વિધાનસભામાં વિરોધપક્ષના નેતા શ્રી સુખરામભાઈ રાઠવાના પિતાશ્રીનું તાજેતરમાં દુખદ અવસાન થયું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શ્રી રાઠવાને મળીને શોકની લાગણી વ્યક્ત કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ વિરોધ પક્ષના નેતાશ્રી અને પાવી જેતપુરના ધારાસભ્ય શ્રી સુખરામભાઈ રાઠવા અને તેમના પરિવારજનોને મળીને તેમના પિતા સ્વ. હરિયાભાઈ રાઠવાને શ્રધ્ધાંજલિ આપી હતી. આરોગ્ય રાજ્ય મંત્રી શ્રીમતી નિમિષાબેન સુથાર, ધારાસભ્ય શ્રી અભેસિંહ તડવી વગેરે તેમની સાથે જોડાયા હતા.





### સાગરમાલા પ્રોજેક્ટ

# ગુજરાતમાં ૫૭ હજાર કરોડના ૭૫ પ્રોજેક્ટ પ્રગતિમાં



- નવી દિલ્હી ખાતે નેશનલ સાગરમાલા એપેક્સ કમિટીની ત્રીજી બેઠક યોજાઇ
- ગુજરાતમાં સૌથી વધુ સંખ્યામાં કાર્યરત વ્યાપારી બંદરો.
- ગુજરાત દેશના લગભગ 40% કાર્ગોનું સંચાલન કરે છે
- દેશનું પ્રથમ મેરીટાઇમ મ્યુઝિયમ લોથલમાં વિકસાવવામાં આવી રહ્યું છે.

નવી દિલ્હીમાં નેશનલ સાગરમાલા એપેક્સ કમિટીની ત્રીજી બેઠક તાજેતરમાં યોજાઈ હતી. જેમાં સાગરમાલા પ્રોગ્રામ હેઠળ નવી પહેલો અને ખાસ કરીને દરિયાકાંઠે વસતા સમુદાયોના સર્વગ્રાહી વિકાસની સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં ગુજરાત સરકારના નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ ભારત સરકારના સાગરમાલા કાર્યક્રમે ગુજરાતના મેરીટાઈમ સેક્ટરને આગવું બળ પૂરું પાડ્યું હોવાનું જણાવતા ઉમેર્યું હતું કે, સાગરમાલા પ્રોજેક્ટ અંતર્ગત ગુજરાતમાં રૂપિયા ૫૭ હજાર કરોડના કુલ ૭૫ પ્રોજેક્ટ પ્રગતિમાં છે, જેમાંથી રૂપિયા ૮૯૦૦ કરોડના કુલ ૧૩ પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં આવ્યાં છે.

મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ ગુજરાત કાર્ગો હેન્ડલિંગની બાબતે દેશભરમાં પ્રથમ છે. ગુજરાતના મત્સ્યોદ્યોગને વિકસિત કરવા રાજ્ય સરકારે મોટા ફિશ લેન્ડિંગ સેન્ટર, ફિશ પ્રોસેસિંગ સેન્ટર જેવી વિવિધ પહેલ પણ કરી હોવાની માહિતી બેઠકમાં આપી હતી.

આ બેઠકમાં મંત્રીશ્રીએ ગુજરાતના નોન-મેજર પોર્ટ સુધી પહોંચવા પોર્ટ કનેક્ટિવિટીને વધુ અપગ્રેડ કરવામાં વધુ માર્ગદર્શન આપતા રહેવા માટે વિનંતી કરી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાત સરકારે સાગરમાલા પ્રોગ્રામ હેઠળ 3,200 કરોડના 47 નવા પ્રોજેક્ટની દરખાસ્ત કરી છે, જેમાં રેલ-રોડ કનેક્ટિવિટી, ફિશ પ્રોસેસિંગ સેન્ટર, ફિશ લેન્ડિંગ સેન્ટર, પ્રવાસન અને સી-પ્લેન પ્રોજેક્ટનો સમાવેશ થાય છે. અલંગ ખાતે શિપ રિસાયક્લિંગ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા 39857 કામદારોને ગુજરાત મેરીટાઇમ બોર્ડ કૌશલ્ય વિકાસ કાર્યક્રમ હેઠળ તાલીમ આપી છે. દેશનું પ્રથમ મેરીટાઇમ મ્યુઝિયમ લોથલ ખાતે રૂપિયા 3,150 કરોડના બજેટ ફાળવણી સાથે વિકસાવવામાં આવી રહ્યું છે.

સાગરમાલા પ્રોજેક્ટ હેઠળ લક્ષ્યાંકો હાંસલ કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરતા તેમણે જણાવ્યું કે, મધ્ય પૂર્વ, આફ્રિકા અને યુરોપ સાથે ભારતને જોડતું સૌથી નજીકનું દરિયાઈ સ્થળ ગુજરાત છે અને સૌથી વધુ સંખ્યામાં કાર્યરત વ્યાપારી બંદરો પણ ગુજરાત ધરાવે છે.

ગુજરાત ભારતના લગભગ 40% કાર્ગોનું સંચાલન કરે છે અને દરિયાકાંઠાના શિપિંગનો ઉપયોગ કરીને પરિવહન કરાયેલા કુલ કાર્ગોમાં લગભગ 18% યોગદાન આપે છે.

બંદર-આધારિત સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજિયન્સ (SIR), સ્પેશિયલ ઇકોનોમિક ઝોન (SEZ) અને મુખ્ય ઔદ્યોગિક ઇન્ફ્રાસ્ટ્રક્ચરની હાજરીથી ગુજરાતના દરીયાઇ કાંઠેથી કાર્ગોની અવરજવરને પ્રોત્સાહક માહોલ મળ્યો છે. ગુજરાત દેશમાં ક્રુડ, પીઓએલ, એલપીજી અને એલએનજીના સંચાલન માટે સૌથી વ્યાપક માળખાકીય સુવિધા ધરાવે છે.

આ કાર્યક્રમમાં કેન્દ્રીય બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રી શ્રી સર્વાનંદ સોનોવાલે સાગરમાલા કાર્યક્રમના 7 સફળ વર્ષો પરની ઈ-બુક લોન્ચ કરી હતી. ભારતના માર્ગ પરિવહન અને ધોરીમાર્ગોના કેન્દ્રીય મંત્રી શ્રી નીતિન ગડકરી, કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી, શ્રી પીયૂષ ગોયલ, કેન્દ્રીય શિક્ષણ અને કૌશલ્ય વિકાસ મંત્રી, શ્રી ધર્મેન્દ્ર પ્રધાન, કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી, શ્રી જ્યોતિરાદિત્ય સિંધિયા, કેન્દ્રીય રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ અને રાજ્યોના મંત્રીઓ અને અન્ય પ્રતિષ્ઠિત મહાનુભાવોએ બેઠકમાં હાજરી આપી હતી. ●

# ગુજરાત પ્રાકૃતિક કૃષિનું મોડેલ સ્ટેટ બનશે



જામનગરમાં પ્રાકૃતિક કૃષિ પ્રચાર પ્રસાર અભિયાનનો રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્ય પ્રાકૃતિક કૃષિનું મોડેલ સ્ટેટ બનીને દેશના ખેડૂતોને પ્રેરિત કરશે.

કચ્છના પ્રગતિશીલ ખેડૂત મનોજભાઈ સોલંકી અને હરીશભાઈ ઠક્કરનું ઉદાહરણ આપતા રાજ્યપાલશ્રીએ કહ્યું હતું કે, ૪૦૦ એકર ફાર્મમાં પ્રાકૃતિક કૃષિ અપનાવીને હરીશભાઈએ એક જ વર્ષમાં ઉત્પાદનમાં ૧૫ ટકાનો લાભ મેળવ્યો હતો એટલું જ નહીં ખાતર અને જંતુનાશક દવાઓનો રૂપિયા એક કરોડ સુધીનો ખર્ચ તેઓ બચાવી શક્યા છે. પ્રાકૃતિક કૃષિ દ્વારા ઉત્પાદિત કૃષિ પેદાશોના ભાવ પણ પ્રમાણમાં વધુ મળે છે અને સરવાળે ખેડૂતોની આર્થિક સ્થિતિ મજબૂત થાય છે. આ પ્રસંગે કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યાં હતા.

જામનગર જિલ્લામાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધે તેવા આશયથી જિલ્લાની ૪૧૭ જેટલી ગ્રામ પંચાયતોને વિવિધ ૮૬ જેટલા ક્લસ્ટરમાં સમાવિષ્ટ કરીને પ્રાકૃતિક કૃષિ અંગે માહિતી આપી હતી.

## હવે, દૂધમાં ભેળસેળ ચપટી વગાડતા પકડાશે




કામધેનુ યુનિવર્સિટી અંતર્ગત કોલેજ ઓફ ડેરી સાયન્સ, અમરેલીના વૈજ્ઞાનિકો દ્વારા નેનો ટેક્નોલોજી આધારીત વિકસિત 'ડીપસ્ટીક' સંશોધનના માધ્યમથી ગણતરીની સેકન્ડોમાં દૂધની અંદર ૮ પ્રકારની ભેળસેળ ઘરેબેઠાં જાણી શકાશે તેમ પશુપાલન મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું. મંત્રીશ્રીએ કહ્યું હતું કે, તાજેતરમાં ઈન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચરલ રિસર્ચ-ICAR તરફથી ક્રિતજ્ઞ હેકેથોન ૨.૦ સ્પર્ધાનું રાષ્ટ્રીય સ્તર પર આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ભારતભરમાંથી ડીપસ્ટીક સંશોધનને સમગ્ર ભારતમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત થયો હતો. જે બદલ કેન્દ્રના કૃષિ મંત્રાલય દ્વારા કોલેજ ઓફ ડેરી સાયન્સ, અમરેલીને એવોર્ડ આપી સન્માન પણ કરવામાં આવ્યું હતુ. દૂધમાં થતી ભેળસેળ અટકાવવા આ નવીન ડીપસ્ટીક સંશોધન ખૂબ મદદરૂપ થશે.

## આદિવાસી છાત્રાઓને અભ્યાસ કરવા પ્રોત્સાહન

આદિવાસીના સર્વાંગી વિકાસ માટે સરકાર કાર્ય કરી રહી છે. તાજેતરમાં સાપુતારા સ્થિત ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી સંચાલિત એકલવ્ય મોડેલ રેસિડેન્સિયલ સ્કૂલ તથા ગર્લ્સ લિટરસી રેસિડેન્સિયલ સ્કૂલની આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલે મુલાકાત લીધી હતી. છાત્રાવાસમા રહેતા આદિવાસી સમાજના બાળકોને મળતી શિક્ષણ સહિત નિવાસ, ભોજન વ્યવસ્થા અને ગણવેશ, શિષ્યવૃતિ સહિત શૈક્ષણિક સંશાધનોની મળી રહેલી સેવાઓ બાબતે પૃચ્છા કરી, મંત્રી શ્રી નરેશભાઈ પટેલે આદિવાસી દીકરીઓને ખૂબ અભ્યાસ કરવા પ્રોત્સાહિત કરવા સાથે આશીર્વાદ પાઠવ્યા હતા. મંત્રીશ્રીએ શામગહાનમાં રેશનકાર્ડ ધારક ગ્રાહકને મળી વિગતે પૃચ્છા કરી હતી. ત્યાર બાદ મંત્રીશ્રીએ વઘઈમાં સરકારી અનાજના ગોડાઉનની મુલાકાત લીધી હતી.



## ભાવનગર શહેરના પ્રગતિકાર્યોની સમીક્ષા



ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્રગતિમાં રહેલા અને ભાવિ આયોજનોની તલસ્પર્શી સમીક્ષા બેઠક શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીની ઉપસ્થિતિમાં યોજાઈ હતી. આ બેઠકમાં અધ્યક્ષસ્થાનેથી શિક્ષણ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, નગરપાલિકા સારું કાર્ય કરી રહી છે પરંતુ તેમાં ગતિ- પ્રગતિ લાવીને લોકોની અપેક્ષાઓ અને આકાંક્ષાઓની પૂર્તિ કરવાં પ્રાથમિકતા આપીને કાર્ય પદ્ધતિ વિકસીત કરવી જરૂરી છે. લોકો માટે નવાં બાગ બગીચાના નિર્માણ, બોર તળાવના નવીનીકરણ, ટી.પી. અને ડી.પી.ના પ્રશ્નો, શહેરના ઓવરબ્રિજ, આર.સી.સી. રોડ સહિતની બાબતોની તલસ્પર્શી સમીક્ષા તેમણે કરી હતી.

ઉપસ્થિત અધિકારીઓને નવાં થતાં કામોમાં ઝડપ લાવવાં માટે એગ્રીમેન્ટને બદલે એફિડેવીટ લેવાનો આગ્રહ કરતાં મંત્રીશ્રીએ કહ્યું કે, તેનાથી કોન્ટ્રાક્ટરને સમયસર કામ કરવાં માટેની ફરજ પડશે અને નિર્ધારિત કામ તેની સમયમર્યાદામાં પૂર્ણ થઇ શકશે. તેમણે ભાવનગરના મેયર સ્વચ્છતા પર ભાર મૂકે છે ત્યારે સમાજની સેવાભાવી સંસ્થાઓને જોડીને દર અઠવાડિયે શહેરના કોઇ એક વિસ્તારમાં સફાઇ થાય અને તેમાં જનભાગીદારીને પ્રેરિત કરવાં પર ભાર મૂક્યો હતો. આ બેઠકમાં મેયર શ્રીમતી કિર્તીબેન દાણીધારીયા, ડે. મેયર શ્રી કૃણાલકુમાર શાહ, સ્ટેન્ડિંગ કમીટીના ચેરમેન શ્રી ધીરૂભાઇ ધામેલીયા સહિત કોર્પોરેશનના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## માળિયામાં પોષણ કીટનું વિતરણ કરાયું

ગુજરાતનું પ્રત્યેક બાળક સબળ ભારતના ભાવિની ચાવી છે. રાજ્ય સરકારે બાળકોના આરોગ્યની ચિંતા કરી પોષણ અભિયાન શરૂ કર્યુ છે. પંચાયત રાજ્ય મંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજાની ઉપસ્થિતિમાં પોષણ અભિયાનથી કુપોષણ મુક્ત ગુજરાતનું નિર્માણ અંતર્ગત દાતાઓના સહયોગથી કુપોષણ બાળકોની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

મોરબી જિલ્લાના માળીયા તાલુકાની સરકારી હોસ્પિટલ ખાતે યોજાયેલા સમારંભમાં મંત્રીશ્રીએ કુપોષિત બાળકોની કીટનું વિતરણ કર્યા બાદ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા કુપોષણ બાબતને ગંભીરતાથી લઇ કુપોષણને નાથવા માટે કુપોષણ મુક્ત ગુજરાત અભિયાન અંતર્ગત માળીયા તાલુકાના બાળકોને સુપોષણ કીટનું વિતરણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત માળીયા તાલુકાના લાભાર્થીઓને અન્નપૂર્ણા કીટનું પણ વિતરણ કરવામાં આવી રહી છે.

## મહીસાગરના ભિલોડીયા તળાવમાં જળ વધામણા

પાણીની અછત અને નીચા જતાં જળસ્તરની સમસ્યાના નિરાકરણ માટે મહીસાગર જિલ્લામાં ૭૫.૬૭ કરોડના ખર્ચે કડાણા ડાબા કાંઠા ઉચ્ચસ્તરીય નહેર આધારિત શિયાલ અને શામણા તળાવમાંથી ૩૫ તળાવો ભરવા માટેની યોજના શરૂ કરવામાં આવી હતી. જેમાં તબક્કાવાર તળાવો ભરવાની કામગીરી શરૂ થઇ છે ત્યારે ઉચ્ચ શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોરની અધ્યક્ષતામાં નાની સરસણ ભિલોડીયા તળાવ ખાતે જળ વધામણાનો કાર્યક્રમ યોજાયો હતો. આ અવસરે ભીલોડીયા મહાદેવ મંદિરે મહીસાગર નદીના જળનો જલાભિષેક કરવામાં આવ્યો હતો. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, મહીસાગર જિલ્લામાં પાણીની અછત અને નીચા જતાં જળસ્તરની સમસ્યાના નિરાકરણ માટે ઉદવહન યોજનાઓના માધ્યમથી તળાવો ભરવાની કામગીરી શરૂ કરી નેવાનું પાણી મોભે ચઢાવવાનું કામ સરકાર કરી રહી છે.



## IIPH દ્વારા કોવિડ-૧૯માં શ્રેષ્ઠ કામગીરી કરનારનું સન્માન

ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ પબ્લિક હેલ્થ (IIPH), ગાંધીનગરના સ્થાપના દિન નિમિત્તે કોવિડ- ૧૯ દરમ્યાન શ્રેષ્ઠ કામગીરી કરનાર વ્યક્તિઓનો સન્માન સમારંભ યોજાયો હતો. જેમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર ૧૭ વ્યક્તિઓનું ગ્રામવિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ મંત્રી શ્રી અર્જુનસિંહ ચૌહાણના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. કોવિડ-૧૯ દરમ્યાન આરોગ્ય, હોસ્પિટલ અને મીડિયા ક્ષેત્રે ઉમદા કામગીરી કરનાર ૧૭ વ્યક્તિઓની પસંદગી કરવામાં આવી હતી. આ તમામ વ્યક્તિઓનું શાલ અને સન્માનપત્ર આપી મંત્રી શ્રી અર્જુનસિંહ ચૌહાણના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના ડાયરેક્ટર શ્રી ડૉ. દિલીપભાઈ માવલંકર સહિત આમંત્રિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં.

## મહીસાગરમાં ૧૦૮૨ કામોની સૈદ્ધાંતિક મંજૂરી




સર્વાંગીણ વિકાસ અને જનસુખાકારીને વરેલી રાજ્ય સરકાર જિલ્લાવાર વિકાસકાર્યોની સમીક્ષા કરવા સાથે જનસુવિધાના કાર્યોનું આયોજન કરતી હોય છે. જેમાં રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ કાર્યસમીક્ષા કરી વિકાસકાર્યોનું આયોજનથી માંડીને તેને પૂર્ણ કરવામાં માર્ગદર્શન કરે છે. તાજેતરમાં મહીસાગર જિલ્લા આયોજન મંડળની બેઠક લુણાવાડામાં ગ્રામ વિકાસ મંત્રી શ્રી અર્જુનસિંહ ચૌહાણની અધ્યક્ષતામાં તથા ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી કુબેરભાઇ ડીંડોરની ઉપસ્થિતિમાં યોજાઇ હતી. આ પ્રસંગે મંત્રી શ્રી અર્જુનસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, તમામ પદાધિકારીઓએ પોતાના વિસ્તારમાં થતા કામોની મુલાકાત લઈ નિહાળવા જોઈએ. જેથી સરકારશ્રીના નાણાંનો વ્યય ન થાય. આ બેઠકમાં જિલ્લાના વિવિધ તાલુકાની તાલુકા આયોજન સમિતિઓ અને નગરપાલિકા મારફતે ૧૫ ટકા વિવેકાધિન જોગવાઇના રજૂ થયેલા આયોજન પરત્વે મળવાપાત્ર જોગવાઇ સામે આ બેઠકમાં રૂ.૮૭૫ લાખની જોગવાઈઓના કુલ ૧૦૮૨ કામોની સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી હતી.

## સુરતમાં જુવારની વૈજ્ઞાનિક ખેતી અંગે તાલીમ શિબિર



આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત નવસારી કૃષિ યુનિવર્સિટી સંલગ્ન મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર-સુરત દ્વારા સુમુલ ડેરી-સુરતના સહયોગથી ખેડૂત દિન નિમિત્તે કૃષિ રાજ્યમંત્રી શ્રી મુકેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને 'જુવારની જાતો અને વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ' અંગે તાલીમ શિબિર યોજાઈ હતી. મંત્રી શ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યુ હતું કે, આધુનિક જીવન શૈલીના કારણે લોકોની ખાણી-પીણીમાં બદલાવ આવ્યો છે ત્યારે લોકો પોતાના ભોજનમાં જુવારનો ઉપયોગ કરતા થાય તે જરૂરી છે. રાજ્ય ખેડૂતો વધુમાં વધુ જુવારનું ઉત્પાદન વધારે તેવા પ્રયાસો હાથ ધરવામાં આવશે. આધુનિક પદ્ધતિ અપનાવી ઓલપાડ તાલુકાના ખેડૂતોએ સ્ટ્રોબેરી અને હળદરનું ઉત્પાદન કરી સારૂ એવું વળતર પ્રાપ્ત કરતાં થયા છે. કૃષિમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે આધુનિક ટેકનોલોજીથી બનેલા સ્વદેશી ડ્રોનથી રૂ. ૫૦૦ના દરે એક હેક્ટર જેટલા વિસ્તારમાં દવાનો છંટકાવ શક્ય બન્યો છે. સૌરાષ્ટ્રના વિસ્તારોમાં 'સનેડા ટ્રેક્ટર' તરીકે જાણીતા બનેલા ટ્રેક્ટરની ખરીદી માટે આગામી સમય સબસિડી આપવામાં આવશે. સુરત અને ઓલપાડમાં મકાઈથી ઈથેનોલ બનાવવાના પ્લાન્ટ સ્થાપવા રૂ.૪૫૦૦ કરોડના MOU કરાયા છે. રાજ્યમાં આગામી સમયમાં પામ ઓઈલનું ઉત્પાદન અને લીલા કચરામાંથી બાયોગેસ બનાવવાના પ્લાન્ટના નિર્માણ માટેનું આયોજન કરાશે. આ પ્રસંગે દાણા તથા ઘાસચારાની જુવારની વિવિધ જાતોના બીજ ઉત્પાદન તથા પાક સંવર્ધનનું પ્રત્યક્ષ નિદર્શનનો લાભ મળ્યો તથા પ્રતિષ્ઠિત ખેડૂતોનું સન્માન કરવામાં આવ્યું હતું.

## અમદાવાદ, વડોદરા અને સુરતને મળ્યાં ફાયરફાઇટિંગ રોબોટ્સ



GSPC સમર્થિત સીએસઆર (CSR) પ્રોજેક્ટ્સની એસેટ્સ- ત્રણ ફાયરફાઈટિંગ રોબોટ તેમજ બે એમ્બ્યુલન્સને ઊર્જા અને પેટ્રોલિયમ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ સંબંધિત જિલ્લા વહીવટીતંત્રને સોંપ્યા હતા. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, જીએસપીસી ફક્ત એક જ ક્ષેત્રમાં નહીં, પરંતુ વિવિધ ક્ષેત્રોમાં ટીમવર્ક અને કો-ઓર્ડિનેશન સાથે પ્રશંસનિય કામગીરી કરી રહ્યું છે. જેના પરિણામે આજે આ ત્રણ ફાયરફાઈટિંગ રોબોટ તેમજ બે એમ્બ્યુલન્સને સંબંધિત જિલ્લા વહીવટી તંત્રને સોંપણી કરવું શક્ય બન્યું છે. આ વેળાએ મંત્રીશ્રીએ આ રોબોટ્સ કઈ રીતે કાર્ય કરે છે તેનું લાઈવ પ્રેઝન્ટેશન નિહાળી રોબોટ્સને અમદાવાદ, સુરત તેમજ વડોદરા ખાતે ફળવ્યા હતા. જીએસપીસીના એમડી શ્રી સંજીવ કુમાર, જીઆઇડીસીના વાઇસ ચેરમેન અને એમડી અને GCSRAના સીઈઓ શ્રી એમ. થેન્નારસન પણ આ વેળાએ મંત્રીશ્રી સાથે જોડાયા હતા.

## ડીસામાં શૈક્ષણિક સુધારણા સેમિનાર યોજાયો




બનાસકાંઠા જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી અને ગુજરાત રાજ્ય શિક્ષણ સેવા વર્ગ- ૩ કર્મચારી મંડળ, ઘટક સંઘ બનાસકાંઠાના સંયુક્ત ઉપક્રમે ડીસામાં શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી કિર્તીસિંહ વાઘેલાના અધ્યસ્થાને શૈક્ષણિક ગુણવત્તા સુધારણા સેમિનાર યોજાયો હતો. આ પ્રસંગે સરકારી શાળાઓના ૧૧૪ શિક્ષણ સહાયકોને મંત્રીશ્રીએ પુરા પગારના આદેશ એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મંત્રી શ્રી કિર્તીસિંહ વાઘેલાએ નવી શિક્ષણ નીતિના અમલીકરણ માટે શિક્ષકોની ભૂમિકા અને તેનાથી શૈક્ષણિક ક્ષેત્રે આવનાર આમૂલ પરિવર્તનો અંગે વિસ્તૃત સમજ આપી હતી. આ કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી શશીકાંતભાઈ પંડ્યા, ઉચ્ચ શિક્ષણ નાયબ નિયામક શ્રી મહેશભાઈ મહેતા, બનાસકાંઠા જિલ્લા શિક્ષણાધિકારી શ્રી ડૉ. નરેન્દ્રસિંહ બી. ચાવડા સહિત જિલ્લાની સરકારી શાળાના શિક્ષકો સારી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## વરાછા ખાડી ઉપરનો નવનિર્મિત બ્રિજ જનસમર્પિત




ગુજરાત સ્થાપના દિને કેન્દ્રીય રેલવે અને ટેક્ષટાઈલ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશે શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રી વિનોદભાઈ મોરડીયાની ઉપસ્થિતિમાં સુરતનાં તાપી નદી પર મોટા વરાછા વોટર વર્કસને લાગુ વરાછા ખાડી ઉપર રેમ્પ સહિત રૂા.૧૧૫ કરોડના ખર્ચે સાકારિત બ્રિજનું લોકાર્પણ કર્યું હતું. સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરીજનોના સમય, ઈંધણની બચત થાય તથા ટ્રાફિક સરળીકરણની સુવિધામાં ઉત્તરોત્તર વધારો થાય તેવા અભિગમ સાથે તાપી નદી પર બનાવેલા આ બ્રિજ વાહનચાલકો માટે આશીર્વાદરૂપ બની રહેશે એવી ભાવના મંત્રીશ્રીએ વ્યક્ત કરી હતી. આ પ્રસંગે ધારાસભ્ય સર્વ શ્રી કિશોરભાઈ કાનાણી, વી. ડી. ઝાલાવાડીયા, વિવેકભાઈ પટેલ, પ્રવિણભાઈ ઘોઘારી, મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલા સહિત કોર્પોરેટરો અને શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

## વલસાડ તાલુકાને રસ્તા અને પુલોની ભેટ



વલસાડ તાલુકાના કચીગામમાં રૂા.૨૭ કરોડના ખર્ચે તૈયાર થયેલા ૩ પુલો અને બે રસ્તાના કામોનું ગુજરાત સ્થાપના દિને રાજયના નાણાં મંત્રી શ્રી કનુભાઇ દેસાઇએ આદિજાતિ મંત્રી શ્રી નરેશભાઇ પટેલ, નર્મદા અને જળસંપત્તિ રાજયમંત્રી શ્રી જીતુભાઇ ચૌધરીની ઉપસ્થિતિમાં ખુલ્લા મૂકયા હતા. મંત્રીશ્રીના હસ્તે લોકાર્પણ થયેલા પુલોમાં પ્રધાનમંત્રી ગ્રામસડક યોજના હેઠળના રૂા. ૧૨ કરોડના ખર્ચે પાર નદી પર તૈયાર થયેલા કચીગામથી વાઘછીપા સુધીના ૨૮૮ મીટરના અને રૂા. ૩ કરોડના વણઝાર ખાડી પર તૈયાર થયેલા વાંકલ ફલધરા ચીંચાઇ સુધીના ૧૮ મીટરના અને કરંજીખાડી પર તૈયાર થયેલા પરવાસ એપ્રોચ રોડ અને ૨૦ લાખના ૩૦ મીટરના બોક્ષ કલવર્ટ તેમજ રૂા. ૭.૮૪ કરોડના ખર્ચે ૧૩. ૭ કિ. મી. ના તૈયાર થયેલા રસ્તાઓ તેમજ રૂા. ૩.૨૦ કરોડના ખર્ચે બનેલા ૫. ૬ કિ. મી. ના રસ્તાનો સમાવેશ થાય છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ શરૂ કરેલી વિકાસયાત્રાને વલસાડ જિલ્લામાં સંપૂર્ણ આવકાર મળ્યો છે. વલસાડ જિલ્લાનો વિકાસ પણ થઇ રહયો છે.

## રોહિણા આશ્રમશાળાના ભોજનાલયનું લોકાર્પણ



વલસાડ જિલ્લાના પારડી તાલુકાની પછાત વર્ગ સેવા સંઘ વાપી સંચાલિત રોહિણા આશ્રમશાળા ખાતે રૂા. ૨૮ લાખના ખર્ચે તૈયાર થયેલા ભોજનાલયનું પુરવઠા રાજય મંત્રી શ્રી જીતુભાઇ ચૌધરીએ આશ્રમશાળાના વિદ્યાર્થીઓ માટે ખુલ્લું મૂકયું હતું. મંત્રીશ્રીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, હેમા ડાયકેમ પરિવાર મુંબઇના મોભી અનિલભાઇ મર્ચન્ટ દ્વારા આ ટ્રસ્ટ માટે સેવાકીય કાર્યોની શરૂઆત કરી હતી તેના પગલે ચાલીને તેમના પુત્રો નિશિથ અને શશાંકે પણ રોહિણા આશ્રમશાળામાં ભોજનાલય માટે રૂા. ૨૫ લાખનું માતબર દાન આપીને આશ્રમશાળાના વિદ્યાથીઓ માટે સુંદર કાર્ય કરી રહ્યા છે. આ કાર્યક્રમમાં સાંસદ ડૉ. કે. સી. પટેલ, હેમા ડાયકેમ મુંબઇના દાતાશ્રી સહિત રોહિણા આશ્રમશાળાનો સ્ટાફ, વિદ્યાર્થીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતા.

## લીંબડી નગરપાલિકામાં વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ



સુરેન્દ્રનગર જિલ્લાની લીંબડી નગરપાલિકાને વિવિધ વિકાસકાર્યોની ભેટ વન અને પર્યાવરણ મંત્રી શ્રી કિરીટસિંહ રાણાની ઉપસ્થિતિમાં આપવામાં આવી હતી. જેમાં એમ્બ્યુલન્સ, ડોર ટુ ડોર વેસ્ટ કલેક્શન વાહન, રોડ સ્વીપર મશીન, શબવાહિનીનું લોકાર્પણ ઉપરાંત ૪૫ લાખ રૂપિયાની ધારાસભ્યની ગ્રાન્ટમાંથી રોડ, ગટર, લાઇટ, ટ્રી ગાર્ડ જેવા કામો પ્રજાને અર્પણ કર્યા હતા. મંત્રી શ્રી કિરીટસિંહ રાણાએ જણાવ્યું હતું કે, નગરપાલિકા વિસ્તારના નાગરિકોએ મુકેલ ભરોસો કાયમ ટકી રહે તેવા વિકાસ કાર્યો થઇ રહ્યા છે. અગાઉના પ્રમુખોએ ખૂબ જ સારી રીતે કામગીરી કરી છે. હાલમાં પણ નગરપાલિકા દ્વારા ખૂબ જ સારી રીતે કામગીરી કરવામાં આવી રહી છે અને નાગરિકોનો પણ સાથ સહકાર મળી રહ્યો છે. નગરપાલિકા ચૂંટાયેલા સદસ્યો સક્રિય રીતે નાગરિકોની રજૂઆતો અને પ્રશ્નોને ધ્યાને લઇને ફરિયાદોનું નિરાકરણ લાવી રહ્યા છે તે બદલ મંત્રી શ્રી કિરીટસિંહ રાણાએ અભિનંદન પાઠવ્યા હતા. ઉનાળાની સીઝનમાં પીવાના પાણીની કોઇ તકલીફ ઉભી ન થાય તે માટે આગોતરુ આયોજન કરવામાં આવ્યું છે. ગામડાઓમાં અને શહેરી વિસ્તારોમાં પાણી વિતરણની વ્યવસ્થા સુચારુ રીતે જળવાઇ રહે તે માટેની યોગ્ય કામગીરી કરવામાં આવી રહી છે. આ પ્રસંગે લીંબડી નગરપાલિકા પ્રમુખ શ્રી બેલાબેન વ્યાસ, નગરપાલિકા ઉપપ્રમુખ શ્રી ગીતાબેન જે. મકવાણા સહિત લીંબડી નગરપાલિકા સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## જામનગરમાં ઓરલ કેન્સર અવેરનેસ કાર્યક્રમ યોજાયો



ઓરલ કેન્સર અવેરનેસ મન્થ-૨૦૨૨ અંતર્ગત જામનગરની એમ.પી.શાહ મેડિકલ કોલેજમાં ઓરલ કેન્સર અવેરનેસ કાર્યક્રમ રાજ્યના કૃષિ, પશુપલન અને ગૌસંવર્ધન મંત્રી શ્રી રાઘવજીભાઇ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ કાર્યક્રમમાં ઓરલ કેન્સરની જાગૃતિ ફેલાવવાની સાથે અન્ય પ્રકારના કેન્સર બાબતે પણ માહિતી આપવામાં આવી હતી. આ અવેરનેસ કાર્યક્રમમાં મંત્રીશ્રીએ કેન્સર વિશેની ગંભીરતા અંગે વાત કરતા કહ્યું હતું કે, સમગ્ર વિશ્વમાં એપ્રિલ મહિનામાં ઓરલ કેન્સરની જાગૃતિ માટેની કામગીરી થાય છે. કેન્સરએ ઘણો ગંભીર વિષય છે. રાસાયણિક ખાતર, જંતુનાશક દવાઓના વધુ પડતા ઉપયોગના કારણે આપણે જે ખોરાક લઈએ છીએ તેનો પ્રભાવ આપણા શરીર પર પડે છે અને કેન્સર થવા માટેનું આ એક મોટુ કારણ કહી શકાય છે. કેન્સરએ એવો રોગ છે જેની કોઇ અકસીર દવા હજુ સુધી આખા વિશ્વમાં બની નથી એવામાં જામનગરના ડોકટરો, સેવાભાવી સંસ્થાઓ અને ઘણા વ્યક્તિઓ તાલુકા તેમજ ગામડાઓમાં જઇને કેન્સર અંગેની જાગૃતિ ફેલાવે છે. આ તકે મંત્રીશ્રીએ સમાજમાંથી ઓરલ કેન્સર બને તેટલો ઓછો થાય તેમજ અગાઉથી નિદાન થાય તે માટેના પ્રયાસોમાં શામેલ ડોકટરો અને કોલેજના વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યાં હતાં. જામનગર જિલ્લામાં ઓરલ કેન્સરના પ્રમાણમાં ઘટાડો થાય અને જેને કેન્સર થયેલ હોય તેમને પૂરી સારવાર મળે તેમજ સમયસર તેનું નિદાન થય જાય તેવી અપેક્ષા મંત્રીશ્રી દ્વારા વ્યક્ત કરવામાં આવી હતી. આ પ્રસંગે મંત્રીશ્રીના હસ્તે કેન્સરના નિદાન ક્ષેત્રે યોગદાન આપેલ ડોકટરોને એવોર્ડ આપવામાં આવ્યા હતા.

## રોજગારી સર્જન કરવા ઉદ્યોગકારોને આહવાન

રાજયમાં વધુમાં વધુ ઉદ્યોગો વિકસે અને રોજગારીનુ સર્જન થાય તે માટે સરકાર કટિબદ્ધ છે. ઉદ્યોગકારોની સમસ્યાઓનું ઝડપથી નિરાકરણ આવે તેવા પ્રયાસો સરકાર કરી રહી છે. ઉર્જા રાજય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને પલસાણાના ગુજરાત ઈકો-ટેક્ષટાઈલ પાર્ક ખાતે કડોદરા, પલસાણા, કીમ અને પીપોદરા ઈન્ડસ્ટ્રીઝના ઉધોગકારો સાથે બેઠક યોજાઈ હતી. તાપી જિલ્લામાં રોજગારીનું સર્જન થાય તે માટે ઉદ્યોગકારોને રોકાણ કરવા આહવાન કરતા સરકાર તરફથી તમામ પ્રકારની મદદ ઉપલબ્ધ થશે તેમ મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું. આ બેઠકમાં અગ્રણી ઉદ્યોગકારો ઉપસ્થિત રહ્યા હતા.

## સમલાયા ખાતે રેલવે ઓવરબ્રિજનું લોકાર્પણ

વડોદરાના સાવલી તાલુકાના જરોદ પાસે સમલાયા ખાતે રૂ. ૪૦.૩૩ કરોડના ખર્ચથી નિર્માણ પામેલા રેલવે ઓવરબ્રિજનું માર્ગ અને મકાન મંત્રી શ્રી પૂર્ણેશભાઇએ લોકાર્પણ કર્યું હતું. આ બ્રિજ રાજય સરકારની ફાટક મુક્ત ગુજરાત અભિયાન પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે તથા રાજ્ય સરકારના ફાટકમુક્ત અભિયાનના ભાગરૂપે આ ઓવરબ્રિજથી વાહનનો ટ્રેન પસાર થવાની રાહ જોવામાથી રાહત મળશે. માર્ગ અને મકાન મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદીએ જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર દ્વારા "ફાટક મુક્ત અભિયાન" અંતર્ગત હેઠળ વિવિધ રેલ્વે ક્રોસીંગ કે જે એક લાખ કરતા વધારે ટીવીયુ ધરાવતા રેલ્વે ક્રોસીંગ છે તેના પર રેલવે ઓવરબ્રિજ બાંધકામને મંજુરી આપવામાં આવી છે. જેથી વાહનવ્યવહારમાં સુગમતા રહે અને જાનમાલને કોઈ નુકશાન પહોંચે નહી. આ આર.ઓ.બી. પરથી પંચમહાલ જિલ્લાના પ્રવાસનનું સ્થળ પાવાગઢ તેમજ છોટાઉદેપુર જિલ્લાને જોડતો મહત્વનો રાજય ધોરી માર્ગ હોવાથી આ આર.ઓ.બી.ના બાંધકામથી ઉક્ત જિલ્લાઓને લાંબ અંતર ન કાપતા વાહનવ્યવહારમાં સુગમતા રહેશે તેમજ આ રસ્તો સાવલી ડેસર તાલુકાને વાઘોડીયા તાલુકા તથા હાલોલ અને ડભોઈ તાલુકાને જોડતો અગત્યનો રસ્તો છે. આ વેળાએ સાંસદ શ્રીમતી રંજનબેન ભટ્ટ, ધારાસભ્ય શ્રી કેતનભાઈ ઈનામદાર સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# અનુસૂચિત જાતિના સર્વાંગી વિકાસ માટે સહાય







અનુસૂચિત જાતિના લાભાર્થીઓને આર્થિક રીતે સધ્ધર બનાવી સ્વરોજગાર મેળવે તે માટે રાજ્ય સરકારે મક્કમ નિર્ધાર કરીને સઘન આયોજન કર્યું છે. જેના ભાગરૂપે ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા ૧,૪૮૭ લાભાર્થીઓને રૂા. ૩૯.૨૫ કરોડનું ધિરાણ કરવા માટે સામાજિક ન્યાય અધિકારિતા મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમારની ઉપસ્થિતિમાં ઓનલાઇન ડ્રો કરવામાં આવ્યાં હતા. ગાંધીનગર ખાતે ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા વિવિધ યોજનાઓના લાભાર્થીઓને ધિરાણ ઓનલાઇન ડ્રો દ્વારા ઉપલબ્ધ કરાવ્યા બાદ મંત્રીશ્રીએ કહ્યું હતું કે, અનુસૂચિત જાતિના નાગરિકોને સ્વરોજગાર સહિત રોજગારી માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારે ખાસ ધ્યાન કેન્દ્રિત કરીને અનેકવિધ પગલાં લીધાં છે.

ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન તથા ભારત સરકારના NSFDC નવી દિલ્હીની સહયોગી યોજનાઓમાં ટ્રેક્ટર ટોલી યોજનામાં ૬૫ લાભાર્થીઓને રૂા .૪.૬૩ કરોડ, મોબાઇલ ફુડકોર્ટવાન યોજનામાં ૨૧ લાભાર્થીઓને રૂા. ૧.૨૭ કરોડ, નાના પાયાની યોજનાઓમાં ૩૨ લાભાર્થીઓને રૂા. ૦.૩૦ કરોડ, માલ વાહક ફોર વ્હીલર યોજનામાં ૪૧ લાભાર્થીઓને રૂા. ૨.૪૦ કરોડ, ફોર વ્હીલર પેસેન્જર ટેક્ષી યોજનામાં ૭૯ લાભાર્થીઓને રૂા. ૪.૬૭ કરોડ અને થ્રી વ્હીલર યોજનામાં ૩૩૭ લાભાર્થીઓને રૂા. ૮.૧૬ કરોડ એમ મળીને કુલ રકમ રૂા.૨૧.૪૪ કરોડના ધિરાણ માટે કુલ ૫૭૫ લાભાર્થીઓની પસંદગી માટે કોમ્પ્યુટરાઇઝડ ડ્રો કરવામાં આવ્યો હતો.

રાજ્ય સરકાર સહાયિત યોજનાઓમાં નાના પાયાની યોજનામાં ૫૮૯ લાભાર્થીઓને રૂા. ૮.૭૭ કરોડ, મારૂતી સુઝુકી ઇકો યોજનામાં ૪૩ લાભાર્થીઓને રૂા. ૨.૦૪ કરોડ તેમજ થ્રી વ્હીલરની યોજનાઓમાં ૨૮૦ લાભાર્થીઓને રૂા. ૭.૦૦ કરોડ મળી કુલ રકમ રૂા. ૧૭.૮૨ કરોડના ધિરાણ માટે કુલ ૯૧૨ લાભાર્થીઓની પસંદગી કરવામાં આવી છે. આ બન્ને યોજનાઓમાં કુલ ૧૪૮૭ લાભાર્થીઓને કુલ રકમ રૂા. ૩૯.૨૫ કરોડનું ધિરાણ કરવા માટે ડ્રો કરવામાં આવ્યો છે. આ પ્રસંગે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી સુનયના તોમર, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશના મેનેજીંગ ડિરેક્ટરશ્રી પ્રકાશ સોલંકી સહિત વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત અમદાવાદના પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઓડિટોરિયમ ખાતે વિચરતા સમુદાય સમર્થન મંચ અને વિમુક્ત ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે સ્વાવલંબન કાર્યક્રમ અંતર્ગત લોનધારકોમાંથી ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારા લાભાર્થીઓનો સન્માન સમારોહ સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમાર અને કુટીર ઉદ્યોગ મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં યોજાઇ ગયો.

આ પ્રસંગે લોન મેળવ્યા બાદ તેને સમયસર ભરપાઈ કરનાર ઉત્કૃષ્ટ લોનધારકોને મંત્રીશ્રીઓના હસ્તે સત્કારવામા આવ્યા હતા. જેમા રૂ.૧૧ હજાર,૭ હજાર,૫ હજાર અને ૩ હજારનો રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર પણ આપવામાં આવ્યા હતા.

# ગુજરાત વણકર સેવા સમાજ દ્વારા સમૂહ લગ્નોત્સવ

ગુજરાત વણકર સેવા સમાજની વડોદરા શાખા દ્વારા ૧૯મો લગ્ન મહોત્સવ યોજાયો હતો. જેમાં ૧૩ યુગલોએ સપ્તપદીના ફેરા ફરી પ્રભુતામાં પગલાં માંડયાં હતાં. સામાજિક ન્યાય અને કલ્યાણ મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમારે નવદંપતીને આશીર્વાદ પાઠવી દામ્પત્ય જીવન ખુશખુશાલ રહે એવી શુભેચ્છાઓ આપી હતી. આ પ્રસંગે અધિક કલેકટર શ્રી ગોપાલભાઈ બામણિયા, જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી શ્રી પી.આર. ઝાલા, ગુજરાત વણકર સેવા સમાજ અમદાવાદના પ્રમુખ અને પૂર્વ ધારાસભ્ય શ્રી મણીભાઈ વાઘેલા, કોર્પોરેટર શ્રી રશ્મિકાબેન વાઘેલા સહિત આગેવાનો સહિત આમંત્રિત મહેમાનો આ લગ્ન સમારોહમાં જોડાયા હતા.

## સુરતની નવી સિવિલને અદ્યતન MRI મશીન મળશે



સુરત સ્થિત ન્યુ સિવિલ હોસ્પિટલ ખાતે બે ડિજિટલ એક્ષરે મશીનનું તાજેતરમાં ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ લોકાર્પણ કર્યુ હતું. નવી સિવિલની મુલાકાત દરમિયાન ગૃહરાજ્યમંત્રીશ્રીએ સિવિલમાં દર્દીઓની સુવિધા માટે નવું અદ્યતન એમ.આર. આઈ. મશીન ફાળવવામાં આવશે એવી જાહેરાત કરી હતી. આ મશીનોમાં માત્ર પાંચ જ મિનીટમાં ડિજિટલ એક્ષ-રે મળી રહે છે. જે ઓ.પી.ડી. સાથે સીધું કનેક્ટેડ રહેતું હોવાથી એક્ષ-રે ફિલ્મના સ્થાને ડિજિટલ એક્ષરેને તબીબ ઓ.પી.ડી.માં સીધા જ જોઈ શકે છે. નોંધનીય છે કે, મેડિકલ વિદ્યાર્થીઓના અભ્યાસ માટે એમ.આર. આઈ. મશીન જરૂરી હોવાથી સિવિલ તંત્રની ટીમે મંત્રીશ્રીને રજૂઆત કરી હતી. જે સંદર્ભે ગૃહરાજ્યમંત્રીશ્રીએ તાત્કલિક જ આ પ્રપોઝલ મોકલી આપવા જણાવ્યું હતું. જેથી એમ.આર.આઈ. મશીનની ઝડપભેર ફાળવણી પ્રક્રિયા કરી શકાય. વર્ષ ૨૦૧૯માં પણ મંત્રીશ્રીએ નવી સિવિલને તેમની ધારાસભ્ય તરીકેની ગ્રાન્ટમાંથી સિટી-સ્કેન મશીન અને બે એક્ષ-રે મશીનની ફાળવણી કરી હતી. ગૃહ રાજ્યમંત્રીશ્રીએ ગુજરાત સ્થાપના દિનની સૌને શુભકામનાઓ પાઠવતા જણાવ્યું હતું કે, નવી સિવિલના સમગ્ર સ્ટાફે કોરોનાની વિકટ પરિસ્થિતિમાં સૈનિકની જેમ ખડેપગે સેવા આપી છે. કોરોનાના કપરા કાળમાં રાજ્ય સરકારે ૭૨ કલાકમાં ૨૦૦ બેડની અટલ કોવિડ હોસ્પિટલ શરૂ કરી હતી, જેનો બહોળો લાભ શહેરના કોવિડ દર્દીઓને થયો હતો.

મક્કમતાપૂર્વક કોઈ કાર્ય કરવાનો નિર્ધાર કરવામાં આવે તો તે જરૂર પૂર્ણ થાય તેનું ઉત્તમ ઉદાહરણ કિડની બિલ્ડીંગ અને ડેડીકેટેડ કોવિડ હોસ્પિટલ છે, જે ખૂબ ઓછા સમયમાં શરૂ કરી હજારો કોવિડ દર્દીઓને સ્વસ્થ કરવામાં સફળતા મળી હતી એમ તેમણે ઉમેર્યું હતું. આ પ્રસંગે ગવર્નમેન્ટ મેડિકલ કૉલેજના ડીન ડૉ.ઋતંભરા મહેતા, ન્યુ સિવિલ હોસ્પિટલના મેડિકલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડૉ ગણેશ ગોવેકર અને નવી સિવિલના નર્સિંગ અને તબીબી સ્ટાફગણ ઉપસ્થિત રહ્યા હતા.

## ખેલમહાકુંભમાં ટેબલ ટેનિસ સ્પર્ધામાં ૨૦૫૦ ખેલાડીઓ

ખેલમહાકુંભ હેઠળ રાજ્યકક્ષાની ટેબલ ટેનિસ સ્પર્ધાનો તાજેતરમાં ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ પ્રારંભ કરાવ્યો હતો. આ સ્પર્ધામાં રાજ્યભરમાંથી અંદાજે ૨૦૫૦ જેટલા ખેલાડીઓ પાંચ વયજૂથના ભાઈઓ-બહેનો ભાગ લઈ રહ્યા છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ખેલમહાકુંભ થકી રાજ્યને પ્રતિભાશાળી ખેલાડીઓ પ્રાપ્ત થયા છે. રાજ્ય અને દેશ માટે રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય કક્ષાએ રમી મેડલ જીતીને ગુજરાત તથા દેશનું નામ રોશન કરી રહ્યા છે. પેરાલિમ્પિકમાં ગુજરાતની પ્રતિભાશાળી દીકરીઓએ મેડલ જીતીને રાજ્યનું નામ રોશન કર્યું છે. મંત્રીશ્રીએ રાજ્યની દીકરી ભાવિનાબેન પટેલનું ઉદાહરણ ટાંકતા કહ્યું કે, કોરોનાકાળમાં લોકડાઉનના સમયે પોતાના નાનકડા રૂમને ટેબલ ટેનિસ માટેનો પ્રેક્ટીસ રૂમ બનાવીને ભાવિનાએ તનતોડ પ્રેક્ટીસ કરીને ટોક્યો પેરાલિમ્પિકમાં મેડલ પ્રાપ્ત કર્યો છે.

## સ્પેશિયલ ખેલમહાકુંભમાં દિવ્યાંગ ખેલાડીઓને મળ્યું પ્રોત્સાહન

રાજ્ય સરકારના રમતગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના ઉપક્રમે જિલ્લા વહીવટીતંત્ર તથા જિલ્લા રમતગમત અધિકારી-સુરત ગ્રામ્ય કચેરી દ્વારા સુરતના મોરા ભાગળ ખાતે દિવ્યાંગ બાળકો માટે સ્પેશ્યલ ખેલમહાકુંભ યોજાયો હતો. જેના સમાપનના અંતિમ દિને ગૃહ, રમત ગમત અને યુવા સાંસ્કૃતિક વિભાગના રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ ઉપસ્થિત રહી દિવ્યાંગ ખેલાડીઓને પ્રોત્સાહિત કરી દિવ્યાંગ ખેલાડીઓ સાથે રમતો રમીને ઉત્સાહ વધારવા સાથે ખેલાડીઓનું મનોબળ વધાર્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કોરોનાને કારણે બે વર્ષ સુધી ખેલમહાકુંભ અટક્યો હતો, પરંતુ હવે સ્થિતિ સુધરતા રાજ્ય સરકારે નવી ઉર્જા સાથે ખેલમહાકુંભને આગળ ધપાવ્યો છે. રાજ્યનું યુવાધન સ્પોર્ટ્સમાં કૌશલ્યવાન બને એ માટે તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમના કાર્યકાળમાં ખેલમહાકુંભનો પ્રારંભ કર્યો હતો. જેને રાજ્ય સરકારે વધુ વેગ આપી દિવ્યાંગજનો સુધી વિસ્તાર્યો છે. રાજ્યમાં આ વર્ષે બાળકો, યુવાનો અને વડીલો સહિત કુલ ૫૬ લાખ લોકોએ ખેલમહાકુંભમાં ભાગ લીધો છે. આ પ્રસંગે પદાધિકારીશ્રીઓ, શહેરીજનો સહિત દિવ્યાંગ રમતવીરો ઉપસ્થિત રહ્યા હતા.

# ITI ઓનલાઈન એડમિશન સિસ્ટમ પોર્ટલ લોન્ચ



ગુજરાતની ITIને IIT સમકક્ષ બનાવીને યુવાનોને વધુમાં વધુ કૌશલ્યલક્ષી તાલીમ આપીને રોજગારી ઉપલબ્ધ કરાવવા સરકાર કટિબદ્ધ છે. ગુજરાતમાં ITIમાં શ્રેષ્ઠ ઇન્ફ્રાસ્ટ્રક્ચર- તાલીમબદ્ધ ઇન્સ્ટ્રક્ટર ઉપલબ્ધ કરાવવાની નેમ સાથે ડેસર ખાતે રૂ.૭ કરોડના ખર્ચે તૈયાર થયેલા ITIના નવીન ભવનનું પણ લોકાર્પણ કરાયુ છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના ડિજિટલ ઇન્ડીયા અને સ્કિલ ઇન્ડીયાના સ્વપ્નને વધુ બળ આપવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારે ITIમાં ઓનલાઇન એડમિશન સિસ્ટમ પોર્ટલનો પ્રારંભ કર્યો છે. ગુજરાતમાં વર્ષ ૨૦૨૨-૨૩માં ITIમાં પ્રવેશ માટે ITI ઓનલાઈન એડમિશન સિસ્ટમ https://itiadmission.gujarat.gov.in પોર્ટલનું શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજાના હસ્તે ગાંધીનગરથી લોન્ચિંગ કરવામાં આવ્યું હતું.

મંત્રીશ્રીએ આ પ્રસંગે જણાવ્યું કે, રાજ્યની ITIમાં ઓનલાઈન એડમિશન સિસ્ટમ થકી પ્રવેશમાં પારદર્શકતા, ઝડપ, સમય અને નાણાની બચતની સાથે વધુમાં વધુ વિદ્યાર્થીઓ પસંદગીની ITIમાં પસંદગીના ટ્રેડમાં પ્રવેશ મેળવી શકશે.

આ ઓનલાઇન પ્રવેશની નવીન પહેલથી ITIમાં પ્રવેશપાત્ર અંદાજે ૩ લાખ વિદ્યાર્થીઓ પોતાના ઘરે બેઠા મનપસંદ ટ્રેડ અને ITIનો વિકલ્પ પસંદ કરી શકશે. જેના ભાગરૂપે ગુજરાતમાં ઓગષ્ટ-૨૦૨૨થી શરૂ થતા સત્ર માટે તા.૨-મે ૨૦૨૨થી ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે જેથી વધુમાં વધુ વિદ્યાર્થીઓ વિવિધ કોર્સમાં પ્રવેશ મેળવી શકશે.

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના અગ્ર સચિવ શ્રી અંજુ શર્માએ કહ્યું હતું કે રાજ્યની ૨૮૮-સરકારી, ૧૧૫-ગ્રાન્ટ- ઇન-એઇડ તથા ૧૯૨- સ્વનિર્ભર મળી કુલ-૫૯૫ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં વર્ષ ૨૦૨૨માં પ્રવેશ માટે આ અદ્યતન પોર્ટલનું લોન્ચિંગ કરવામાં આવ્યું છે. ઓનલાઇન પ્રવેશ માટેના આ નવીન પોર્ટલના ઉપયોગથી વિદ્યાર્થીઓને એક જ ફોર્મ ભરવાનું રહેશે જેમાં તેમને તેમના મેરીટ પ્રમાણે ટ્રેડ અને સંસ્થાઓમાં પ્રવેશ આપવામાં આવશે.

ગુજરાતમાં ચાલુ વર્ષે ૨૦૨૨માં સરકારી ITIમાં ૧,૨૮,૨૮૪ બેઠકો, ગ્રાન્ટ-ઇન-એઇડમાં ૧૧,૧૧૨ બેઠકો, સ્વ-નિર્ભરમાં-૧૭,૪૭૨ બેઠકો મળી કુલ-૧,૫૬,૮૬૮ બેઠકો ભરવાપાત્ર થાય છે. આ ઓનલાઇન પોર્ટલના માધ્યમથી છેવાડાના વિદ્યાર્થીઓ પણ ઘરે બેઠા ITIમાં પ્રવેશ માટે ફોર્મ ભરીને પોતાનો પ્રવેશ સુનિશ્ચિત કરી શકશે. ITIમાં વર્ષ ૨૦૨૨માં પ્રવેશ માટે પ્રથમ બે રાઉન્ડ ઓનલાઇન જ્યારે ત્રીજો રાઉન્ડ ઓફલાઇન યોજાશે.

# એકતાનગરમાં નવનિર્મિત બસ સ્ટેશન જનસમર્પિત

નર્માદા જિલ્લાના એકતાનગરમાં રૂા.૩૮૮.૯૩ લાખના ખર્ચે નવનિર્મિત થયેલા આર.સી.સી. ફ્રેમ સ્ટ્રકચરવાળા સુવિધાયુક્ત નવિન બસ સ્ટેશનનું વાહન વ્યવહાર મંત્રી શ્રી પૂર્ણેશભાઇ મોદીએ લોકાર્પણ કર્યુ હતુ. મંત્રીશ્રીએ એકતાનગરમાં નવનિર્મિત બસ સ્ટેશનના લોકાર્પણ પ્રસંગે જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાનશ્રી અને રાજ્યના મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વ હેઠળ અનેકવિધ ક્ષેત્રમાં રાજ્ય અને દેશે વિકાસ સાધ્યો છે, ત્યારે રાજ્યના અંતરિયાળ અને છેવાડાના આદિવાસી વિસ્તારોના વિદ્યાર્થીઓ, લોકોને આજે એસ.ટી.બસની સુલભ સુવિધાઓનો લાભ સરળતાથી મળી રહ્યો છે.

રાજ્યમાં અનેક નવાં રસ્તાઓ, નવા એસ. ટી. બસ ડેપોનુ નિર્માણ થતાં લોકો હવે વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી, રાજ્યના પ્રસિદ્ધ યાત્રાધામોની સાથે એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં સમયસર અને ઝડપથી પહોંચી શકશે તેવો દ્રઢ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. દિવાળીના તહેવાર કે ઉનાળાના વેકેશનમાં અલગથી એસ. ટી. બસની ટ્રીપ ગોઠવીને સુલભ સુવિધાઓ પુરી પાડી રહ્યાં હોવાની સાથે રાજ્યમાં દૈનિક સરેરાશ ૨૫ લાખ જેટલા મુસાફરો એસ.ટી દ્વારા મુસાફરી કરી રહ્યાં છે.

મંત્રીશ્રી પૂર્ણેશભાઇ મોદી, ભરૂચના સાંસદ શ્રી મનસુખભાઇ વસાવા સહિત અન્ય મહાનુભાવોએ કેવડીયા કોલોની ખાતે નવનિર્મિત બસ સ્ટેશનમાં ઉભી કરાયેલી અલાયદી સુવિધાઓની મુલાકાત લઇ જાત માહિતી મેળવી હતી. ●

# ફરીયાદી લોગ-ઈન, ફરીયાદ લોગ-આઉટ




છેલ્લાં 19 વર્ષથી સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ ગુજરાતમાં ફરીયાદીની ફરીયાદ દૂર કરવાનું માધ્યમ બન્યું છે. દર મહિનાના ચોથા ગુરૂવારે રાજ્યનાં મુખ્યમંત્રીશ્રી ખુદ જનતા સાથે સીધો સંવાદ કરીને તેમની ફરીયાદ સાંભળે છે અને તેને દૂર કરે છે. આ નવીન પહેલનો પ્રારંભ તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યો હતો. આ ક્રમને વર્તમાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આગળ ધપાવી રહ્યાં છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સમાજના નાનામાં નાના સામાન્ય માનવી, ગરીબ વર્ગોની રજૂઆતો પ્રશ્નોનું સ્થાનિક સ્તરે જ નિવારણ અને છેવાડાના માનવીની સમસ્યાઓ-રજૂઆતોનો હકારાત્મક ઉકેલ લાવવા જિલ્લા કલેકટરો અને જિલ્લા અધિકારીઓને ભારપૂર્વક અનુરોધ કર્યો છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યકક્ષાના સ્વાગત કાર્યક્રમમાં ગાંધીનગરમાં મુખ્યમંત્રીશ્રીના જનસંપર્ક એકમના સ્વાગત કક્ષમાં અરજદારોની રજૂઆતો પ્રત્યક્ષ સાંભળી હતી અને જિલ્લા અધિકારીઓને વિડીયો કોન્ફરન્સીંગથી માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતું.

મુખ્યમંત્રીશ્રી સમક્ષ રાજ્ય સ્વાગતમાં ૮ રજૂઆતો આવી હતી. આ ઉપરાંત જિલ્લા કક્ષાના સ્વાગત કાર્યક્રમમાં ૩૦૬ અને તાલુકા સ્વાગતની ૧૭૦૭ મળી સમગ્રતયા ૨૦૨૧ રજૂઆતોનું સુચારૂ નિવારણ લાવી દેવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્ય શાસનનું દાયિત્વ સંભાળ્યા બાદ યોજાયેલા આ બીજા રાજ્ય સ્વાગત કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન, અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી તેમજ મુખ્યમંત્રી કાર્યાલયના વરિષ્ઠ અધિકારીઓ અને રાજ્ય સરકારના વિભાગોના વરિષ્ઠ સચિવશ્રીઓ પણ જોડાયા હતા. ●

# રાજ્યની ન્યાયપાલિકાને અદ્યતન ઇન્ફ્રાસ્ટ્રક્ચરથી સજ્જ કરાશે

ગુજરાત સરકાર ન્યાયતંત્રને અસરકારક માળખાકીય સુવિધાઓ પ્રદાન કરવા હંમેશા પ્રતિબદ્ધ છે. રાજ્ય સરકારે ન્યાયતંત્રને વધુ સારી સુવિધાઓ સુનિશ્ચિત કરવા માટે માળખાકીય સુવિધાઓ પૂરી પાડવામાં કોઈ કચાશ રાખી નથી. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કાયદા મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ તાજેતરમાં નવી દિલ્હીમાં યોજાયેલી મુખ્યમંત્રીશ્રીઓ અને હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશોની કોન્ફરન્સમાં ભાગ લીધો હતો. આ કોન્ફરન્સમાં ગુજરાત ઉપરાંત વિવિધ રાજ્યોનાં વડા તથા દેશની વિવિધ કોર્ટનાં ન્યાયાધીશશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

આ કોન્ફરન્સમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાત રાજ્યમાં ન્યાયપાલિકાઓનું તંત્ર સુદ્રઢ કરવા અને તેની સુવિધાઓમાં વધારો કરવા લેવામાં આવેલા પગલાંઓ અંગે ઉપસ્થિતોને માહિતી પૂરી પાડી હતી. આ વર્ષે ન્યાયિક વિભાગને રૂ. ૧૭૪૦ કરોડની ફાળવણી કરી છે. આ ઉપરાંત, રાજ્ય સરકારે છેલ્લા પાંચ વર્ષમાં રૂ. ૨૩૦૦ કરોડની ફાળવણી કોર્ટ બિલ્ડિંગ, રહેણાકો, જ્યુડિશ્યલ અધિકારીઓ અને સ્ટાફ માટે રહેણાકોની વ્યવસ્થા વગેરે માટે કરી છે.

રાજ્ય સરકારે હાઈકોર્ટ સાથે પરામર્શ કરીને વિવિધ જિલ્લા અને બ્લોક સ્તરે ૩૦ નવા કોર્ટ સંકુલના નિર્માણ માટે છેલ્લા પાંચ વર્ષમાં ૪૦૦ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. રાજ્ય સરકારે છેલ્લા પાંચ વર્ષમાં હાઈકોર્ટની ભલામણને પગલે કુલ ૩૭૮ ન્યાયાધીશોની નિમણૂક કરી છે એવું જ નહિ, રાજ્ય સરકારે છેલ્લા પાંચ વર્ષમાં ૪૮ ફેમિલી કોર્ટને પણ રાજ્ય સરકારે મંજૂરી આપી છે.

આ પરિષદનું ઉદ્ઘાટન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યું હતું તેમાં કેન્દ્રીય કાયદા મંત્રી શ્રી કિરણ રિજિજૂ, ચીફ જસ્ટિસ અને સુપ્રીમ કોર્ટના અન્ય ન્યાયાધીશો, જાણીતા ન્યાયશાસ્ત્રીઓ, હાઇકોર્ટના ન્યાયાધીશો તેમજ કેન્દ્ર અને રાજ્ય સરકારના અધિકારી ઉપસ્થિત રહ્યા હતા. ●

# છેવાડાના માનવીના વિકાસ માટે સરકાર કટિબધ્ધ



સમાજનો છેવાડાનો માનવી વિકાસના મુખ્ય પ્રવાહમાં આવે તેવા કલ્યાણકારી વિચાર સાથે ગુજરાત સરકારે અનેક વિકાસ યોજનાઓ અમલી બનાવી છે. જે સમાજ હજુ પણ મુખ્ય પ્રવાહથી વંચિત છે તે આગળ આવે તે માટે સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસના મંત્રથી રાજ્ય સરકાર કાર્ય કરી રહી છે. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વની રાજ્ય સરકારે અનુસૂચિત જાતિઓના સર્વગ્રાહી ઉત્કર્ષ માટે કરેલા આયોજનનો ઋણ સ્વીકાર કરવા અનુસૂચિત જાતિ મોરચાના ઉપક્રમે મુખ્યમંત્રીશ્રીનું સન્માન-અભિવાદન યોજવામાં આવ્યું હતું. આ સમારોહમાં શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વિકાસના પાયામાં શિક્ષણની ભૂમિકા સમજાવતાં જણાવ્યું હતું કે, અનુસૂચિત જાતિ સમાજના કોઇ પણ પ્રશ્નો મુશ્કેલીઓ મંત્રીશ્રીઓ, ધારાસભ્યો, પદાધિકારીઓના વગેરેના સહયોગથી સરકાર સુધી પહોચાડશો તો તેના યોગ્ય ઉકેલ માટે સરકાર પૂરતા પ્રયત્નો કરશે.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના આ વર્ષના બજેટમાં ૪૭૦૦ કરોડ રૂપિયા અનુસૂચિત જાતિઓના વિકાસ કામો અને યોજનાઓ માટે ફાળવ્યા છે તેમ ઉમેર્યું હતું. આજે વંચિત સમાજનો યુવાન પાયલોટ જેવી ઉચ્ચ કારકીર્દીમાં જોડાઇ શકે છે. અત્યારસુધીમાં ૪૩ યુવાનોને પાયલોટ તાલીમ સરકારે આપી છે. સરકારની વિવિધ સહાય મેળવવાની વાર્ષિક આવક મર્યાદા પણ અઢી લાખ રૂપિયાથી વધારી રૂપિયા ૬ લાખ સુધીની કરી આપી છે તેમ તેમણે ઉમેર્યુ હતું.

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રી પ્રદીપભાઇ પરમાર, મહિલા બાળકલ્યાણ રાજ્યમંત્રી શ્રીમતી મનિષાબહેન વકીલે રાજ્ય સરકારની વિવિધ કલ્યાણ યોજના, દીકરીઓના અભ્યાસમાં ફી માફી વગેરેની વિશદ છણાવટ કરી હતી. આ પ્રસંગે અનુસૂચિત જાતિ મોરચાના રાષ્ટ્રિય અગ્રણી અને પૂર્વ સાંસદ શ્રી શંભુપ્રસાદ ટુંડીયા, શ્રી ભોલાસિંહ, ધારાસભ્ય સર્વ શ્રી હિતુભાઇ કનોડીયા, શ્રી કરશનભાઇ સોલંકી, શ્રી લક્ષ્મણભાઇ સાગઠીયા, ગાંધીનગરના મેયર શ્રી હિતેશભાઇ મકવાણા અને કાર્યકર્તાઓએ ઉપસ્થિત રહી મુખ્યમંત્રીશ્રીનું ભાવભર્યુ અભિવાદન કર્યુ હતું. ●

# શૈક્ષણિક વ્યવસાયલક્ષી માર્ગદર્શિકા 'ઉડાન'નું વિમોચન

ધો.10 અને 12 પછી શુ કરવું? ક્યા અભ્યાસક્રમ કરવા જોઈએ? કઈ કઈ કોલેજમાં અભ્યાસ થાય છે? ઉચ્ચ અભ્યાસક્રમો ક્યા કરવા? આવા અનેક પ્રશ્નો વિદ્યાર્થીઓને મુંઝવતા હોય છે. આવા પ્રશ્નોના નિરાકરણ અને વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન મળી રહે તે માટે જનસહાયક ટ્રસ્ટ-હિરામણી શૈક્ષણિક સંકુલ દ્વારા તૈયાર કરાયેલી ‘ઉડાન’ પુસ્તિકાનું વિમોચન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ટ્રસ્ટના ચેરમેન અને સાંસદ શ્રી નરહરિભાઈ અમીનની ઉપસ્થિતિમાં અમદાવાદમાં કર્યુ હતું.

મુખ્યમંત્રીશ્રીએ શૈક્ષણિક અને વ્યવસાયલક્ષી માર્ગદર્શિકા ‘ઉડાન’નું વિમોચન કરતાં સ્પષ્ટપણે જણાવ્યું કે, ઉચ્ચ શૈક્ષણિક કારકીર્દી ઘડતર તથા ઉદ્યોગોને અનુરૂપ કુશળ માનવબળ પુરૂં પાડવા વ્યવસાયલક્ષી અભ્યાસનું માર્ગદર્શન આ વિશેષાંક સુપેરે પુરૂં પાડશે. બદલાતા સમય સાથે હવે ઉદ્યોગોને અનુરૂપ માનવ બળ પણ રાજ્યમાં મળે તે માટે વ્યવસાયલક્ષી વોકેશનલ ટ્રેનિંગને પણ રાજ્ય સરકારે મહત્વ આપ્યું છે. એ સંદર્ભમાં જે યુવાનોને આવા વ્યવસાયલક્ષી અભ્યાસક્રમોમાં રૂચિ હોય તેમને પણ આવી માર્ગદર્શિકા ઉપયોગી બનશે.

હાલના સ્પર્ધાત્મકતાના યુગમાં પોતાના સંતાનની કારકીર્દી અને શિક્ષણ માટે માતા-પિતા પણ ચિંતીત હોય છે. આપણે બાળકને તેની રસરૂચિ મુજબના અભ્યાસક્રમ, કારકીર્દીમાં આગળ વધવાની તક આપવી જોઇએ. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, જ્ઞાન એ સર્વાંગી વિકાસ માટે સર્વોપરિ અને આવશ્યક છે ત્યારે લક્ષિત ધ્યેય સુધી પહોચવા વિવિધ અભ્યાસક્રમોનું માર્ગદર્શન પણ વિદ્યાર્થીઓને સરળતાથી મળી રહે તે માટેનો જનસહાયક ટ્રસ્ટનો આ પ્રયાસ અભિનંદનીય છે. જનસહાયક ટ્રસ્ટના પ્રમુખશ્રી અને રાજ્યસભાના સાંસદ શ્રી નરહરિભાઈ અમીને જણાવ્યું હતું કે ધોરણ ૧૦-૧૨ પછી ઉચ્ચતર શિક્ષણ મેળવવા માટે કારકિર્દી વિષયક જ્ઞાન મળી રહે તેવા અભ્યાસક્રમો અને વ્યવસાયલક્ષી માર્ગદર્શન માટે 'ઉડાન' પુસ્તકમાં માહિતી પૂરી પાડવામાં આવી છે. સમગ્ર રાજયના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની લાઈબ્રેરી, કોલેજ, રમતગમત સંકુલ અને ગામેગામ આ પુસ્તક વિનામૂલ્યે પહોંચાડવામાં આવશે. આ પ્રસંગે જનસહાયક ટ્રસ્ટના ટ્રસ્ટી પદ્મશ્રી ડૉ.ચંદ્રકાન્ત મહેતા, GLS યુનિ.ના પ્રમુખ શ્રી સુધીરભાઈ નાણાવટી, ટ્રસ્ટના હોદ્દેદારો, શિક્ષકગણ, આચાર્ય અને જીવન સંધ્યાના વડીલો વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ●

### ગુજરાતી ભાષાનાં સંવર્ધન અને સમૃદ્ધિ માટે

# વિશ્વકોશ ટ્રસ્ટ અને ગુજરાતી લેક્સિકોન વચ્ચે MoU



અમદાવાદ સ્થિત ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ ખાતે ગુજરાત વિશ્વકોશ અને ગુજરાતી લેક્સિકોન વચ્ચે તાજેતરમાં એમ.ઓ.યુ. કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે બંને સંસ્થાઓને અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને ગુજરાતી લેક્સિકોન બન્નેએ ગુજરાતી ભાષામાં કોઈએ ન કરી હોય એવી સરાહનીય અને પ્રશંસનીય કામગીરી કરી છે.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ એ ગુજરાતી ભાષાની વિકાસયાત્રાનું એક મહત્વનું સાથી રહ્યું છે પણ ઝડપથી બદલાતા આ સમયમાં આધુનિક ટેકનોલોજી જરૂરત બની ગઈ છે. મુખ્યમંત્રી શ્રી પટેલે જણાવ્યું હતું કે, આ સમયે સ્વર્ગસ્થ શ્રી રતિલાલ ચંદરિયાએ ગુજરાતી લેક્સિકોનની પહેલ દ્વારા આપણી ભાષાના અમૂલ્ય શબ્દભંડારને ડિજિટાઈઝ કરીને ભાષા સેવાની ધૂણી ધખાવી છે. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે રોબોટિક્સ-આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવી જટિલ વિજ્ઞાનશાખાઓના જ્ઞાનને ગુજરાતી ભાષામાં ઉપલબ્ધ કરાવવાના પ્રકલ્પ પણ આ બે સંસ્થાઓ સાથે મળી યોજી રહી છે એ પણ માતૃભાષાની જાળવણી માટે સરાહનીય પ્રયાસ છે.

ડિજિટલ યુગમાં ગુજરાતી ભાષાના પ્રચાર-પ્રસારમાં ગુજરાતી લેક્સિકોન એ પણ મહત્ત્વનું યોગદાન આપ્યું છે. યુથ કોર્નર, બ્લોગ, વિડીયો અને એક્સપ્લોર ગુજરાત જેવા વિવિધ માધ્યમોથી આજની યુવા પેઢી અને ભાષા પ્રેમીઓને એક મંચ પર સાથે લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર માતૃભાષા અને સંસ્કૃતિના રક્ષણ માટે સમર્પિત છે. બે વર્ષ પહેલાં જ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ દેશમાં ક્રાન્તિકારી શિક્ષણનીતિ અમલમાં મૂકી છે, જેમાં માતૃભાષાના શિક્ષણ પર જ નહીં, શિક્ષણના માધ્યમ તરીકે માતૃભાષા પર પણ ભાર મૂકવામાં આવ્યો છે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના પ્રેરણાથી આપણે ગુજરાતમાં ભાષા સેવાની દિશામાં કાર્યરત રહ્યા છીએ તેવો વિશ્વાસ પણ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વધુમાં ઉમેર્યું કે સંસ્થાઓ અને સરકારના સામૂહિક પ્રયાસોથી ગુજરાતી ભાષાના ભવ્ય વારસાની જાળવણી તો થશે જ સાથે સાથે ભાષા-સંસ્કૃતિ સિદ્ધિનાં નવાં શિખરો પણ સર કરશે. આ અવસરે મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતી ભાષા તેમજ જ્ઞાનની ક્ષિતિજો સતત વિસ્તરી રહે તે માટે શિક્ષણવિદો, ભાષાવિદો, શૈક્ષણિક સંસ્થાઓને પણ આગળ આવવા માટે આહ્વાન કર્યું હતું.

આ અવસરે કવિ શ્રી અમર ભટ્ટ દ્વારા વિવિધ કવિતાઓ પણ પ્રસ્તુત કરવામાં આવી હતી. આ પ્રસંગે વિશ્વકોશના ટ્રસ્ટી શ્રી કુમારપાળ, શ્રી નીતિનભાઈ શુક્લ, શ્રી પ્રકાશભાઈ ભગવતી તેમજ ગુજરાતી ચંદ્રયાન ફાઉન્ડેશનમાં ટ્રસ્ટી શ્રી મુકેશભાઈ શાહ, સાહિત્યકારો તેમજ ભાષા પ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

# ન્યુઝ-18 ચેનલના નવા ક્લેવરનું લોન્ચીંગ કરતાં CM

ગુજરાતની અગ્રણી સમાચાર ચેનલ ન્યુઝ 18 ગુજરાતી ચેનલના નવા રંગરૂપનું લોન્ચિંગ તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કર્યું હતું. આ અવસરે મુખ્યમંત્રીશ્રીએ ન્યુઝ 18 ગુજરાતી ચેનલને રાઈઝિંગ ગુજરાત 2022 કાર્યક્રમ બદલ અભિનંદન પણ પાઠવ્યા હતા. આ અવસરે તેમણે જણાવ્યું હતું કે, ગુજરાત વિકાસના રોલ મોડલ તરીકે સમગ્ર દેશ અને દુનિયામાં પ્રસ્થાપિત થયું છે. ગુજરાત એ દેશમાં વિકાસનું ગ્રોથ એન્જીન છે અને રાઈઝિંગ ગુજરાતના પાયામાં શ્રી નરેન્દ્રભાઈ મોદીનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો છે.

કોરોનાકાળમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ લોકોની ચિંતા કરી ફ્રી વેકસીનેશન કરાવ્યું અને કોરોના જેવા કપરા સમયમાં પણ આત્મનિર્ભર ભારતની વાત કરવી એ શ્રી નરેન્દ્રભાઈ મોદીનું મજબૂત અને મક્કમ મનોબળ દર્શાવે છે. મુખ્યમંત્રીશ્રીએ સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ, સૌનો પ્રયાસ થકી સૌને રાઈઝિંગ થવાનું આહ્વાન પણ કર્યુ હતું. આ કાર્યક્રમમાં નેટવર્ક -18ના એમ.ડી.શ્રી રાહુલ જોશી તેમજ ચેનલના વરિષ્ઠ અધિકારીઓ અને અગ્રણી શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા. ●

# દેશ - દુનિયાના ઉદ્યોગકારો ગુજરાતમાં આવવા ઉત્સુક



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શનથી ગુજરાતમાં યોજાતી વાઈબ્રન્ટ સમિટની ઉત્તરોત્તર સફળતા અને રાજ્ય સરકારની સ્ટાર્ટઅપ, ઇનોવેશન, એમ.એસ.એમ.ઈ, માટેની પ્રોત્સાહક નીતિઓના પરિણામે દેશ અને દુનિયાના ઉદ્યોગકારો, મૂડી રોકાણકારો ગુજરાતમાં આવવા ઉત્સુક બન્યા છે.

તાજેતરમાં અમદાવાદમાં બિઝનેસ નેટવર્ક ઇન્ટરનેશનલ દ્વારા આયોજિત પરિસંવાદમાં યુવા ઉદ્યોગસાહસિકોને સંબોધન કરતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારની પોલીસીઝ ઉપરાંત શિક્ષણ, સ્વાસ્થ્ય અને સુરક્ષાના ક્ષેત્રના સુદ્રઢ તેમજ સુગ્રથિત વાતાવરણને પરિણામે લોકો ભારતમાં ખાસ કરીને ગુજરાત ઉપર વેપાર, ઉદ્યોગ, ધંધા માટે પ્રથમ પસંદગી કરે છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, છેલ્લા ત્રણ વર્ષથી ગુજરાત દેશમાં સૌથી વધુ ફોરેન ડાયરેક્ટ ઇન્વેસ્ટમેન્ટ મેળવીને ટોચ પર રહ્યું છે.

શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે કહ્યું કે, ગુજરાતે ૨૦૧૫થી સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન સ્કીમ અમલી બનાવી છે એટલું જ નહીં, અત્યાર સુધીમાં ૩૦૦થી વધુ સ્ટાર્ટ અપને ૫૧.૮૩ કરોડની સહાય આપવામાં આવી છે. ગુજરાતમાં આજે સાડા આઠ હજારથી વધુ સ્ટાર્ટઅપ કાર્યરત છે અને ૧૨૫ જેટલી પેટન્ટ ફાઇલ કરવામાં આવી છે. ભારત આજે વિશ્વમાં યુનિકોર્ન સ્ટાર્ટ અપમાં ત્રીજા નંબરે છે. રાજ્ય સરકાર સામાજિક ક્ષેત્રોમાં પણ ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપવા સામાજિક પ્રભાવ ધરાવતા સ્ટાર્ટઅપને ૧૦ લાખથી વધુ સીડ ફંડિંગ આપે છે. શ્રી ભૂપેન્દ્ર પટેલે આઝાદીનો અમૃત મહોત્સવ ગુજરાતમાં યુવા સ્ટાર્ટઅપ દ્વારા રોજગારી નિર્માણના ક્ષેત્રો માટે અમૃતકાળ બને તેવી અપેક્ષા સાથે બીએનઆઇ જેવી સંસ્થાઓનો સહયોગ તેમાં ઉદ્દીપક બનશે તેવો મત દર્શાવ્યો હતો. ●

# સમૂહ લગ્નોત્સવમાં નવદંપતિઓને આશીર્વચન પાઠવતા CM




અમદાવાદના દસક્રોઈ તાલુકાના ભુવાલડી ગામે ઠાકોર સમાજના સમૂહ લગ્નોત્સવમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઉપસ્થિત રહી નવયુગલોને આશીર્વચન પાઠવ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ ઠાકોર સમાજના ૫૧ નવયુગલોને દાંપત્ય જીવનની શુભેચ્છા અને આશીર્વાદ આપતા જણાવ્યું હતું કે, સમૂહ લગ્નનું આયોજન એક હકારાત્મક સામાજિક અભિયાન છે. આવા અર્થ પૂર્ણ આયોજનને પગલે સમાજ વ્યવસ્થાને એક નવી દિશા મળશે જ પરંતુ સાથે સાથે બિનજરૂરી થતા ખર્ચાઓ પણ અટકાવી શકાશે.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના માર્ગદર્શન અને પ્રેરણાથી ગુજરાત સરકાર દરેક સમાજને સાથે રાખી આગળ વધી રહી છે. સૌનો સાથ, સૌનો વિશ્વાસ, સૌનો પ્રયાસ થકી દરેક સમાજ વિકાસના મુખ્ય પ્રવાહમાં જોડાય તે સરકારની નેમ છે. તેમણે સમૂહ લગ્નના આયોજક જે.કે ગૃપ તથા સમાજના આગેવાનો, દાતાઓ તેમજ આયોજન સમિતિના આગેવાનોને સમૂહ લગ્નનું ભવ્ય આયોજન કરવા માટે અભિનંદન આપ્યા હતા.

આ પ્રસંગે સાંસદ શ્રી સી.આર. પાટીલે તમામ દંપતિઓને આશીર્વચન પાઠવતા જણાવ્યું હતું કે, વર્ષો પહેલા શરૂ થયેલી સમૂહ લગ્નોત્સવની આ પ્રથામાં આજે દરેક સમાજ આ દિશામાં આગળ વધી રહ્યો છે તે આનંદની વાત છે. આ પ્રસંગે કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રી દેવુસિંહ ચૌહાણે નવયુગલોને આશીર્વાદ આપતા જણાવ્યું હતું કે, આર્થિક રીતે નબળો કહેવાતો આ સમાજ જ્યારે આટલા મોટા પ્રમાણમાં ભવ્ય સમૂહ લગ્નોત્સવનું આયોજન કરે એ ખૂબ ગૌરવની વાત કહેવાય.

આ પ્રસંગે કેબિનેટ મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમાર, અર્જુનસિંહ ચૌહાણ, પૂર્વ ગૃહ મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા, ધારાસભ્યશ્રી બાબુભાઈ જમનાદાસ પટેલ સહિતના મહાનુભાવો તથા મોટી સંખ્યામાં ઠાકોર સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

# અમદાવાદ મહાનગરને રૂ.૧૪૩ કરોડના વિકાસ કામોની ભેટ



માનવ સંસ્કૃતિનો વિકાસ થતો ગયો તેમ ગામનો વિકાસ થઈને નગર-મહાનગર બનતાં ગયા. આ નગરો - મહાનગરો શહેર સુધરાઈ તરીકે ઓળખાતા હતા. નગર એટલે નળ, ગટર અને રસ્તા એવી જ વ્યાખ્યા હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આવી શહેર સુધરાઈને નગર સેવા સદન તરીકે નગર સુખાકારી અને જનહિત કાર્યોની અનેક સેવા પ્રવૃત્તિથી ધમધમતા કેન્દ્રો બનાવ્યા છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તાજેતરમાં અમદાવાદના નગરજનોને રૂ. ૧૪૩ કરોડના વિવિધ વિકાસકામોની પરશુરામ પ્રાગટ્યોત્સવની ભેટ આપતાં જણાવ્યું હતું કે, નગરો - મહાનગરોનો આધુનિક વિકાસ કેવો હોય તે સૌને ગુજરાતના નગરોએ બતાવ્યું છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ છેવાડાના લોકોનો વિચાર કરી 'દરેકને માથે છત' હોય તે સંકલ્પ સેવ્યો છે. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીના હસ્તે બાળકોને સુપોષિત કીટ વિતરણ કરવામાં આવી હતી તથા બહેનોને ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના અંતર્ગત વિધવા સહાય પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.

આ પ્રસંગે રાજ્યકક્ષાના કુટિર અને ઉદ્યોગ મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાં ચાલી રહેલી વિકાસની વણથંભી યાત્રાને ગુજરાતના લોકલાડીલા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આગળ વધારી રહ્યા છે. મેયર શ્રી કિરીટભાઈ પરમારે જણાવ્યું કે, કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની સહાયથી અમદાવાદમાં ૩૦૦૦ કરોડથી વધારેના કામો એક વર્ષમાં થઈ રહ્યાં છે. ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ચાંદખેડા વોર્ડ અંદાજિત રૂ.૨.૪૮ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલા સબ ઝોનલ ઓફિસનું લોકાર્પણ, થલતેજ વોર્ડમાં સ્વર્ણિમ જયંતી શહેરી વિકાસ યોજના અંતર્ગત ઈલોરા એપાર્ટમેન્ટ અને અજન્ટા એપાર્ટમેન્ટમાં આર.સી.સી.રોડ તથા પેવર પેવર બ્લોકના ખાતમુહૂર્તનો સમાવેશ થાય છે. સાથે - સાથે બોપલ ખાતે અંદાજિત રૂપિયા રૂ. ૮.૮૩ કરોડના ખર્ચે ૭૦ આવાસોના ડ્રો અને ઝુંડાલ ખાતે અંદાજિત રૂ. ૧૨૮.૦૨ થી વધુ કરોડના ખર્ચે ૧૧૨૦ આવાસોનો ડ્રો કરવામાં આવ્યો હતો. ●

## પ્રોબેશનરી IAS અધિકારી રાજ્યપાલશ્રી અને CMને મળ્યા

રાજ્ય સરકારના આયોજનને પરિણામ સુધી લઇ સફળ બનાવવામાં પ્રશાસનીક કામગીરી અંગભૂત છે. તાલીમબદ્ધ આઈએએસ અધિકારીઓનો પણ ગુજરાતના વિકાસમાં ફાળો છે. આવા જ આઈએએસ અધિકારીઓ ગુજરાત કેડરમાં ફાળવાયા છે. રાજ્યના વિવિધ જીલ્લામાં તેમની તાલીમ પૂર્ણ કરીને બીજા તબક્કાની તાલીમ માટે તેઓ આઈ.એ.એસ ટ્રેનિંગ સેન્ટર મસુરી જતા પૂર્વે તેઓ મુખ્યમંત્રીશ્રી અને રાજ્યપાલશ્રીને મળ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથેની મુલાકાત દરમિયાન આ પ્રોબેશનરી આઇ.એ.એસ. અધિકારીઓએ જિલ્લાની પોતાની તાલીમના અનુભવો તેમની સાથે શેર કર્યા હતા. તદઉપરાંત આ અધિકારીઓએ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતની સૌજન્ય મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન રાજ્યપાલશ્રીએ અધિકારીઓને શુભેચ્છા પાઠવી હતી અને ગુજરાતનાં કલા-સંસ્કૃતિ અને લોકોજીવન ઉપરાંત પ્રાકૃતિક કૃષિ અને ઊર્જા બચત જેવા વિષયો ઉપર વિચાર-વિમર્શ કર્યો હતો. ●


## ભગવાન પરશુરામની પ્રતિમાનું અનાવરણ

અમદાવાદના નવા વાડજમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ભગવાન પરશુરામની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ પ્રતિમા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તૈયાર કરવામાં આવી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિતના મહાનુભાવોએ ભગવાન પરશુરામની આરતી ઉતારી અને શ્રદ્ધાપૂર્વક દર્શન કર્યા હતા. આ પ્રતિમા અનાવરણ પ્રસંગે મહેસૂલ મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી, આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, રાજ્યકક્ષાના ઉદ્યોગમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, સાંસદ શ્રી સી.આર.પાટીલ તથા શહેરના મ્યુનિસિપલ કમિશનર શ્રી લોચન શહેરા સહિતના કોર્પોરેશનના પદાધિકારીઓ, ધારાસભ્યશ્રીઓ અને કોર્પોરેટરશ્રીઓ તથા બ્રહ્મ સમાજ સહિત અનેક સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પરશુરામ જયંતિ નિમિત્તે પંચમહાલ જિલ્લાના મુખ્ય મથક ગોધરા ખાતે બ્રહ્મસમાજ દ્વારા આયોજિત એક શોભાયાત્રાને પ્રસ્થાન કરાવી ભગવાન શ્રી પરશુરામની પૂજા અર્ચના કરી ગુજરાતના કલ્યાણની મંગલકામના કરી હતી. ●

## ૧૦૮ની એર એમ્બ્યુલન્સ સેવા

# રાજકોટના દર્દીને ચેન્નાઈ એરલિફ્ટ કરાયો





રાજકુમાર

રાજ્ય સરકાર દ્વારા મેડિકલ ઈમરજન્સીમાં જરૂરિયાતમંદ દર્દીને સ્થળ પર જ પ્રાથમિક સારવાર સાથે હોસ્પિટલ સુધી પહોંચાડવા GVK EMRI ના સહયોગથી ૧૦૮ સેવા કાર્યરત કરવામાં આવી છે. જેનો લાભ અનેક દર્દીઓને અત્યાર સુધીમાં મળ્યો છે. ગત માસે રાજ્ય સરકાર દ્વારા ૧૦૮ સેવામાં હવાઈ સેવાને સામેલ કરી એર એમ્બ્યુલન્સ શરુ કરવામાં આવી હતી. આ સેવાનો લાભ લેનાર પ્રથમ દર્દી રાજકોટમાં ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા જયકુમાર મકવાણા છે. જેઓ ફેફસાની બીમારીથી પીડાતા હતા અને તેમને શ્વાસ લેવામાં મુશ્કેલી પડતી હતી તેઓને વધુ સારવાર માટે ચેન્નાઈ ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા શરુ કરાયેલી એર એમ્બ્યુલન્સમાં શિફ્ટ કરવામાં આવ્યા હતાં

**એર એબ્યુલન્સની વિશેષતા :** રાજકોટ ૧૦૮ ના પ્રોગ્રામ મેનેજર શ્રી મનવીર ડાંગરના જણાવ્યા મુજબ આ એર એમ્બ્યુલન્સ અમદાવાદથી આવે છે. જયારે ખાનગી એમ્બ્યુલન્સ મુંબઈ, દિલ્હી કે ચેન્નઈથી આવે તો તેમનું એરફેર વધી જાય તેમજ સમય પણ વધુ લાગે, જયારે અમદાવાદથી આવતી એર એમ્બ્યુલન્સ ખુબ ઝડપી રીતે ગુજરાતમાં કોઈપણ સ્થળે પહોંચી શકે. વળી રાજ્ય સરકાર દ્વારા આ સેવા કાર્યરત હોઈ એરપોર્ટ પર અપ્રુવલ પણ ઝડપથી મળી જાય.

**વેન્ટિલેટર સહિતની જરૂરી સુવિધાઓ :** ૧૦૮ સેવા સાથે જોડાયેલી એર એમ્બ્યુલન્સ પણ ૧૦૮ વાનની જેમ સાધન સુવિધાથી સજ્જ હોય છે. એર એમ્બ્યુલન્સમાં એમ.બી.બી.એસ. ડોક્ટર તેમજ પેરા મેડિકલ સ્ટાફ હાજર હોય છે. દર્દીની મેડિકલ હિસ્ટ્રી મુજબ સાધનો અને દવાઓ ઉપલબ્ધ રાખવામાં આવે છે.

**એર એમ્બ્યુલન્સ સેવા મેળવવા માટે પ્રક્રિયા :** આ સેવાનો લાભ કેવી રીતે લેવો તે અંગે શ્રી મિલનભાઈ જણાવે છે કે, આ માટે સૌપ્રથમ ૧૦૮ માં કોલ કરવો પડે છે, કોલ સેન્ટરમાં એર એમ્બ્યુલન્સ સેવાનો લાભ લેવા માટે માહિતી આપવી પડે છે. દર્દી હવાઈ મુસાફરી માટે ફિટ છે, તે સર્ટિફિકેટ ડોક્ટર્સ દ્વારા આપવામાં આવે પછી જ આ સેવાનો લાભ મેળવી શકે છે. આ સેવાનો લાભ મેળવવા માટે દર્દીને એરપોર્ટ થી એરપોર્ટનો ચાર્જ ચૂકવવો પડે છે. એરપોર્ટ સુધી પહોંચવા માટે ૧૦૮ વાનની નિ:શુલ્ક સેવા ઉપલબ્ધ હોવાનું શ્રી ડાંગર જણાવે છે. રાજ્ય સરકાર દ્વારા ૧૦૮ હવાઈ સેવા શરુ કરતા આવનાર સમયમાં ઈમરજન્સીમાં દેશના કોઈપણ છેડે કલાકોમાં દર્દીને સલામત રીતે સ્થળાંતરિત કરી શકાશે. ●

# નંદઘરોના બાળકોને શુદ્ધ ઘીની સુખડીનો પૂરક આહાર





✍ **દર્શન ત્રિવેદી**

એ ડબ્બો ખુલે એટલે અંદર રહેલા વ્યંજનની સોડમ આવ્યા વિના રહે નહીં ! વ્યંજનને મ્હોંમાં મૂકો એટલે વિશિષ્ટ સ્વાદની અનુભૂતિ થયા વિના રહેતી નથી. એ વ્યંજનને શુદ્ધ ઘીથી બનાવવામાં આવ્યું છે, એ સ્વાદ ઉપરથી જ માલૂમ પડી જાય ! તે વ્યંજન છે સુખડી અને આવી લિજ્જતદાર સુખડી વડોદરા જિલ્લાના કુપોષિત બાળકોને પૂરક આહાર તરીકે આપવામાં આવી રહી છે. વડોદરા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા લોકભાગીદારીથી કુપોષિત બાળકોને શુદ્ધ ઘીની સુખડી પૂરક આહાર આપી તેને સુપોષિત કરવાનું અભિયાન છેડવામાં આવ્યું છે.

કલેક્ટર શ્રી અતુલ ગોરે જણાવ્યું કે, વડોદરા જિલ્લાની વિવિધ આંગણવાડીઓમાં કુલ ૯૩૧૯૭ બાળકો પ્રિસ્કૂલિંગ કરી રહ્યા છે. તે પૈકી ૧૭૮૮ બાળકો અતિકુપોષિત જણાયા છે. સામાન્ય બાળકોની સાપેક્ષે જેનું પ્રમાણ ૧.૯૨ ટકા જેટલું છે. જ્યારે, ૭૯૪૭ બાળકો પીળા રંગમાં વર્ગીકૃત કરવામાં આવ્યા છે. એટલે કે, આ બાળકોને પણ પૂરક પોષણની જરૂર છે.

આથી ૯૭૩૫ બાળકોને લક્ષ્યમાં રાખીને તેને પૂરક આહાર તરીકે શુદ્ધ ઘીમાં બનાવેલી સુખડી આપવાનું શરૂ કરવામાં આવ્યું છે. જેમાં લોકોનો સહયોગ પણ મળી રહ્યો છે. રાજ્ય સરકાર દ્વારા આપતા ટેક હોમ રાશન ઉપરાંતની આ સુખડી આપવામાં આવી રહી છે. આ સુખડી બનાવવાની કામગીરી પ્રસિદ્ધ સંસ્થા અક્ષયપાત્રને સોંપવામાં આવી છે.

અક્ષયપાત્ર દ્વારા બનાવેલી સુખડી આપણા ઘરે પણ ન બને એવી છે. ઘી, ગોળ, ઘઉંનો લોટ અને મગફળીથી આ સુખડી બનાવવામાં આવે છે. તેનો સ્વાદ કુશળ ગૃહિણીના હાથે બની હોય એવો જ છે. એટલે બાળકો પણ આ સુખડી હોંશેહોંશે આરોગી રહ્યા છે. આ સુખડી લક્ષ્યાંકિત બાળકોના ઘરે જ આપવાની અથવા તો નિદર્શન ભોજન દરમિયાન આપવાની એવી સૂચના કલેક્ટર શ્રી ગોરે સંકલિત બાળ વિકાસ કાર્યક્રમના અધિકારીઓને આપી છે.

એક સપ્તાહમાં ત્રણ વખત આ સુખડી આપવામાં આવી રહી છે. એટલે કે એક વીકમાં એક બાળકને દોઢસોથી બસ્સો ગ્રામ સુખડી પૂરક આહાર તરીકે મળી રહે છે. આ સુખડી બાળકને જમવા સાથે ખવડાવવામાં આવે છે. અક્ષયપાત્ર દ્વારા એક રાઉન્ડમાં ૫૦૦ કિલો જેટલી સુખડી બનાવવામાં આવે છે. જેનું વિતરણ જિલ્લા વહીવટી તંત્ર સાથે સહયોગમાં રહી આંગણવાડીઓમાં કરાવવામાં આવે છે. અત્યાર સુધીમાં આવા પાંચ રાઉન્ડ સુખડીના વિતરિત થઇ ગયા છે. એટલે કે ૨૫૦૦ કિલોગ્રામ સુખડી પૂરક આહાર તરીકે બાળકોને આપવામાં આવી છે.

પ્રત્યેક બાળક તંદુરસ્ત બને તેવી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સંકલ્પનાને સાકાર કરવા વડોદરા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આરંભાયેલા આ અભિયાનમાં લોકભાગીદારી પણ સારી મળી રહી છે. ●

# વડોદરામાં દેશનું પ્રથમ ખાનગી દંત સંગ્રહાલય

સુરેશ મિશ્રા

આરોગ્ય અને શરીરની જાળવણીમાં દાંતની ઘણી અગત્યતા છે. પરંતુ આ ૩૨ જવામર્દ આરોગ્ય રક્ષકોની અગત્યતા અને તેમની કાળજી લેવાની જરૂરિયાતની જાણકારી લોકોમાં બહુધા ખૂબ ઓછી છે. દાંતની સંખ્યા ૩૨ હોય કે દુધિયા દાંત પડી જાય પછી નવા અને કાયમી દાંત આવે, એવી પ્રાથમિક સિવાય ભાગ્યે જ કોઈ માહિતી દાંત અંગે આપણે ધરાવીએ છે અને એ હલે કે ભારે વેદના ના આપે ત્યાં સુધી આપણે ભાગ્યે જ એની કાળજી લઈએ છે. પરિણામે યોગ્ય કાળજી લઈને નિવારી શકાય એવા દાંતના રોગોનું પ્રમાણ અને દાંતની મોંઘી સારવારનું આર્થિક ભારણ વધતું જાય છે.



આ સંજોગોમાં વડોદરાના દંત ચિકિત્સક ડો.યોગેશ ચંદારાણા અને ડો.પ્રણવ એ પોતાના ખિસ્સામાંથી ખર્ચ કરીને અને દુનિયામાં જ્યાંથી મળી ત્યાંથી દાંત ને લગતી, ચિકિત્સાને લગતી, તેના ઇતિહાસ અને ભૂતકાળને લગતી, દાંતની કાળજી ને લગતી સાધન સામગ્રી એકત્ર કરીને, અંદાજે ૪ હજાર થી વધુ નમૂનાઓ પ્રદર્શિત કરતું, દંત જ્ઞાન સમૃદ્ધ સંગ્રહાલય બનાવ્યું છે. કદાચ ગુજરાતનું અને દેશનું આ એકમાત્ર ખાનગી દંત સંગ્રહાલય છે અને આગોતરો સંપર્ક કરી, સમય લઈને શાળાઓ અને શિક્ષણ સંસ્થાઓ વિદ્યાર્થીઓને કોઈ પ્રવેશ ફી વગર વિનામૂલ્યે તે બતાવી શકે છે અને રસ ધરાવતા લોકો પણ એ રીતે એની મુલાકાત લઈ શકે છે. આ સંગ્રહાલય વડોદરાના જૂના પાદરા રોડ પર મલ્હાર પોઈન્ટ નજીક ૨૨, હરીભક્તિ સોસાયટી ખાતે આવેલું છે.

તાજેતરમાં ડો.ચંદારાણા ડેન્ટલ મ્યુઝિયમનો સાતમા વર્ષમાં પ્રવેશ થયો છે. સ્થાપક ડો. યોગેશ કહે છે આ વર્ષો દરમિયાન ૨૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ અને જીજ્ઞાસુઓએ આ સંગ્રહાલય નિહાળ્યું છે. તમને ચોક્કસ ખબર નહિ હોય કે માનવ ઉત્ક્રાંતિના છેલ્લા ૧૦ હજાર વર્ષ દરમિયાન માણસના જડબાના કદમાં અને તેને સુસંગત દાંતની સંખ્યામાં ઘટાડો થયો છે એવું ડો.યોગેશ જાણકારી આપતાં જણાવે છે.



તેઓ ઉમેરે છે કે દર બે હજાર વર્ષે જડબા સંકોચાય છે અને દાંતની સંખ્યા ઘટે છે. આપણે જ્યારે માતાના ગર્ભાશયમાં ટૂંટિયું વાળીને બચ્ચા તરીકે આરામ ફરમાવતા હોય ત્યારથી પેઢા નીચે દાંત બનવાની શરૂઆત થાય છે અને જન્મ પછી ૬થી ૭ મહિને આ છુપા રુસ્તમો પેઢાનું આવરણ તોડીને પ્રગટ થાય છે.આ પ્રક્રિયા બાળકને વેદના આપનારી હોવાથી અંગ્રેજીમાં ટીથીંગ ટ્રબલ જેવી ઉકિત પ્રચલિત બની છે.

ઉપલબ્ધ દસ્તાવેજી પુરાવા ને આધારે હોશી રે ને જગતનો પ્રથમ દંત ચિકિત્સક ગણવામાં આવે છે.ભારતની વાત કરીએ તો અંદાજે ૨૫૦૦ વર્ષ પૂર્વે થઈ ગયેલા અને શલ્ય ચિકિત્સા( સર્જરી) ના જનક મુનિ સુશ્રુત દાંતની સારવાર અને શસ્ત્રક્રિયા કરતાં હતાં એવા ઉલ્લેખો મળે છે.

જગતમાં અન્ય જગ્યાઓએ દાંતની સફાઈ માટે ટૂથ બ્રશ શોધાયા પણ ભારતમાં તો પ્રાચીન કાળથી બાવળ, લીમડા, કણજી કે વડ જેવા વૃક્ષોની ડાળીઓ નો દાતણ તરીકે અને એની ચિરનો જીભની સફાઈ માટે ઉલ તરીકે ઉપયોગ થતો. સજીવ દાતણ વનસ્પતિના દાંત ની રક્ષા કરનારા ઔષધીય ગુણોનો પણ લાભ આપતાં. દાંત,દાંતની સારવાર અને દાંતના તબીબોને વિશ્વની ટપાલ ટિકિટો અને ડાક સાહિત્યમાં પણ સ્થાન મળ્યું છે. ચલણી સિક્કા પર પણ દાંત કોતરાયલા છે. તમાકુ સહિત દાંતના જાની દુશ્મનો જેવા વિવિધ વ્યસનો છે.

ડો.પ્રણવ જણાવે છે દાંતને લગતો અમારા મ્યુઝિયમનો ખજાનો 'એશિયાનો સૌથી મોટો સંગ્રહ' હોવાનું અમારા ધ્યાનમાં આવ્યું છે.●

# શાકભાજી વેચતી મહિલાના ગળાની ગાંઠ દૂર કરાઇ





### સુપ્રા મેજર સર્જરી એટલે શું ?

ગુજરાત કૅન્સર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટની તબીબી ટીમ દ્વારા કરવામાં આવેલી આ સુપ્રા મેજરી સર્જરી ( 9 કલાકની) હતી. તબીબી ભાષામાં 3 કલાકથી વધુ ચાલતી સર્જરીને સુપ્રા મેજર સર્જરી કહે છે. જ્યારે 3 કલાક સુધી ચાલતી સર્જરીને મેજર સર્જરી કહેવાય છે.

### પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજના - ગરીબ દર્દીને સરકારી સહાયરૂપ મલમ

પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજના ગરીબ-મધ્યમવર્ગના દર્દીઓ માટે આશિર્વાદરૂપ બની રહી છે. રાજકોટના શાકભાજી વેચતા સોનલબહેન રમેશભાઈ ચોવસીયાની( ઉ.35 વર્ષ) સર્જરી તેનું જીવતું જાગતું ઉદાહરણ છે. શાકભાજી વેચીને પેટિયું રળતા સોનલબહેનને ગળાની ડાબી બાજુએ ગાંઠ થઈ, ત્યારે ખાનગી હોસ્પિટલોમાં તબીબોએ સર્જરીનો ખર્ચ અંદાજે રૂ. 5 લાખ કહ્યો. જે ગરીબ દંપતી માટે અશક્ય હતો. પણ પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજના ગરીબ મહિલાની વહારે આવી. ગુજરાત કૅન્સર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટે વિના મૂલ્યે સર્જરી કરી માત્ર મહિલા દર્દીનું જીવન જ નથી બચાવ્યું, પણ આ ગરીબ પરિવારને દેવાના ડુંગર તળે દબાતું પણ બચાવ્યું છે.

✎ ટીમ ગુજરાત

અમદાવાદની સિવિલ મૅડિસિટી ખાતે ગુજરાત કૅન્સર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના હેડ એન્ડ નેક ઓન્કોલોજી વિભાગના તબીબોએ 9 કલાકની ભારે જહેમત બાદ રાજકોટના શાકભાજી વેચતા ગરીબ મહિલા દર્દી શ્રી સોનલબહેનની ગળા પરની ગાંઠનું સફળતાપૂર્વક ઓપરેશન કર્યું.

આ અહેવાલની લોકોને ખબર પડી ત્યારે સાહજિક્તાથી એમને જવાબ આપ્યો કે ગુજરાતની તબીબી સેવાઓ સમગ્ર દેશમાં ઉદાહરણીય રહી છે. ગુજરાત પાક્ષિકની ટીમે જ્યારે ગુજરાત કૅન્સર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના હેડ એન્ડ નેકના સર્જન શ્રી પ્રિયાંક રાઠોડને પૂછ્યું કે, કૅન્સર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટમાં અનેક ઓપરેશન થતા હોય છે ત્યારે આ ઓપરેશન આપની ટીમ માટે કેમ પડકારરૂપ હતું ? જવાબમાં ડો. રાઠોડ કહે છે કે, આ કેસમાં દર્દીનું ટ્યૂમર ધમની અને શીરાને ચોંટેલુ હતુ અને જો ઓપરેશન દરમિયાન રક્તસ્ત્રાવ થાય તો દર્દીનું મૃત્યું થવાનું જોખમ રહેલું હતું. આમ, આ ઓપરેશન ઘણું જોખમી હતું. ડો. પ્રિયાંક ઓપરેશન માટે અન્ય ટીમના સભ્યોને શ્રેય આપતા કહે છે, આ અઘરું ઓપરેશન એનેસ્થેસિયા અને પ્લાસ્ટિક સર્જરીની ટીમ સાથેના સંકલન અને સહયોગના કારણે આ અમે કરી શક્યા.

આ ઓપરેશનનો બીજો પડકાર વર્ણવતા ડો. પ્રિયાંક રાઠોડ કહે છે - દર્દીના ગળાની ડાબી બાજુએ અંદાજે 2.5 કિલોની ગાંઠ હતી. આટલી મોટી ગાંઠ અગાઉ ક્યારેય કોઈ દર્દીમાં જોવા મળી નથી. વળી, ઉપલબ્ધ તબીબી સાહિત્યમાં પણ આવી ગાંઠ વિશે કોઈ ઉલ્લેખ જોવા મળતો નથી. આ ગાંઠ દૂર કરીએ તો રિકન્સ્ટ્રક્શન માટે આટલી ચામડી લાવવી કઈ રીતે તે પણ એક પ્રશ્ન હતો. પણ પ્લાસ્ટિક સર્જરી ટીમે તે કાર્ય ઉત્કૃષ્ટ રીતે કર્યું.

આ ઓપરેશનને તબીબી ભાષામાં સમજાવતા ડો. રાઠોડએ કહ્યું હતું કે, આ ગરદન પરની ગાંઠનું નિદાન Malignant Peripheral Nerve Sheath Tumor તરીકે થયું હતું. સરળ ભાષામાં તેને ચેતાતંતુમાં થતુ સારકોમા( કેન્સરનો એક પ્રકાર) તરીકે ઓળખાવી શકાય.

ગુજરાત કૅન્સર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના વડા ડૉ. શશાંક પંડ્યા તેમની તબીબી ટીમની કામગીરીને બિરદાવતા કહે છે કે, પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજના( PMJAY) હેઠળ ગરીબ દર્દીની સફળતાપૂર્વક સર્જરી કરી ડો. પ્રિયાંક અને તેમની ટીમે સંસ્થાને ગૌરવ અપાવ્યું છે. ડો. પંડ્યા આ ઓપરેશન અંગે સંતોષનો ભાવ વ્યક્ત કરતા કહ્યું હતું કે, પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજના હેઠળ કૅન્સરથી પીડાતા અનેક ગરીબ દર્દીઓના વિના મૂલ્યે ઓપરેશન થાય ત્યારે તે મનને સંતોષ આપે છે.

આમ, સોનલબહેની સર્જરી થકી ગુજરાત કૅન્સર રીસર્ચ ઈન્સ્ટીટ્યૂટના તબીબોએ પુરવાર કર્યું છે કે, આજે પણ લાખો ગરીબ દર્દીઓ માટે સરકારી હોસ્પિટલ જ આશાનું છેલ્લું કિરણ બની રહે છે.

# ‘માન્યતા’ નહીં ‘માનવતા’ મહેકે છે...

✎ હિમાંશુ ઉપાધ્યાય




‘અંગદાન, મહાદાન....’ થોડાક સમય પહેલાં માત્ર પુસ્તકમાં કે વાતોમાં શોભતું આ સૂત્ર આજે સાચા અર્થમાં ચરિતાર્થ થયું છે. કદાચ કલ્પી પણ ન શકાય તે રીતે સિવિલ હૉસ્પિટલમાં અત્યાર સુધીમાં 58 અંગદાન થયાં હતાં. 58મા અંગદાનના કિસ્સામાં ‘માન્યતા કરતાં માનવતા’ ચઢિયાતી બની છે. માર્ગ અકસ્માતમાં કચ્છના ૨૫ વર્ષીય મુસ્લિમ યુવકને અમદાવાદ સિવિલ હૉસ્પિટલમાં બ્રેઈન ડેડ જાહેર કરાયો હતો. કેટલાક સમાજ-ધર્મ-વર્ગમાં અંગદાનને અલગ માન્યતા છે, પરંતુ આ કિસ્સામાં સિવિલ હૉસ્પિટલની SOTTOની ટીમની સમજાવટથી મુસ્લિમ પરિવારે માન્યતાને નહીં ‘માનવતા’ને મહત્ત્વ આપ્યું. રમઝાનના પવિત્ર માસમાં મુસ્લિમ સમાજના યુવકના પરિવારજનોએ અંગદાનનો પાક નિર્ણય કરીને પરવરદિગારને ઈબાદત સમર્પિત કરી છે.

મુસ્લિમ યુવકના બ્રેઈનડેડ શરીરને રિટ્રાઈવલમાં લઈ જતા પહેલાં હંમેશાંની જેમ જ્યારે સિવિલ હૉસ્પિટલની ટીમ દ્વારા પ્રાર્થના કરવામાં આવી ત્યારે રમઝાનના મહિનામાં પોતાના સ્વજનના આત્માની શાંતિ માટે એક બાજુ મુસ્લિમ પરિવારજનો કલમા પઢી રહ્યા હતા, જ્યારે અન્ય બાજુએ સિવિલ હૉસ્પિટલની ટીમ દ્વારા ઈશ્વરને પ્રાર્થના કરતાં સર્વ ધર્મ સમભાવનાં દૃશ્યો સર્જાયાં હતાં.

સિવિલ હૉસ્પિટલમાં થયેલાં છેલ્લાં ચાર અંગદાનમાં બકુલભાઈ વાઘેલાને રોડ અકસ્માત, લાડુબહેન માછીને બ્રેઈન હેમરેજ, જે મુસ્લિમ બ્રેઈન ડેડ યુવકના પરિવારજનોએ અંગદાન કર્યું તેને માર્ગ અકસ્માત અને લલિતાબહેન સાધુને બ્રેઈન હેમરેજ થતાં સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યાં હતાં. આ તમામ બ્રેઈનડેડ વ્યક્તિઓના પરિવારજનોને જ્યારે સિવિલ હોસ્પિટલની SOTTOની ટીમ દ્વારા અંગદાન માટે સમજાવતાં પરિવારજનોએ અંગદાનની સંમતિ દર્શાવી હતી.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેડન્ટ ડો. રાકેશ જોશી દ્વારા સિવિલ હૉસ્પિટલની SOTTO (State Organ And Tissue Transplant Organisation) ટીમને મળતાં સતત માર્ગદર્શન અને પ્રોત્સાહન સાથે સમાજ અને સેવાભાવી સંસ્થાઓના પ્રયાસોથી અંગદાન ક્ષેત્રે સફળ પરિણામો મળી રહ્યાં છે તથા હૉસ્પિટલમાં આ અંગે જરૂરી માળખાકીય સુવિધા ઊભી કરી તેમજ વધુમાં વધુ લોકોમાં પ્રવર્તેલી જાગરૂકતાના ફળસ્વરૂપે ૬ મહિનાના ટૂંકા ગાળામાં સિવિલ હોસ્પિટલે ૫૦ અંગદાનની રેકૉર્ડ કામગીરી કરી કેટલાય લોકોના જીવનમાં ઉજાસ પાથરવાનું ભગીરથ કામ થયું છે. સો સો સાલામ છે આવા કર્મવીરોને.

નોંધપાત્ર વાત એ છે કે માત્ર અમદાવાદ જ નહીં, અન્ય જિલ્લાઓમાંથી પણ અંગદાન કરવા અંગે જાગૃતિ આવી છે. ‘અંગદાનથી જીવનદાન’ના સૂત્રને સાર્થક કરતાં વલસાડના ઉમરગામના વર્મા પરિવારે પોતાના યુવાન વયના બ્રેઈન ડેડ સ્વજન યશ વર્માનાં કિડની અને લિવરનું અંગદાન કરી ત્રણ વ્યક્તિઓને નવજીવન આપ્યું છે. કિડની અને લિવર સમયસર અમદાવાદ પહોંચાડવા માટે વાપીની હરિયા એલ. જી. રોટરી હૉસ્પિટલથી અમદાવાદની IKDRC સુધીના ૩૬૨ કિ.મિ.ના માર્ગને ગ્રીન કૉરિડોર બનાવવામાં આવ્યો હતો. ●

## ૨૫ દિવસમાં કુલ ૧૧ વ્યક્તિઓનાં અંગદાન

**અમદાવાદ સિવિલ હૉસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટ ડો. રાકેશ જોશી કહે છે કે, કોઈ પણ સરકારી કે પ્રાઈવેટ હૉસ્પિટલમાં છેલ્લા ૨૫ દિવસમાં કુલ ૧૧ વ્યક્તિઓનાં અંગદાન કરવામાં આવ્યાં હોય તેવી પ્રથમ ઘટના છે. છેલ્લા માત્ર ૩૬ કલાકના સમયમાં ત્રણ વ્યક્તિઓનાં અંગદાન કરવામાં આવ્યાં. છેલ્લા એક મહિનામાં ૧૧ અંગદાન થકી કુલ ૧૯ કિડની, કુલ ૧૦ લિવર, ૧ સ્વાદુપિંડ, ૨ હૃદય તેમજ ૪ ફેફસાં મળી કુલ ૩૬ અંગોનું દાન મળ્યું. અત્યાર સુધીમાં સિવિલ હૉસ્પિટલ દ્વારા કુલ ૫૮ વ્યક્તિઓનાં અંગદાન થકી ૨૨૧ અંગોનું દાન મેળવવામાં આવ્યું જે થકી ૧૫૯ વ્યક્તિઓને નવું જીવન મળ્યું છે....’**

# આદિવાસી અબળાને "સબળા" બનાવનાર પદ્મશ્રી રમીલાબહેન

વૈશાલી પરમાર



નવભારતના નિર્માણમાં ગુજરાત અને ગુજરાતીઓની અગ્રિમ ભૂમિકા રહી છે. તેમાં સામર્થ્યવાન મહિલાઓએ પણ પોતાનો "સિંહફાળો" નોંધાવ્યો છે. દેશના સર્વોચ્ચ એવોર્ડમાંથી એક એવા પદ્મશ્રી એવોર્ડ માટે સૌપ્રથમ નામાંકિત થઇ ગુજરાતના તાપી જિલ્લાને રાષ્ટ્રીય સ્તરે એક આગવી ઓળખ અપાવનાર સેવાભાવી મહિલા- રમીલાબહેન રાયસિંગભાઇ ગામીત પણ સંઘર્ષ સામે જ્વલંત જીત મેળનાર નારી છે. તેમની સાફલ્યગાથા સાંભળીને સાચે જ થાય કે નારી અબળા નહીં "સબળા" છે.

તાપીના સોનગઢ તાલુકાના ટાપરવાડા ગામે રહેતા રમીલાબહેન સામાજિક ક્ષેત્રના મહત્ત્વપૂર્ણ યોગદાન માટે પદ્મશ્રી એવોર્ડ માટે પસંદગી પામ્યા છે. રમીલાબહેને વર્ષ-૨૦૧૪થી સમાજિક પ્રવૃતિઓના ભાગરૂપે ગામના સખીમંડળ "નેહા સખી મંડળ"ના પ્રમુખ તરીકે કામગીરી શરૂ કરી.

કડીયા કામની તાલીમ લઇ અને આસપાસના ગામોની ૪૦૦થી વધુ બહેનોને કડીયા કામની તાલીમ અપાવી છે. બહેનોને બ્યુટી પાર્લર, સિવણ ક્લાસ જેવા કામોમાં જોડી અનેક મહિલાઓ માટે આર્થિક સ્વાવલંબનનું વાતાવરણ ઊભું કરી રહ્યા છે. મહિલાઓ પગભર થવા સાથે પરિવારની દશા અને દિશા બદલી સુખ-સમૃદ્ધિ લાવવાનું કારણ બની. સખી મંડળે સોનગઢમાં સેનીટેશન માર્ટ શરૂ કરી નવ ગામોમાં શૌચાલયોનું બાંધકામ સફળતાપૂર્વક કર્યું. જેની નોંધ રાજ્યકક્ષાએ લેવાઇ. આ ઝૂંબેશના પ્રણેતા રમીલાબહેનને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે વર્ષ ૨૦૧૭માં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે "મહિલા ચેમ્પીયન એવોર્ડ" પણ એનાયત થયો હતો.

જિલ્લાના વિવિધ સરકારી વિભાગોના સહયોગથી સાચા લાભાર્થીઓને ઓળખી તેમને સહાય પહોંચતી કરવામાં તેમણે મહત્ત્વની ભૂમિકા નિભાવી છે. આ ઉપરાંત તેઓએ નશાબંધી વન સુરક્ષાનું પણ અભિયાન ચલાવ્યું. તેમણે કરેલી નેત્રદિપક કામગીરીમાં કોરોના કાળમાં તાપીથી સાપુતારાના અંતરિયાળ ગામોના આદિવાસી પરિવારોને વિવિધ સેવાભાવી સંસ્થાઓના સહકારથી નિ:શુલ્ક અનાજ વિતરણનો સમાવેશ થાય છે. દેશના ગૌરવવંતા એવોર્ડ માટે નામાંકિત થયા બાદ રમીલાબહેને ટાપરવાડા ગામમાં ઘન કચરા વ્યવસ્થાપન અંગેના પ્રોજેક્ટ અમલીકરણ માટેની કામગીરી હાથ ધરી છે.

આ અગાઉ રમીલાબહેનને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે "મહિલા ચેમ્પીયન એવોર્ડ" ઉપરાંત ૧૮૧ મહિલા હેલ્પલાઈન દ્વારા "નારી તું નારાયણી એવોર્ડ" સહિત વિવિધ ૩૦થી વધુ સન્માન પત્રો એનાયત કરવામાં આવ્યા છે. રમીલાબહેન ગામીત જેવા અનેક મહિલાઓ ગુજરાત રાજ્યની આગવી ઓળખ બની અન્ય માટે પ્રેરણાત્મક મિશાલ બન્યાં છે. ●

## કોઇની મદદ માટે પૈસાની નહી પરંતુ પ્રેરણાની જરૂર

**રમીલાબેન સાથે જિલ્લા માહિતી કચેરી તાપીની ટીમ સાથે થયેલી ચર્ચામાં તેઓએ જણાવ્યું હતું કે, વિવિધ યોજનાઓને ગ્રામ્ય કક્ષાએ પહોચાડવા દરેક નાગરિક પોતાની વ્યક્તિગત જવાબદારી સમજી સક્રિય ભાગીદારી નોંધાવે એ જરૂરી છે. તેમણે જયારે સમાજ સેવાની શરૂઆત કરી હતી ત્યારે મહિલાઓને મદદરૂપ થવા કામગીરી શરૂ કરી હતી. આ કામની કોઇ નોંધ લેવાશે કે અવોર્ડ મળશે એવો તો વિચાર પણ આવ્યો ન હતો. તેમણે વધુમાં ઉમેર્યું કે, પદ્મશ્રી માટે મારૂ નામ જાહેર થતા અનેક લોકોના એવા પણ ફોન આવ્યા કે તમે એવું તો શુ કામ કર્યું કે તમને આ એવોર્ડ મળ્યો? ત્યારે હું એ લોકોને કહેતી કે, સાચા દિલથી અન્યને મદદ કરશો તો કોઇને કોઇ ચોક્કસ તમારી નોંધ લેશે. કોઈની મદદ માટે પૈસાની નહી પરંતુ પ્રેરણાની જરૂર હોય છે. એક પ્રેરણા માણસના સમગ્ર અભિગમને ધરમૂળથી બદલી નાખે છે. જો મને મળેલા આ એવોર્ડથી કોઇ અન્યને સમાજ સેવા કરવા પ્રેરિત કરશે, તો મને એવોર્ડ મેળવવા કરતા પણ વધારે ખુશી થશે.**

## ગુજરાત ગૌરવ દિવસની તસવીરી ઝલક...



















**Published on Date 16-5-2022**. R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10/2021-23 Valid upto 31/12/2023, LPWP No. WPP PMG/NG/061/2021-23 Valid upto 31/12/2023 • Licensed to Post without Prepayment At Post : PSO/1 - Ahmedabad/Rajkot/Surat/Vadodara on every 3 to 11 and 18 to 26 E.M., Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.
**48 + 4 Cover = Total 52 Pages** • **Editor and Published by** Director of Information on behalf of Directorate of Information, Block No-19, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Sahitya Mudranalaya Pvt Ltd, City Mill Compound, Ahmedabad & Gujarat Offset Pvt Ltd, Vatva, Ahmedabad • If undeliverd pl. return to, Information Department, Sector no. 16, Gandhinagar Respectively.

**To,**

**ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**
માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦